# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 225 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 September 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





આનંદિત આયુષ્ય માટે અનિવાર્ય છે પર્યટન!

## અને પર્યટન માટેની બેસ્ટ સીઝન હાલમાં ચાલી રહી છે

ફેમિલીને લઈને તમે ક્યાં નીકળી રહ્યા છો?
આપણું અતુલ્ય ભારત અને અફલાતૂન દુનિયા તમારી રાહ જોઈ રહી છે!

## ચાલો, બેગ ભરો, નીકળી પડો! વીણા વર્લ્ડ સંગાથે

કાશ્મીર થી કન્યાકુમારી... ગુજરાત થી ગુવાહટી...
સાઉથ ઈસ્ટ એશિયા થી મિડલ ઈસ્ટ એશિયા...
જાપાન ઓટમ કલર્સ થી સ્કૅન્ડિક આઈસલેન્ડિક નોર્દર્ન લાઈટ્સ...
સાઉથ કોરિયા થી સાઉથ અમેરિકા...
આફ્રિકા થી ઓસ્ટ્રેલિયા... યુરોપ થી અમેરિકા...
આર્કટિક થી એન્ટાર્કટિક... યુ નેમ ઈટ, વી હૅવ ઈટ!

## અત્યારે જ બુકિંગ કરો

એરફેઅર્સ, રૂપિયાનું અવમૂલ્યન, હોટેલો અને મોંઘી લેન્ડ કોસ્ટ્સ કારણે ટૂર પ્રાઈસેસ વધી રહ્યા છે.

એડવાન્સ પ્લાનિંગ કરો, બેસ્ટ સીઝનનો પૂરેપૂરો લાભ લો, સાત ખંડો નો પ્રવાસ કરો અને વીણા વર્લ્ડ સાથે ઉજવણી કરો, જલસો પર્યટનનો! ઉત્સવ આનંદનો!

- ટુર પર ઉજવણી કરો કોજાગીરી પૂર્ણિમા
- દશેરા પેહલા દશેરા દરમિયાન અથવા દશેરા પછીની ટુર્સ પર ચાલો
- દિવાળી પેહલા દિવાળી દરમિયાન અથવા દિવાળી પછીની ટુર્સ પર ચાલો
- ક્રિસમસ પેહલા ક્રિસમસ દરમિયાન અથવા ક્રિસમસ પછીની ટુર્સ પર ચાલો
- તમારા ડ્રીમ ડેસ્ટિનેશન પર ન્યૂ ઈયર સેલિબ્રેટ કરો
- અમદાવાદ થી અમદાવાદ બેંગલુરુ થી બેંગલુરુ કોલકાતા થી કોલકાતા દિલ્હી થી દિલ્હી પુને થી પુને ટુર્સ પણ ઉપલબ્ધ
- એક્સક્લુઝિવ ટુર્સ ફક્ત તમારી ફેમિલી અને ફ્રેન્ડ્સના સેપરેટ ગ્રુપ માટે
- ફોરેનર્સ અને અનિવાસી ભારતીય (NRI) પર્યટકો માટે ખાસ ઈન્ડિયા ટુર્સ
- વિદેશ પ્રવાસ માટે ફોરેન એક્સચેન્જ વીણા વર્લ્ડ ફોરેક્સ પાસેથી લો
- નિર્ભયપણે વિશ્વ પ્રવાસ કરો! ટૂર પર મુંબઈ થી મુંબઈ તમારી સાથે છે વીણા વર્લ્ડ નો લોકપ્રિય ટૂર મેનેજર

વીણા વર્લ્ડ ની ઓલ ઈન્ક્લુઝિવ ગ્રુપ ટુર્સ, વુમન્સ સ્પેશિયલ, સિનિયર્સ સ્પેશિયલ, હનીમૂન ટુર્સ માંથી તમારી ટુર સિલેક્ટ કરો. સમગ્ર ભારતમાં અને સમગ્ર વિશ્વમાં વધુ ઘણી ટુર્સની માહિતી veenaworld.com પર ઉપલબ્ધ.

### એન્ટાર્કટિકા ઓસ્ટ્રેલિયા આફ્રિકા અમેરિકા

એન્ટાર્કટિકા ૬ 7th કોન્ટિનેંટ (13D) Dec 11 - 1275000
ઓસ્ટ્રેલિયા (7D/9D/14D) 215000 - 455000
ન્યૂઝીલેન્ડ (10D/14D) 335000 - 450000
ન્યૂઝીલેન્ડ એક્સપ્લોરર (20D) 575000
ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડ (17D) 555000 - 670000
અમેરિકા યુએસએ (13D/15D) 450000 - 565000
યુએસએ ઈસ્ટ કોસ્ટ (7D) 275000 - 290000
યુએસએ + યેલોસ્ટોન નેશનલ પાર્ક + માઉંટ રશમોર + કાળિયાર કેન્યોન (21D) 725000
કેલિફોર્નિયા કાર્નિવ્હલ યુએસએ (9D) Nov 16 - 350000
સાઉથ અમેરિકા (21D, Nov 17 - 1190000)
સાઉથ અમેરિકા+રિઓ કાર્નિવ્હલ (22D) Feb 26 - 1285000
બેસ્ટ ઓફ સાઉથ આફ્રિકા (9D) 210000 - 230000
બેસ્ટ ઓફ કેનિયા (7D) 220000
તાંઝાનિયા ઝાંઝીબાર (10D) Dec 3 - 360000
દુબઈ અબુ ધાબી (5D/7D) 102000 - 140000
દુબઈ અબુ ધાબી ઓમાન (9D) 190000 - 195000
કતાર/ઓમાન (5D/7D) 125000 – 135000
બેસ્ટ ઓફ સાઉદી અરેબિયા (7D)Oct 19-185000
નેપાળ/શ્રીલંકા (8D/7D) 71000-100000
ભૂતાન (12D) 85000 - 105000

વીણા વર્લ્ડ ગિફ્ટ કાર્ડ્સ પણ ઉપલબ્ધ

### સાઉથ ઈસ્ટ અને ફાર ઈસ્ટ એશિયા

સિંગાપોર થાઈલેન્ડ મલેશિયા (10D) 160000-175000
સિંગાપોર મલેશિયા વિથ ક્રુઝ (Oct 31) 179000
સિંગાપોર મલેશિયા (7D/બાલી 10D) 135000 - 195000
સિંગાપોર બાલી (8D) 165000 - 175000
વિયેટનામ બાલી (12D) 185000 - 195000
વિયેટનામ કંબોડિયા (10D) 175000 - 185000
વિયેટનામ મલેશિયા (11D) 165000
વિયેટનામ (5D/7D/13D) 90000 - 230000
બેસ્ટ ઓફ બાલી (7D) 125000 – 135000
બેસ્ટ ઓફ સિંગાપોર (4D) 105000 – 115000
બેસ્ટ ઓફ મલેશિયા (9D) 125000
થાઈલેન્ડ (4D/6D/15D) 50000 - 160000
બેંગકોક પટ્ટાયા ફુકેત ક્રાબી (8D) 125000 - 130000
ચિયાંગ માઇ ચિયાંગ રાય ફૂકેટ ક્રાબી (9D) 150000
ફિલિપાઇન્સ મનિલા સેબુ (8D) 195000
હોંગકોંગ મકાઉ શેંઝેન (7D/તૈવાન 11D)155000-235000
જાપાન (7D/11D) 220000 - 365000
જાપાન વિથ યુઝાવા એન્ડ હાકોને (9D) 285000
જાપાન કોરિયા (9D/11D તૈવાન) 215000 - 290000
કોરિયા તૈવાન (7D/11D) 215000 - 290000
સાઉથ કોરિયા (8D) 240000

### યુરોપ - વેસ્ટર્ન, ઈસ્ટર્ન, નોર્ધર્ન, બાલ્ટિક, મેડિટરેનિયન

યુરોપિયન પનોરમા (8D) Nov 22 - 205000
યુરોપિયન હાઈલાઈટ્સ (11D) Nov 11 - 285000
યુરોપિયન જ્વેલ્સ (15D) Oct 25 - 355000
સ્વિસ પેરિસ લંડન (11D) Nov 6 - 305000
સ્વિસ પેરિસ ઈટાલી (11D) Nov 20 - 280000
સ્વિસ પેરિસ ઓસ્ટ્રિયા (11D) Nov 12 - 280000
આઈસલેંડ નોર્ધર્ન લાઈટ્સ (10D) Nov 8 - 475000
આઈસલેંડ સ્કેન્ડિનેવિયા નોર્ધર્ન લાઈટ્સ (14D/15D વિથ આઈસબ્રેકર ક્રુઝ) 495000 – 545000
ઓલ ઓફ ઈસ્ટર્ન યુરોપ (15D) Oct 25 - 305000
બેસ્ટ ઓફ સ્પેન (10D) Nov 9 – 230000
સ્પેન પોર્ટુગલ મોરોક્કો (16D) Nov 5 - 340000
હાઈલાઈટ્સ ઓફ ગ્રીસ (8D) Nov 24 - 225000
બેસ્ટ ઓફ ટર્કી (10D) Oct 14, Nov 8 – 220000
ઓલ ઓફ ટર્કી (14D) Oct 28 - 250000
બેસ્ટ ઓફ ઈજિપ્ત (9D) Nov 19, 26 - 190000
વિએના પ્રાગ બુડાપેસ્ટ બર્લિન વિથ ક્રિસમસ માર્કેટ (9D) Nov 30 – 240000
બેસ્ટ ઓફ બાકૂ અઝરબાયજાન (7D) Oct 25 - 125000
જ્યોર્જિયા આર્મેનિયા અઝરબાયજાન(10D)Nov 26–190000
ઉઝબેકિસ્તાન કઝાકસ્તાન કિરગિઝસ્તાન (9D)Nov 17–177000

### ગ્રુપ ટુર્સ – ઈંડિયા

કાશ્મીર (5D/6D/7D/8D/11D) 53000 - 90000
શિમલા મનાલી (Mum-Del-Mum) (6D) 30K-40K
શિમલા મનાલી (Mum-Chandigarh-Mum)(8D)47K-55K
ડલહાઉઝી ધરમશાલા અમૃતસર (8D) 47000-55000
નૈનિતાલ મસુરી હરિદ્વાર (6D/9D કોર્બેટ પાર્ક) 40K-60K
આસામ મેઘાલય (7D/12D અરુણાચલ) 80000-105000
ઓલ ઓફ મેઘાલય (8D) 76000 – 85000
સિક્કિમ દાર્જિલિંગ ગેંગટોક (7D પેલિંગ) 62000 - 77000
રાજસ્થાન (6D/8D/9D/15D) 30000 - 75000
ગુજરાત (5D/7D/10D/15D) 30000 - 90000
મહારાષ્ટ્ર-કોલ્હાપુર/ઔરંગાબાદ/નાસિક (9D/8D/8D)40K-45K
મધ્યપ્રદેશ (5D/9D/13D/17D) 35000 - 105000
વારાણસી આયોધ્યા લખનૌ (8D) 57000 - 65000
ભુવનેશ્વર પુરી કોણાર્ક ચિલિકા (6D) 50000 - 60000
કર્નાટક કુર્ગ/દાંડેલી (6D/8D) 50000 - 70000
કલ્ચરલ તામિલનાડુ (12D) 79000 - 85000
પોંડિચેરી મહાબલીપૂરમ (5D) 44000 – 52000
વિઝાગ ડિંડી અરાકુ ખીણ બોરા કેવ્હઝ (7D) 49K - 55K
હૈદરાબાદ રામોજી સિટી (5D) 44000 - 50000
કેરળ (6D/8D/10D/15D) 30000 - 90000
આંદામાન (7D) 70000 - 80000

### વીણા વર્લ્ડ સ્પેશૅલિટી ટુર્સ

વુમન્સ સ્પેશિયલ જાપાન (7D) Nov 19 – 225000
વુમન્સ સ્પેશિયલ વિયેટનામ (8D) Nov 22 - 127000
વુમન્સ સ્પેશિયલ થાઈલેન્ડ (6D) Nov 17 – 79000
વુમન્સ સ્પેશિયલ દુબઈ અબુ ધાબી (7D)Nov 23–140000
વુમન્સ સ્પેશિયલ વારાણસી આયોધ્યા લખનૌ (8D) Nov 18 – 62000
વુમન્સ સ્પેશિયલ સિક્કિમ દાર્જિલિંગ ગેંગટોક (7D) Dec 7 - 65000
વુમન્સ સ્પેશિયલ ભુવનેશ્વર પુરી કોણાર્ક ચિલિકા (6D) Nov 12 – 58000
વુમન્સ સ્પેશિયલ કેરળ (8D) Oct 14 – 50000
સિનિયર્સ સ્પેશિયલ વિયેટનામ કંબોડિયા(10D)Nov 29-179000
સિનિયર્સ સ્પેશિયલ નેપાળ (8D) Oct 18 - 75000
સિનિયર્સ સ્પેશિયલ ભૂતાન (9D) Oct 18 - 83000
સિનિયર્સ સ્પેશિયલ કાશ્મીર (8D) Nov 16 - 70000
સિનિયર્સ સ્પેશિયલ રાજસ્થાન મારવાડ (8D)Nov 23-52K
સિનિયર્સ સ્પેશિયલ રણ ઉત્સવ ગુજરાત (5D)Nov 25–42K
સિનિયર્સ સ્પેશિયલ આંદામાન (7D) Dec 7 - 75000
હનીમૂન સ્પેશિયલ બેંગકોક પટ્ટાયા ફુકેત ક્રાબી (8D) 116000 – 122000
હનીમૂન સ્પેશિયલ શિમલા મનાલી (6D) 30000–35000

**Travel Now Pay Later!**
EMI options available (3 months to 24 months) subject to EMI partner approval. T&C apply

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં જવા-આવવાનો વિમાનપ્રવાસ, ટ્રાન્સપોર્ટ, હોટેલમાં મુકામ, બ્રેકફાસ્ટ-લંચ-ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ટ્રાવેલ ટિપ્સ, ટ્રાવેલ ઈન્શ્યુરન્સ*, ટુર મેનેજર સર્વિસીસ, વિઝા ફી (ફ્રી વિઝા દેશ ઉપરાંત), વગેરે બાબતોનો સમાવેશ છે. યુએસ ટુર્સ યુએસ વિઝા* ધારકો માટે જ.

veenaworld.com
Call: 1800 22 7979

Scan for your nearest Veena World Sales Office

Monday-Saturday 10 to 7
travel@veenaworld.com

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં નવરાત્રી પહેલા મેઘાના મંડાણ થશે

## ૨૫ અને ૨૬મી સપ્ટેમ્બરે ભારે વરસાદનો વર્તારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં બે અઠવાડિયાથી વિદાય લેનારાં મેઘરાજા હવે ફરીથી ૨૫મીથી બે દિવસ બઘડાટી બોલાવશે. આ ઉપરાંત આગીમી સાત દિવસ છુટોછવાયો વરસાદ પણ વરસશે, એવા વાર્તારો હવામાન વિભાગે કર્યો છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં યેલો એલર્ટ સાથે વરસાદની આગાહી કરવામા આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજયમાં ફરીથી વરસાદ થવાની શકયતાઓ છે, દક્ષિણ ગુજરાતમાં વરસાદ થવાની શકયતાઓ છે. ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે નવસારી, વલસાડ, દમણ,દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શકયતાઓ છે.સાથે સાથે ૨૩ સપ્ટેમ્બરે બંગાળની ખાડીમાં સાયકલોનિક સર્ક્યુલેશન બનશે જેના કારણે ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં જુલાઈ અને ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં સારો વરસાદ થયો છે.અત્યાર સુધી ગુજરાતમાં ૪૩ ટકા વધુ વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં હાલ તમામ ડેમો અને સરોવરોમાં સારા પાણીની આવક નોંધાઈ છે.હવે વરસાદ સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં વિદાય લે શે તેવી સંભાવનાઓ હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી હતી. ■

# ગુજરાતમાં ૬ વર્ષમાં અકસ્માતથી ૪૪,૪૮૦ લોકોનાં મોતઃ રાજ્યમાં ડેથ રેશિયો ૫૦ ટકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટમાં રાજ્ય સરકારે આપેલા આંકડા મુજબ રાજ્યમાં છેલ્લાં છ વર્ષમાં એટલે કે ૨૦૧૮થી ૨૦૨૩ સુધીમાં કુલ ૯૬,૪૯૯ અકસ્માતો બન્યા હતા. જેમાં ૪૪,૪૮૦ જેટલા લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ચાલુ વર્ષે એટલે કે જાન્યુઆરી ૨૦૨૪થી ઓગસ્ટ ૨૦૨૪ના મહિના સુધીમાં રાજ્યમાં ૨૧,૧૯૩ જેટલાં વાહનોના અકસ્માતો બન્યા છે. જેમાં ૧૦,૨૬૦ લોકોનાં મોત થયાં હતાં. આમ રાજ્યમાં ડેથ રેશિયો ૫૦ ટકા જેટલો ઊંચો છે. ચાલુ વર્ષે જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં રાજ્યમાં હેલ્મેટ વગરના ૧.૫૫ લાખ, સીટ બેલ્ટ વગરના ૭૩ હજાર, ઓવર સ્પીડના ૫૧ હજાર, સિગ્નલ ભંગના ૧.૩૭ લાખ, દારૂ પીને વાહન ચલાવવાના ૪,૩૫૧ કેસ અને વાહન ચલાવતી વખતે મોબાઈલના ઉપયોગના ૪૭ હજાર કેસ નોંધાયા હતા.

રાજ્ય સરકારે આપેલા આંકડા મુજબ રાજ્યમાં ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૨.૫૦ કરોડ જેટલાં રજિસ્ટર્ડ વાહનો છે. જેમાં દર વર્ષે ૧૫ ટકાનો ગ્રોથ થઈ રહ્યો છે. રાજ્યમાં ૧.૧૮ કરોડ જેટલા ડ્રાઇવિંગ લાઇસન્સ ઇશ્યૂ થયા છે. જેમાં દર વર્ષે ૭થી ૮ ટકાનો વધારો થઇ રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં મોટર વેહિકલ ટેક્સથી ૯૬૩ કરોડની આવક થઈ છે.

આઈટીઆઈ અને પોલિટેકનિક લર્નિંગ લાઇસન્સ આપી શકે છે. ડ્રાઇવિંગ ટેસ્ટ આરટીઓ દ્વારા લેવામાં આવે છે. લાઇસન્સ મેળવવા સારથી પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહે છે. જેમાં ઓનલાઈન ફી ભરીને આરટીઓની એપોઇન્ટમેન્ટ મેળવવાની રહે છે. સારથી પોર્ટલનું નિર્માણ નેશનલ ઇન્ફોર્મેશન સેન્ટર દ્વારા કરવામાં આવ્યું છે.

લાઇસન્સ સંબંધિત કેટલીક સેવાઓ જેમ કે, ડુપ્લિકેટ લાઇસન્સ, લાઇસન્સ રીન્યૂઅલ, લાઇસન્સમાં નામ અને એડ્રેસ સહિતના સુધારા, ઇન્ટરનેશનલ પરમિટ, પહાડી વિસ્તાર માટેનું ડ્રાઇવિંગ લાઇસન્સ વગેરે સેવા, વિદેશથી આવતા લોકોને આપવાનું ડ્રાઇવિંગ લાઇસન્સ વગેરે માટે ઓનલાઈન અરજી કરી શકાય છે. એનઆઈસી દ્વારા આ માટે એમપરિવહન કરીને એન્ડ્રોઇડ અને આઈઓએસ માટે મોબાઈલ એપ બનાવવામાં આવી છે. જે સ્થાનિક ભાષામાં પણ ઉપલબ્ધ છે. આ એપમાં ઓટો કોમ્પ્રેસર ટેકનોલોજી છે. જેની મદદથી ડોક્યુમેન્ટની સોફ્ટ કોપી પણ અપલોડ કરી શકાય છે. રાજ્યમાં ૩૯ ઓટોમેટેડ વેહિકલ ટેસ્ટિંગ સેન્ટર પર ૫ રજિસ્ટર્ડ વેહિકલ સ્કેરપિંગની જગ્યાઓ છે. જૂનું વેહિકલ સ્ક્રેપ કરાવતા નવા વેહિકલ પર ટેક્સ બેનિફિટ આપવામાં આવે છે. ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર બનાવવામાં આવશે. જે આરટીઓ ઓફિસ અને એમપરિવહન સેવા પોર્ટલને કનેક્ટ કરશે.

તેના દ્વારા ફિલ્ડ ઓફિસરો પર મોનિટરિંગ રાખવામાં આવશે. સૌ પ્રથમ ૧૦ મોટી ફિલ્ડ ઓફિસમાં કેમેરા લગાવવામાં આવશે. એમપરિવહન સેવા પરથી દરરોજ ડેટા ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટરમાં જશે. ■

# અમદાવાદમાં ક્ષત્રિયોનું એકતા સંમેલન યોજાયુંઃ ભાવનગરના મહારાજાની પ્રમુખ તરીકે વરણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ગોતા ખાતે સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ કાર્યક્રમ યોજાયો હતો. સમસ્ત ક્ષત્રિય સમાજને એક કરવાના ઉદ્દેશથી ૨૦ સપ્ટેમ્બરને શુક્રવારના રોજ ગોતામાં આવેલા રાજપૂત ભવન ખાતે યોજાયેલા ક્ષત્રિયોના ભવ્ય સંમેલનમાં ઉપસ્થિત રહેવા આવેલા ભાવનગરના મહારાજા વિજયરાજસિંહ ગોહિલનું ઢોલ-નગારાંના તાલ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ગુજરાતભરમાંથી ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ઊમટયા હતા. આ સંમેલનમાં સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચની જાહેરાત થઈ હતી, જેમાં પ્રમુખ તરીકે ભાવનગરના મહારાજા વિજયરાજસિંહજી ગોહિલનું વિજયમુહૂર્ત ૧૨.૩૯ વાગ્યે તિલક કરી તાજપોશી કરવામાં આવી હતી. સમસ્ત ક્ષત્રિય અસ્મિતા મંચના પ્રમુખ તરીકે મહારાજા વિજયરાજસિંહ ગોહિલની જાહેરાત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજના મહાનુભાવોની હાજરી જોવા મળી હતી. જો કે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પદ્મિનીબા વાળાએ સ્ટેજ ઉપર સ્થાન ન મળતા હોબાળો કર્યો હતો. પદ્મિનીબાએ કહ્યું, કેમ અમારું સન્માન જાળવવામાં આવતું નથી. સ્ટેજ ઉપર જ્યારે ક્ષત્રિય મહિલાઓ દ્વારા ફોટો સેશન કરવામાં આવી રહ્યું હતું ત્યારે અચાનક જ પદ્મિનીબા વાળા દ્વારા હોબાળો કરી આંદોલન વખતે પણ અન્યાય કરવામાં આવ્યો હોવાની વાત કહી અને વિવાદ ઊભો કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ભાવનગરના મહારાજા વિજયરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આજે મોટી જવાબદારી આપી છે. મારી સરખામણી કૃષ્ણકુમારસિંહજી સાથે કરવી યોગ્ય નથી. આ મંચ પોલિટિકલ કે વાદવિવાદ માટે નથી. સમસ્ત ગુજરાતના ક્ષત્રિય એક થાય તેના માટે આ મંચ છે.

સમાજના દીકરા દીકરીઓને સારું શિક્ષણ, વેપાર અને વ્યવસાયમાં આગળ વધે તેવા પ્રયત્નો કરવાના છે. આગળ જતા બીજા કૃષ્ણકુમારસિંહજી અને બીજા ભગવતસિંહજી પણ પેદા થઈ શકે. સૌને અભિનંદન આપું છું.

અત્રે ઉલ્લેખનીય છે કે સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચમાં ઉપસ્થિત રહેવા માટે ક્ષત્રિય સમાજના રાજકીય આગેવાનોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જો કે, ભાજપ અને કૉંગ્રેસના એક પણ નેતા આ કાર્યક્રમમાં હાજર રહ્યા નહોતા. ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય સમાજના નેતાઓ ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા, પ્રદિપસિંહ જાડેજા, આઈ.કે. જાડેજા તેમ જ કૉંગ્રેસના આગેવાન એવા શક્તિસિંહ ગોહિલ તેમજ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ પણ હાજર રહ્યા નહોતા.

રાજપૂત સંકલન સમિતિના નેતાઓ રમજુભા જાડેજા, પી.ટી. જાડેજા, કરણસિંહ ચાવડા સહિતના સંકલન સમિતિના સભ્યો કાર્યક્રમમાં હાજર રહ્યા નહોતા. માત્ર તૃપ્તિબા રાઓલ, સુખદેવસિંહ વાઘેલા અને અશ્વિનસિંહ સરવૈયા જ હાજર રહ્યા હતા. રાજકોટના કૉંગ્રેસના નેતા, કરણીસેનાનાં મહિલા આગેવાન તેમ જ રવીન્દ્રસિંહ જાડેજાનાં બહેન નયનાબા જાડેજા, આઈપીએસ મયંકસિંહ ચાવડા પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ■

# ધરોઈ ડેમ ૮૧ ટકા ભરાયોઃ ખેડૂતોમાં ખુશી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃમહેસાણાની જીવાદોરી સમાન ધરોઈ ડેમ ૮૧ ટકા ભરાઈ જતા ખેડૂતોમાં અને સ્થાનિકોમાં ખુશીનો માહોલ થયો છે. જોકે હજુ પણ ધરોઈ ડેમમાં પાણીની આવક યથાવત રહી છે. હાલ ડેમમાં પાણીની આવક ૯૨૬ કયૂસેક નોંધાઈ હતી તેમજ ડેમની કુલ જળસપાટી ૬૨૨ ફૂટે પહોંચી છે. ધરોઈ ડેમ સારી માત્રામાં ભરાઈ ગયો છે. ધરોઈ ડેમમાં એક વર્ષ સુધી પીવાનું પાણી ચાલે એટલો જથ્થો હાલ સંગ્રહ થયો છે. આગામી સમયમાં ઉત્તર ગુજરાતના ગામડાઓ તેમ જ ખેડૂતોને પાણીની તકલીફ નહી પડે, સાથે સાથે ઉત્તર ગુજરાતમાં ઓછો વરસાદ થતા ખેડૂતો પણ ચિંતામાં મૂકાયા હતા, પરંતુ ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ડેમ ભરાઈ ગયો છે, ત્યારે જરૂર મુજબ આગામી સમયમાં પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવશે.

ધરોઈ ડેમ સતલાસણામાં આવેલો છે અને તે ઉત્તર ગુજરાતનો સૌથી મોટો ડેમ છે. ચોમસાની શરૂઆત બાદ પણ ધરોઇ ડેમમાં જોઇએ તેટલા પ્રમાણમાં પાણી ન ભરાતા લોકો ચિંતામાં મૂકાયાં હતા પરંતુ છેલ્લે ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે હજુ પણ પાણીનો આવરો ચાલુ રહ્યો છે. ■

# અમદાવાદ મનપા સોનાની લગડી જેવા ૧૩ પ્લોટ વેચી ૧,૧૫૬ કરોડની આવક ઊભી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મ્યુનિસિપલ કોર્પોરેશને ફરી એક વખત ફરી એકવાર પ્લોટ વેચાણ કરવાનો નિર્ણય લીધો છે. શહેરનાં એસજી હાઇવે પર સિંધુભવન રોડ, મોટેરા, થલતેજ, શીલજ, વસ્ત્રાલ અને નિકોલ સહિતના વિસ્તારોમાં આવેલા રેસિડેન્સિયલ અને કોમર્શિયલ હેતુ માટેના કુલ ૧૩ પ્લોટ વેચી ૧૧૫૬ કરોડની આસપાસની આવક મનપા દ્વારા ઊભી કરવામાં આવશે. આગામી મહિને પ્લોટની ઓનલાઈન જાહેર હરાજી કરાશે.

આ તમામ પ્લોટમાં સૌથી મોંઘો એસજી હાઇવે પર સિંધુભવન પાસે મેંગો હોટલની પાછળ આવેલો પ્લોટ છે. પ્લોટના બે ભાગ કરવામાં આવ્યા છે. સિંધુ ભવન રોડ ઉપર પ્રતિ ચોરસ મીટર જમીનનો ભાવ ૨.૫૨ લાખ રૂપિયા છે, જે મુજબ બંને પ્લોટની કુલ કિંમત રૂપિયા ૩૩૩ કરોડ છે. આ તમામ પ્લોટ બે વખત ઓનલાઈન વેચાણ માટે મૂકવામાં આવ્યો છે, પરંતુ કોઈ બિલ્ડર કે કંપની દ્વારા પ્લોટ લેવામાં આવ્યો નથી. અમદાવાદમાં સૌથી મોટો પ્લોટ ચાંદખેડા વિસ્તારમાં ૫૦૦ કરોડથી વધુનો વેચાયો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા બે મહિનામાં ૨૨ જેટલા પ્લોટ વેચાણ માટે મૂકવામાં આવ્યા છે, જેમાં ૧૦ જેટલા પ્લોટનું વેચાણ થયું હતું. ૧૨ પ્લોટનું વેચાણ થયું ન હતું, જેના પગલે ફરીથી પ્લોટો વેચાણ માટે મૂકવામાં આવ્યા છે. જાહેર હરાજી માટે જાહેરાત બહાર પાડવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ પર ૨૧ સપ્ટેમ્બર સુધી રજિસ્ટ્રેશન અને બીડ ભરી શકાશે. ૨૭ સપ્ટેમ્બર બીડ સીલ કરવાની છેલ્લી તારીખ છે.

મનપા દ્વારા મોટેરામાં બે, બોડકદેવમાં ત્રણ, નિકોલમાં બે, થલતેજ, વટવા, શીલજ, વસ્ત્રાલ, મકરબા અને ચાંદખેડા એક એમ કુલ ૧૩ પ્લોટનાં વેચાણ માટે તળીયાનાં ભાવ નક્કી કરાયા છે.

૧૩માંથી ૭ પ્લોટ રેસીડેન્સિયલ હેતુ અને બાકીના છ પ્લોટ કોમર્શિયલ હેતુ માટેના વેચાણ માટે મૂકવામાં આવ્યા છે. ૩૦ સપ્ટેમ્બર, ૧ ઑક્ટોબર અને ૩ ઑક્ટોબર એમ ત્રણ દિવસ જાહેર હરાજી કરવામાં આવશે. ■

# મુંદરાના કન્ટેનર ફ્રેઈટ સ્ટેશન ખાતે કલમાર મશીનમાં ઓઈલ લીક થતાં આગ ભભૂકી ઊઠી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના કંડલા સંકુલની જેમ મુંદરા બંદર આસપાસ પાછલા કેટલાક વર્ષોમાં આગજનીના બનાવોમાં ચિંતાજનક ઉછાળો આવી રહ્યો છે.

બે દિવસ અગાઉ તાલુકાના નાના કપાયા ગામમાં આવેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના આઠ જેટલા ગોડાઉનમાં ફાટી નીકળેલી આગની ઘટના બાદ બંદરના કન્ટેનર ફ્રેઇટ સ્ટેશનમાં કલમાર મશીનમાં ઓઇલ લીક થયા બાદ અહીં ભયાનક આગ ફાટી નીકળતાં ભારે અફડાતફડી મચી હતી. જ્વલનશીલ ઓઇલ સ્ટોરેજ ટેન્કો ધરાવતા વિસ્તાર સમીપે આવેલાં સીએફએસમાં આ આગની ઘટનાએ સુરક્ષાના નિયમોના અમલ સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

ગત ગુરુવારે ટીજી સીએફએસમાં કલમાર (કન્ટેનર હેન્ડલિંગ સાધન)માં આગ ફાટી નીકળતાં મોટાભાગની લુબ્રિકેન્ટ લાઇનો બળી ગઈ હતી. બનાવ સ્થળે દોડી ગયેલા મુંદરા સેઝના કર્મીઓએ અડધા કલાકમાં આગને કાબૂમાં લઇ લેતાં જાનહાનિ, ઇજા કે અનિચ્છનીય ઘટના બની નહોતી. આગનું સત્તાવાર કારણ બહાર આવ્યું નથી, પરંતુ કલમાર મશીનમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી તેમ સીએફએસના મેનેજરે જણાવ્યું હતું.

આગજનીની આ ઘટનાને ગંભીરતાથી લઈને ડેવલોપમેન્ટ કમિશનર, રાજકોટ સ્થિત ફાયર ઓફિસર, જિલ્લા કલેકટર કચેરી સહિતના તમામ સંબંધિત તંત્રોએ તપાસ કરવી આવશ્યક હોવાનું જાણકારોએ ઉમેર્યું હતું. ■

# કૉંગ્રેસ નહેરુ યુગથી અનામતનો વિરોધ કરે છેઃ રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાનનો પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃદેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના સમયથી કૉંગ્રેસ અનામતની વિરુદ્ધ છે. રાહુલ ગાંધીની પાર્ટીએ હંમેશાં બંધારણીય જોગવાઈઓનો દુરુપયોગ કર્યો છે અને તેના રાજકીય ધ્યેયો હાંસલ કરવા માટે કલ્યાણ હેતુઓની અવગણના કરી છે એવો આક્ષેપ રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાન પ્રેમચંદ બૈરવાએ કર્યો છે.

ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં તાજેતરમાં રાહુલ ગાંધીએ ક્વોટા અંગેની ટિપ્પણી અંગે કૉંગ્રેસ પર પ્રહાર કરતા બૈરવાએ વધુમાં કહ્યું હતું કે, ભાજપના નેતાનો આરોપ ગાંધીએ યુ.એસ.ની જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને કહ્યું હતું કે ''ભારત એક ન્યાયી સ્થળ છે'' ત્યારે કૉંગ્રેસ અનામત પ્રણાલીને નાબૂદ કરવાનું વિચારશે. તાજેતરની યુએસની મુલાકાત દરમિયાન, રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમની પાર્ટી સત્તામાં આવ્યા પછી આરક્ષણ દૂર કરશે. જવાહરલાલ નહેરુના સમયથી તેમની પાર્ટી ગાતી આવી છે તે જ ધૂન ગાંધી પણ ગાઈ રહ્યા છે.

કૉંગ્રેસ પક્ષે લગભગ ૫૭ વર્ષ સુધી આ દેશ પર શાસન કર્યું અને તેણે હંમેશા બંધારણીય જોગવાઈઓનો દુરુપયોગ કર્યો અને તેના રાજકીય ધ્યેયો હાંસલ કરવા માટે કલ્યાણના ઉદ્દેશ્યોની અવગણના કરી. કૉંગ્રેસે ક્યારેય અનામતને તેના સાચા અર્થમાં લાગુ કરવાની રાજકીય ઈચ્છા દર્શાવી નથી એવું જણાવીને તેમણે દાવો કર્યો હતો કે નેહરુ સરકારે ૧૯૫૬માં કાકા કાલેલકરના અહેવાલને ફગાવી દીધો હતો જેમાં પછાતવર્ગો માટે ક્વોટાની ભલામણ કરવામાં આવી હતી.

૧૯૬૧માં તમામ મુખ્ય પ્રધાનોને લખેલા પત્રમાં નહેરુએ કહ્યું હતું કે આરક્ષણ ઉત્પાદકતામાં ઘટાડો કરશે. નહેરુએ ૧૯૫૨ અને ૧૯૫૪માં તેમની ચૂંટણીમાં હાર સુનિશ્ચિત કરીને ડૉ. બી.આર. આંબેડકરની રાજકીય અને સામાજિક કારકિર્દીનો અંત લાવવાનો પણ પ્રયાસ કર્યો હતો, એમ રાજસ્થાનના નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

જમ્મુ અને કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ અને ૩૫એ નાબૂદ કરીને, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તે પ્રદેશની અનુસૂચિત જાતિઓને ન્યાય આપ્યો છે. મોદીએ જ નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસિસને બંધારણીય દરજ્જો આપ્યો હતો. ઇન્દિરા ગાંધીએ મંડલ કમિશનની ભલામણોનો અમલ ન કરીને ઓબીસી માટે અનામતમાં વિલંબ કર્યો હતો. ૧૯૮૫માં રાજીવ ગાંધીએ પણ મંડળની ભલામણો સામે વાંધો ઉઠાવ્યો હતો અને મુસ્લિમો માટે ક્વોટાની હિમાયત કરી હતી, જે આંબેડકર દ્વારા બનાવવામાં આવેલા બંધારણની વિરુદ્ધ હતું એવું તેમણે ઉમેર્યું હતું. ■

# અંબાજી પદયાત્રા માર્ગ પરથી ૭૩ ટનથી વધુ કચરો એકત્રિત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રાધામ અંબાજીમાં યોજાયેલા ભાદરવી પૂનમના મહામેળામાં આ વર્ષે કુલ ત્રણ રૂટ પર અંદાજિત ૩૪ લાખથી વધુ પદયાત્રીઓએ ચાલીને મા અંબાના દર્શન કર્યા હતા. અંબાજી પદયાત્રા-સ્વચ્છ પર્યાવરણ યાત્રા' અભિયાન હેઠળ કુલ ત્રણ રૂટ પર તા. ૧૨ થી ૧૯ સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન ઉત્પન્ન થયેલો અંદાજિત ૭૩ ટનથી વધારે કચરો સ્વયંસેવકો દ્વારા એકત્રિત કરવામાં આવ્યો હતો. સ્વચ્છતાની આ કામગીરી અંતર્ગત તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીમાં અંદાજિત ૭૦૦ ટન જેટલો કચરો એકત્રિત કરીને તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવશે.

આ વર્ષે પ્લાસ્ટિક મુક્ત પદયાત્રાની સાથે સ્વચ્છતા જળવાય તેવા હેતુસર વિવિધ ઉદ્યોગ એસોશિએશનના સહયોગથી ત્રણ પદયાત્રાના રૂટ પર ત્રણ સ્થળોએ પદયાત્રીઓને પાંચ ખાલી પ્લાસ્ટિકની બોટલ સામે એક સ્ટીલની બોટલ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્લાસ્ટિક મુક્ત ગુજરાતને સમર્થન આપવા પદયાત્રીઓ દ્વારા અનેરો પ્રતિસાદ જોવા મળ્યો હતો. જે અંતર્ગત કુલ ૭૪,૮૦૦ પ્લાસ્ટીકની ખાલી બોટલની જગ્યાએ ૫,૦૦૦ સ્ટીલની બોટલો આપવામાં આવી હતી. આ ઉપરાંત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા-જાગૃતિ લાવવાના હેતુથી ૫૦ થી વધારે સેવા કેમ્પ-સ્થળો પર શેરી નાટક ભજવવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષની જેમ આ વર્ષે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(જીપીસીબી) દ્વારા ''અંબાજી પદયાત્રા- સ્વચ્છ પર્યાવરણ યાત્રા-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# નવસારીમાં ગણેશ ઉત્સવ દરમિયાન ૧૬ ટન પૂજાપો એકત્રિત કરી ખાતર બનાવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃનવસારી વિજલપોર નગરપાલિકા દ્વારા ગણેશ ઉત્સવના ૯ દિવસમાં ૭ ટન અને આનંદ ચૌદશના દિને લગભગ ૮ ટન કચરો આમ ૧૦ દિવસમાં કુલ ૧૬ ટન જેટલા પૂજાપો એકત્રિત કરી ખાતર બનાવવામાં આવ્યું હતું.

નવસારી નગરપાલિકાના ચીફ ઓફિસર જે.યુ.વસાવાએ જણાવ્યું હતું કે, ગણેશ ઉત્સવમાં ગણપતિને સવાર સાંજ દિવા આરતીની સાથે સાથે ફૂલહાર દરોઇ ચઢાવવામાં આવતી હોય છે. જે ભગવાન ઉપરથી ઉતારી લીધા બાદ કચરામાં નાખવા અને પાણીમાં વહેવડાવવામાં આવે છે.

જે એક રીતે કચરો જ બની જાય છે. પરંતુ કચરાનો યોગ્ય નિકાલ કરવાથી આ જ કચરામાંથી સોના રૂપ ખાતર બનાવી શકાય છે. નવસારી જલાલપોર નગરપાલિકા દ્વારા ગણેશ ઉત્સવ દરમિયાન સવાર સાંજ નિકળતા પુજાપાના કચરાના યોગ્ય નિકાલની સુદ્રઢ વ્યવસ્થા છેલ્લા ત્રણ વર્ષથી કરવામાં આવી રહી છે. જેના થકી શહેરને કચરાથી મુક્ત કરવાની સાથે સાથે ભક્તોની લાગણીઓને પણ ઠેસ નથી પહોંચતી અને કચરાનો ઉપયોગ ખાતર બનાવવા થવાથી એ ખાતર નગરપાલિકાના બાગબગીચામાં નાખવાથી ફુલ છોડને પણ ફાયદો પહોચે છે.

નવસારી નગરપાલિકામાં અંદાજિત ૯૦૦ ગણેશમંડળો છે. જ્યાં નાની મોટી ગણેશમૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. એક દિવસમાં અંદાજિત ૧ ટન ફૂલહાર અને અન્ય સજાવટનો કચરો સ્વચ્છતા વાન દ્વારા એકઠ્ઠો કરવામાં આવતો હતો. આ કામગીરી માટે કુલ ૩ સ્વચ્છતા વાન અને અંદાજિત ૪૬ સફાઇ કર્મચારીઓ નિમવામાં આવ્યા હતા. આ ઉપરાંત નગરપાલિકા દ્વારા હેલ્પલાઇન નંબરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી જેના ઉપર કોલ કરવાથી સ્વચ્છતા વાન જે-તે સ્થળે કચરો એકઠ્ઠો કરવા પહોંચતા હતા. ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીનમાં કચરાને નાખી અન્ય પ્રોસેસિંગ લીક્વીડ જેવા પદાર્થોને મિક્ષ કરી ઓર્ગેનિક ખાતર બનાવવામાં આવે છે.

અત્રે નોંધનીય છે કે, નવસારી નગરપાલિકા દ્વારા છેલ્લા ૩ વર્ષથી ઓ.ડબલ્યુ.સી. મશીન ઉપલબ્ધ છે. જેના થકી કચરાને ખાતર બનાવવાનું કામ દૈનિક ધોરણે કરવામાં આવે છે.

આ મશીનો દ્વારા લીલા અને સુકા કચરાને અલગ અલગ પ્રોસેસ કરવામાં આવે છે. મશીનમાંથી નિકળતા ખાતરને એક-બે કિલોના પેકેટ બનાવી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. મશીનમાં ૨૪ કલાકમાં ખાતર બનીને તૈયાર થઇ જાય છે. મશીનમાં એક સાથે અંદાજિત દોઢ ટન કચરો એક સાથે નાખી શકાય છે. ■

# અમદાવાદમાં ડેન્ગ્યુના શંકાસ્પદ સરેરાશ ૧૦૦ કેસમાંથી ૨૦ પોઝિટિવઃસ્વાઈન ફ્લૂના ૧૦ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાથી લોકોના હાલ બેહાલ થયા છે, તેમાં પણ ડેન્ગ્યુ અને સ્વાઈન ફ્લૂના વધતા કેસોએ લોકોથી માંડીને તંત્રની ચિંતા વધારી છે, શહેરની સોલા સિવિલ હોસ્પિટલમાં સપ્ટેમ્બરમાં ડેન્ગ્યુના ૧૩૩૭ શંકાસ્પદ દર્દી નોંધાયા છે અને તેમાંથી ૨૯૭ પોઝિટિવ આવ્યા છે. આમ, ડેન્ગ્યુના ટેસ્ટની સામે પોઝિટિવિટી રેશિયો ૨૦ ટકા છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સોલા સિવિલમાં સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ડેન્ગ્યુના ૭૧૫ શંકાસ્પદ કેસમાંથી ૧૫૨ દર્દી જ્યારે બીજા સપ્તાહમાં ૬૨૨ શંકાસ્પદ કેસમાંથી ૧૧૬ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. ઓગસ્ટ માસમાં ડેન્ગ્યુના કુલ ૨૩૭૩ ટેસ્ટમાંથી ૪૮૯ પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું. ડેન્ગ્યુની સરખામણીએ ૬૫ મલેરિયામાં પોઝિટિવિટી રેટ હજુ ઓછો છે. સપ્ટેમ્બરના બે સપ્તાહમાં મલેરિયાના ૧૮૨૨ શંકાસ્પદ સામે ૬૨ પોઝિટિવ આવ્યા હતા. આમ, મલેરિયાના સરેરાશ ૧૦૦માંથી પાંચ દર્દીના ટેસ્ટ પોઝિટિવ આવે છે. સોલા સિવિલ હોસ્પિટલ ખાતે છેલ્લા એક સપ્તાહમાં સ્વાઈન ફ્લૂના ૧૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. ■

# પૂનમના મેળા બાદ અંબાજી મંદિરમાં પ્રક્ષાલન વિધિઓ કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા અંબાજી મંદિરમાં ભાદરવી પૂનમના મેળા બાદ પ્રક્ષાલન વિધિ કરવામાં આવી હતી. વિધિમાં મંદિરના વહીવટદાર, સ્ટાફ,પૂજારી અને સોની પરિવાર જોડાયો હતો. વર્ષોથી સોની પરિવાર દ્વારા પ્રક્ષાલન વિધિ કરવામાં આવે છે અને માતાજીના આભૂષણોની સફાઈ કરવામાં આવે છે, પ્રક્ષાલન વિધિ કરવા પાછળનું કારણ એ છે કે, મંદિરની પવિત્રતા જળવાય અને મંદિર સ્વચ્છ રહે.

અંબાજી મંદિરમાં વર્ષમાં એકવાર પ્રક્ષાલન વિધિ યોજવામાં આવે છે, વર્ષોથી સોની પરિવાર તેમજ મંદિરના અગ્રણીઓ દ્વારા માતાજીના મંદિર સહિત ગર્ભગૃહ અને માતાજીના આભૂષણોની સફાઇ કરવામા આવે છે. આખા વર્ષમા અને ભાદરવી પૂનમના મેળામાં ભકતો મોટી સંખ્યામાં આવતા હોવાથી પવિત્રતા જળવાય માટે પ્રક્ષાલન વિધિ કરવામાં આવે છે. ■

# ભરૂચ જિલ્લામાં વક્ફ બોર્ડના નામે જમીન કૌભાંડઃ ૧૦ આરોપી સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લામાં વક્ફ બોર્ડના નામે જમીન કૌભાંડ બહાર આવ્યું હતું, વક્ફ બોર્ડના નકલી પેપરથી જમીન કૌભાંડ આચરવામાં આવ્યું હતું, ભરૂચમાં જમીન કૌભાંડમાં આઠ ગુના નોંધાયા હતા. વક્ફ બોર્ડના ખોટાપત્રો બનાવી કૌભાંડને અંજામ આપવામાં આવ્યો હતો, આ માટે વેચાણ, ભાડા કરાર નકલી પત્રો બનાવાયા હતા. પોલીસે વક્ફ બોર્ડના નામે જમીન કૌભાંડ આચરતી ગેંગનો પર્દાફાશ કર્યો હતો. ભરૂચ જિલ્લામાં વિવિધ સ્થળ પર જમીન કૌભાંડ આચરવામાં આવ્યું છે. વક્ફ બોર્ડના નામે જમીન કૌભાંડના ભરૂચમાં આઠ ગુના નોંધાયા છે, જેમાંથી અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં છ ગુના નોંધાયા છે.

કૌભાંડના મુખ્ય આરોપી તરીકે વક્ફ બોર્ડની ક્લાર્ક અફસાનાબાનુ કાઝીનું નામ બહાર આવ્યું છે. કૌભાંડમાં અફસાનાબાનુ સહિત અન્ય અન્ય આરોપીઓ મુકેશ જૈન, ઇકબાલ ડેરૈયા, ધનજી ડોબરિયાની પણ સંડોવણી પણ બહાર આવી છે. હાજી અલી આદમ બંદુકવાલની પણ આ કેસમાં સંડોવણી જોવા મળી છે.

આ તમામ ગુનામાં એક જ મોડસ ઓપરેન્ડીથી કૌભાંડ આચરવામાં આવ્યું છે. ગુજરાત વક્ફ બોર્ડના ખોટા પત્રો બનાવી કૌભાંડને અંજામ આપ્યો હતો. વેચાણ અને ભાડા કરારની પરવાનગીના ખોટા પત્ર બનાવ્યા હતા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૩થી ૨૯ ઓગસ્ટ ૨૦૨૪ વચ્ચે આ સમગ્ર કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ સમગ્ર કૌભાંડના મુખ્ય આરોપીઓ અફસાનાબાનુ કાઝી જે વક્ફ બોર્ડની ક્લાર્ક હતી તેની સામે છ કેસમાં, મુકેશ જૈન કૌભાંડના પાંચ કેસમાં, ઈકબાલ ડેરૈયા કૌભાંડના ત્રણ કેસમાં, ધનજી ડોબરિયા એક કેસમાં તેમ જ હાજી અલી આદમ બંદૂકવાલા પણ એક કેસમાં સંડોવણી બહાર આવી છે.

અંકલેશ્વરના બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, તેમાં અંકલેશ્વર સબ રજિસ્ટ્રાર ઑફિસનાં સબ રજિસ્ટ્રાર ફરિયાદી બન્યા હતા. આ ફરિયાદ ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ફરિયાદ નોંધાઈ હતી. ૧૦ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો છે, જેમાંથી આઠ આરોપીની અટકાયત કરવામાં આવી છે. પોલીસે બે આરોપી અફસાનાબાનુ કાઝી અને મુકેશભાઈ જૈનને વોન્ટેડ જાહેર કર્યા છે. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 225 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 September 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સેન્સેક્સ ૮૪,૫૪૪ની ઐતિહાસિક સપાટીએ

## ૧,૩૫૯ પોઈન્ટનો ઉછાળો, નિફ્ટી ૨૫,૮૦૦ની નજીક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને એશિયન બજારોના પ્રોત્સાહક વલણો સાથે ફ્રન્ટલાઈન બૅન્ક શેરોમાં તેજી પર સવાર બેન્ચમાર્ક સેન્સેક્સે પ્રથમ વખત ૮૪,૫૦૦ની ઐતિહાસિક સપાટી વટાવવામાં સફળ થયો છે, જ્યારે નિફ્ટી પણ શુક્રવારે નવી વિક્રમી ઊંચી સપાટીએ સ્થિર થયો હતો.

બીએસઇ સેન્સેક્સ ૧,૩૫૯.૫૧ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકા ઉછળીને ૮૪,૫૪૪.૩૧ પોઇન્ટની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ સેટલ થયો હતો. જ્યારે નિફ્ટી ૩૭૫.૧૫ પોઈન્ટ અથવા ૧.૪૮ ટકા વધીને ૨૫,૭૯૦.૯૫ના રેકોર્ડ સ્તરે બંધ થયો હતો. બીએસઇ પર લિસ્ટેડ શેરોનું કુલ માર્કેટ કેપિટલ રૂ. ૬.૨૪ લાખ કરોડના ઉછાળા સાથે રૂ. ૪૭૧.૭૧ લાખ કરોડના સ્તરે પહોંચ્યુ હતું.

એશિયન બજારોમાં, સિઓલ, ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગ ગ્રીન ઝોનમાં બંધ

(જુઓ પાનું ૨) ▸▸

# પ્રથમ ટેસ્ટમાં ભારતના લીડ સાથે ૩૦૮, બાંગ્લાદેશ પર વહેલો પરાજય તોળાય છે

ચેન્નઈ: ભારતીય ટીમ અહીં પ્રથમ ટેસ્ટમાં શનિવારના ત્રીજા અથવા રવિવારના ચોથા દિવસે વિજય મેળવી લેશે એવું માની શકાય, કારણકે શુક્રવારની બીજા દિવસની રમતને અંતે ભારતે બીજા દાવમાં ત્રણ વિકેટના ભોગે ૮૧ રન બનાવ્યા હતા અને પ્રથમ દાવની ૨૨૭ રનની સરસાઈ સહિત ભારતના નામે કુલ ૩૦૮ રન હતા. ઓપનર યશસ્વી જયસ્વાલ પહેલા દાવ જેવું પર્ફોર્મ નહોતો કરી શક્યો અને ફરી એકવાર પેસ બોલર નાહિદ

(જુઓ પાનું ૨) ▸▸

# ભ્રષ્ટ કૉંગ્રેસ ગણપતિ પૂજાની પણ વિરોધી છે: મોદી

વર્ધા: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જણાવ્યું હતું કે કૉંગ્રેસ 'સૌથી વધુ ભ્રષ્ટ પક્ષ' છે. તે ગણપતિની પૂજાનો પણ વિરોધ કરે છે અને શહેરી નક્સલવાદીઓ કૉંગ્રેસ પક્ષ ચલાવે છે. કૉંગ્રેસમાં ધિક્કારનું ભૂત પ્રવેશી ગયું હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે આજની કૉંગ્રેસમાં દેશપ્રેમે છેલ્લો શ્વાસ લીધો છે. રાહુલ ગાંધીના નામનો ઉલ્લેખ કર્યા વિના મોદીએ વિદેશમાં કૉંગ્રેસના નેતાઓના 'દેશવિરોધી એજન્ડા' અંગે કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸



















LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાહુલને મોતની ધમકીનો બચાવ, નડ્ડા બીજું કરી પણ શું શકે?

**ભારતમાં** રાજકારણ બદલાઈ ગયું છે અને હવે રાજકીય હરીફાઈને રાજકારણીઓ દુશ્મનાવટ સમજે છે. લોકશાહીમાં તમારા વિરોધીને, તમારા હરીફને પણ માન આપવું જોઈએ એવું કહેવાતું પણ ભારતના રાજકારણીઓને આ સિદ્ધાંતમાં બહુ વિશ્વાસ રહ્યો નથી ને તેનું તાજું ઉદાહરણ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે થઈ રહેલાં નિવેદનો છે. અમેરિકામાં રાહુલ ગાંધીએ શીખો અંગે અને અનામત મુદ્દે એમ બે નિવેદનો આપ્યાં તેના કારણે ભારતમાં બબાલ થઈ ગઈ.

રાહુલે કહેલું કે, ભારતમાં અત્યારે એવો માહોલ છે કે, શીખો કિરપાણ કે કડાં ના પહેરી શકે એ માટે લડાઈ થઈ રહી છે. ભારતમાં શીખ સમુદાયમાં ચિંતા છે કે આ દેશમાં તેમને પાઘડી અને કડાં પહેરવાનો અધિકાર પણ છિનવી નહીં લેવાય ને ? રાહુલે અનામત મામલે એવું કહેલું કે, ભારતમાં જ્યારે આર્થિક રીતે સમાનતા આવી જશે ત્યારે અનામતને નાબૂદ કરી દેવાશે. રાહુલના એક નિવેદનને શીખ વિરોધી ગણાવી દેવાયું અને બીજા નિવેદનને અનામત વિરોધી ગણાવીને ભાજપના નેતા તૂટી પડ્યા.

રાહુલ ગાંધી તેમના અમેરિકા પ્રવાસના છેલ્લા દિવસે રેબર્ન હાઉસ ખાતે યુએસ કૉંગ્રેસના પ્રતિનિધિમંડળને મળ્યા હતા. આ પ્રતિનિધિમંડળમાં ભારતે જમ્મુ અને કાશ્મીર પાકિસ્તાનને આપી દેવું જોઈએ એવો લવારો કરનારી ઇલ્હાન ઓમર પણ હાજર હતી. રાહુલ ઈલ્હાન ઓમરને મળ્યા તેની સામે પણ દેશમાં વિરોધ શરૂ થઈ ગયો. ભાજપના ઘણા નેતાઓએ ઇલ્હાનને મળવા બદલ રાહુલની ટીકા કરી અને રાહુલ ભારતવિરોધી પરિબળો સાથે સાંઠગાંઠ ધરાવે છે એવી ટીકા પણ કરી.

ભાજપના નેતા રાહુલના નિવેદનની ટીકા કરે તેમાં કશું ખોટું નથી, બલ્કે એ તેમનો અધિકાર છે. લોકશાહીમાં કોઈ નેતા પોતાના વિચારો કે અભિપ્રાય રજૂ કરે ને તેની સામે કોઈ બોલે કે ટીકા કરે એ સ્વાભાવિક છે. તંદુરસ્ત લોકશાહીની એ નિશાની છે ને તેને માટે દરેકે તૈયાર રહેવું જોઈએ. રાહુલના નિવેદન પછી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વળતો પ્રહાર કરીને કહેલું કે, રાહુલના નિવેદનના કારણે ફરી એકવાર કૉંગ્રેસનો અનામત વિરોધી ચહેરો લોકો સામે આવી ગયો છે.

શાહની જેમ બીજા નેતાઓએ પણ રાહુલની ટીકા કરી ને તેમાં પણ કશું ખોટું નહોતું પણ એ પછી જે કેટલાંક નિવેદનો આવ્યાં એ આઘાતજનક અને શરમજનક પણ છે. રાહુલનં નિવેદનોને શીખ વિરોધી ગણાવીને ભાજપે સોનિયા ગાંધીના ઘર સામે દેખાવો કરેલા. ૧૧ સપ્ટેમ્બરે ભાજપે દિલ્હીમાં રાહુલ ગાંધીના ઘરની બહાર પણ દેખાવો કર્યા અને એ વખતે ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય તરવિંદર સિંહ મારવાહે સીધી રાહુલને જાનથી મારી નાખવાની ધમકી આપી.

મારવાહે કહેલું કે, રાહુલ ગાંધી, વાજ આવી જજો નહીં ભવિષ્યમાં તમારા હાલ પણ તમારી દાદી જેવા થશે. રાહુલ ગાંધીનાં દાદી ઈન્દિરા ગાંધીના શું હાલ થયેલા એ કોઈને કહેવાની જરૂર નથી. સતવંતસિંહ અને બિયંતસિંહ નામના તેમના બે અંગરક્ષકોએ જ તેમને ગોળી મારીને મારી નાંખેલાં એ જોતાં મારવાહે રાહુલને મારવાની ધમકી જ આપી દીધી એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. કૉંગ્રેસે તરવિંદર સિંહ મારવાહનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યો છે. તેમાં મારવાહને ધમકી આપતા સાંભળી શકાય છે.

મારવાહની જેમ જ મહારાષ્ટ્રના બુલઢાણાના ધારાસભ્ય સંજય ગાયકવાડે ૧૬ સપ્ટેમ્બરે કહ્યું હતું કે, રાહુલ ગાંધી પછાત વર્ગો અને આદિવાસીઓ માટેની અનામત ખતમ કરવા માગે છે એ જોતાં તેમને સજા મળવી જોઈએ. જે કોઈ રાહુલની જીભ કાપી નાખશે તેને ૧૧ લાખ રૂપિયા ઈનામ આપવામાં આવશે. ભાજપના રાજ્યસભાના સભ્ય અનિલ બોન્ડેએ તો રાહુલ ગાંધીની જીભ પર ડામ દેવાની વાત કરી નાખી. બોન્ડેના કહેવા પ્રમાણે તો જે કોઈ અનામત વિરોધી વાત કરે તેની આવી જ હાલત કરવી જોઈએ. બોન્ડેએ મુંબઈના એક મરાઠી સાપ્તાહિકના તંત્રી સહિત બીજાં કેટલાંક નામ પણ આપ્યાં કે જેમની જીભ પર ડામ દેવાની તેમની તમન્ના છે.

આ ત્રણેય નિવેદનો અત્યંત આઘાતજનક છે. પોતાને ના ગમે એવી વાત કરનારને મારી નાખવાની કે જીભ કાપી લેવાની વાત કરનારને સભ્ય માણસ કહેવાય જ નહીં. ખરેખર તો આવી વાતો કરનારને કોઈ સભ્ય સમાજમાં રહેવાનો અધિકાર જ નથી પણ કમનસીબે રાહુલ સામે આવો લવારો કરનારા આ ત્રણેય નેતાને કશું થયું નથી. આ ત્રણેય ખુલ્લેઆમ રાહુલની હત્યા માટે કે તેમને નુકસાન કરવા માટે ઉશ્કેરણી કરી રહ્યા છે ને ભાજપ પણ ચૂપ છે ને મંત્રીઓ પણ ચૂપ છે.

વધારે આઘાતની વાત એ છે કે, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ આ બધાંનો બચાવ કર્યો છે. નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસ પર કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મોદીને અભિનંદન આપ્યા તેની સાથે એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં રાહુલ ગાંધી વિરુદ્ધ થઈ રહેલાં નફરતભર્યા ભાષણ પર ચિંતા વ્યક્ત કરીને ખડગેએ લખ્યું હતું કે, ભાજપ અને સહયોગી પક્ષોના નેતાઓ રાહુલ ગાંધી માટે સતત વાંધાજનક અને હિંસક ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે આપને વિનંતી છે કે આવા નેતાઓ પર લગામ લગાવો.

મોદી સાહેબ તો આવી નાની નાની વાતોના જવાબ આપે નહીં પણ નડ્ડાએ જવાબ આપ્યો છે. નડ્ડાએ ૧૮ સપ્ટેમ્બરે મલ્લિકાર્જુન ખડગેને ખુલ્લો પત્ર લખ્યો તેમાં લખ્યું છે કે, તમે રાહુલ ગાંધી સહિતના તમારા નેતાઓનાં કરતૂતોને ભૂલી ગયા છો અથવા જાણીજોઈને તેમની અવગણના કરી છે. જે વ્યક્તિનો ઈતિહાસ દેશના વડા પ્રધાન સહિત સમગ્ર ઓબીસી સમુદાયને ચોર કહીને દુર્વ્યવહાર કરવાનો છે તેની માનસિકતા આખો દેશ જાણે છે. આ રાહુલ ગાંધીને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ તમે કઈ મજબૂરીમાં કરી રહ્યા છો? કૉંગ્રેસના નેતાઓએ છેલ્લાં ૧૦ વર્ષમાં ૧૧૦થી વધુ વખત વડા પ્રધાન મોદી સાથે દુર્વ્યવહાર કર્યો ને ત્યારે તમારા શબ્દકોશમાંથી રાજકીય શુદ્ધતા, સજાવટ, શિસ્ત, શિષ્ટાચાર જેવા શબ્દો કેમ ગાયબ થઈ જાય છે?

નડ્ડાએ કૉંગ્રેસે મોદી માટે ક્યા ક્યા શબ્દોનો પ્રયોગ કર્યો તેની લાંબી યાદી પણ આપી છે. કૉંગ્રેસ પણ સામે એવી યાદી આપી જ શકે કેમ કે એ પ્રકારની પ્રવૃત્તિના પ્રણેતા કોણ છે એ બધાંને ખબર છે પણ ભાજપ એ વાત સ્વીકારવાનો નથી. બીજું એ કે, કોઈને ગાળો આપવી ને કોઈની હત્યા કરી દેવાની વાત કરવી તેમાં બહુ ફરક છે. ભાજપ ને તેના સાથી પક્ષોના નેતા રાહુલને ગાળો નથી આપી રહ્યા પણ ખતમ કરવાની ને જીભ કાપી લેવાની વાતો કરી રહ્યા છે. નડ્ડાને બંનેમાં ફરક ના દેખાય કેમ કે તેમણે પોતાની બુદ્ધિ ચલાવવાની નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શનિવાર, તા. ૨૧-૯-૨૦૨૪, ચતુર્થીનું શ્રાદ્ધ, સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૧-૦૦, ભરણી શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૩૦, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ વદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૭મો મેહેર,ૉ સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ભરણી મધ્યરાત્રે ક. ૨૪-૩૫ સુધી, પછી કૃત્તિકા.
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૩-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૩ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૯, રાત્રે ક. ૧૯-૫૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - ચતુર્થી. ચતુર્થીનું શ્રાદ્ધ, સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ક. ૨૧-૦૦, ભરણી શ્રાદ્ધ.
- મુહૂર્ત વિશેષઃ યમદેવતાનું પૂજન, આમલીનાં ઔષધીય પ્રયોગો, યમ દેવતાનું પૂજન, માલ વેચવો, ખેતીવાડીનાં કામકાજ.
- શ્રાદ્ધ પર્વઃ ચતુર્થી તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું, અવિવાહિત મૃત્યુ પામેલાનું શ્રાદ્ધ આજ રોજ કરવું. જેમણે સમગ્ર જીવન તીર્થાટન કર્યુ નથી તેમનું શ્રાદ્ધ આજરોજ પુષ્કર અને ગયા તીર્થમાં ભરણી શ્રાદ્ધ કરવું. પિતૃઓનું શ્રાદ્ધ શ્રદ્ધા અને અંતરાત્માના આનંદના ભાવ સાથે કરવું જાઇએ. પિતૃઓનાં ઉદ્ધાર એવા ભાવ સાથે શ્રાદ્ધ કરવું જોઇએ. બાળકનો જન્મ થવો એજ એક કુદરતની હયાતીનું ઉદાહરણ છે. એમાં જ ઈશ્વરનું અવતરણ આલેખાયેલું છે. જીવ શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર જ્યારે આગમન કરે છે ત્યારે તેનું માતા-પિતા સાથેનું ઋણ નિર્માણ થઈ જાય છે. માતા-પિતાને પ્રથમ ગુરુ, પ્રથમ દેવ તેથી જ આલેખેલા છે. દિવંગત માતા-પિતા અને કુટુંબી જનોનું શ્રાદ્ધ કરવું એ સંતાનોની ફરજ છે.
- આચમનઃ બુધ-ગુરુ પ્રતિયુતિ ઉતાવળિયા, ચંદ્ર-બુધ ત્રિકોણ વિચારો ફર્યા કરે, ચંદ્ર-હર્ષલ યુતિ મૌલિક વિચારના, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય થાય.
- ખગોળ જ્યોતિષઃ બુધ-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૨૨), ચંદ્ર-હર્ષલ યુતિ (તા. ૨૨), ચંદ્ર-સૂર્ય ત્રિકોણ.બુધ ઉત્તરા ફાલ્ગુની પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# બંગાળમાં ડૉક્ટરોની હડતાળનો અંત

કોલકાતાઃ મેડિકલ કૉલેજની યુવાન ટ્રેઈની ડૉક્ટરનાં બળાત્કાર અને હત્યાને મામલે હડતાળ પર ઊતરેલા જૂનિયર ડૉક્ટરોએ શુક્રવારે સાંજે હડતાળના અંતની અને શનિવારથી સરકાર સંચાલિત હૉસ્પિટલોમાં આવશ્યક સેવાઓ માટે ફરજ પર પાછા ફરવાની જાહેરાત કરી હતી. હડતાળ પર ઊતરેલા ડૉક્ટરોએ રાજ્ય આરોગ્ય ખાતાના વડા મથકેથી સૉલ્ટ લેકસ્થિત સીબીઆઈના કાર્યાલય સુધી મોરચો કાઢ્યા બાદ ૪૨ દિવસની હડતાળનો અંત લાવવાની જાહેરાત કરી હતી.

હડતાળ પર ઊતરેલા ડૉક્ટરોએ સ્વાસ્થ્ય ભવનથી મોરચો કાઢ્યો હતો અને ચાર કિ.મી. ચાલીને સીજીઓ કૉમ્પલેક્સ પહોંચ્યા હતા. કેસને મામલે સીબીઆઈ તપાસ વહેલામાં વહેલી તકે પૂરી કરવાની તેમણે માગણી કરી હતી. પ્રદર્શન કરી રહેલા ડૉક્ટરોએ કહ્યું હતું કે તેઓ ઓપીડીમાં કામ કરશે અને તાકીદની પરિસ્થિતિમાં આંશિક રીતે આવશ્યક સેવાઓ પણ પૂરી પાડશે.

હડતાળ પર ઊતરેલા ડૉક્ટરોએ રાજ્યના પૂરથી પ્રભાવિત દક્ષિણ જિલ્લાઓમાં સેવા આપવા જવાની તેમ જ ઘટનાનો ભોગ બનેલી ટ્રેઈની ડૉક્ટરની યાદમાં 'અભય ક્લિનિક' શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી.

સરકાર દ્વારા આપવામાં આવેલા વચનોનું પાલન કરવામાં નહીં આવે તો અમે ફરી હડતાળ પાડીશું, એમ પણ તેમણે કહ્યું હતું.

હડતાળ પર ઊતરેલા જૂનિયર ડૉક્ટરો અને સ્ટેટ ટાસ્ક ફૉર્સ વચ્ચે બુધવારે યોજાયેલી બેઠકમાં થયેલી ચર્ચા બાદ મુખ્ય સચિવે આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોની સુરક્ષા, સલામતીની ખાતરી કરવા યોગ્ય વાતાવરણ ઊભું કરવાને લગતા આદેશની યાદી બહાર પાડી હતી અને તેનો તાત્કાલિક અમલ કરવાની જાહેરાત કર્યા બાદ ડૉક્ટરોએ હડતાળનો અંત આણ્યો હતો.

અગાઉ મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મૅડિકલ ઍજ્યુકેશન ઍન્ડ હૅલ્થ સર્વિસિસના ડિરેક્ટરને હોદ્દા પરથી દૂર કરવાની તેમ જ કોલકાતા પોલીસ વડા વિનીત ગોયલની ટ્રાન્સફર અને તેમને સ્થાને મનોજકુમાર વર્માની નિમણૂક કરવાની જાહેરાત કરી હતી.

વૅસ્ટ બેંગાલ મેડિકલ કાઉન્સિલે પણ આરજી કાર મેડિકલ કૉલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષનું રજિસ્ટ્રેશન રદ કર્યું હતું. (એજન્સી)

# રસીનું ઓનલાઈન મેનેજમેન્ટ પોર્ટલ શરૂ કરશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઓક્ટોબરમાં ઓનલાઈન વેક્સિન મેનેજમેન્ટ પોર્ટલ યુ-વિન લોન્ચ કરશે, જે હાલમાં પ્રાયોગિક ધોરણે કાર્યરત છે, એમ કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ શુક્રવારે જણાવ્યું હતું. સગર્ભા સ્ત્રીઓ તેમજ જન્મથી લઈને ૧૭ વર્ષની વય સુધીનાં બાળકોના રસીકરણ અને દવાઓનો કાયમી ડિજિટલ રેકોર્ડ જાળવવા માટે આ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

નડ્ડાએ, મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસ પર એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, એમ પણ કહ્યું કે વિસ્તૃત આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબી-પીએમજય) માં ૭૦ અને તેથી વધુ વયના તમામ લોકોનો તેમની સામાજિક-આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાવેશ થશે. ઓક્ટોબરમાં શરૂ થનારી, વિસ્તૃત સ્કીમથી આશરે ૪.૫ કરોડ ઘરોમાં અંદાજિત છ કરોડ નાગરિકોને લાભ થશે, એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે મોદી સરકારના ત્રીજા કાર્યકાળ દરમિયાન અન્ય કેટલીક સિદ્ધિઓની પણ યાદી આપી હતી.

# નોઈડાના માજી સીઈઓને ત્યાં ઈડીના દરોડા

નવી દિલ્હીઃ ઘર ખરીદનારાઓ સાથે કથિત છેતરપિંડી કરવાને લગતા મની લૉન્ડરિંગના કેસને મામલે ઈડીએ નોઈડાના માજી સીઈઓ મોહિન્દર સિંહ અને બિલ્ડરોના વિવિધ સ્થળે દરોડા પાડી સોનું, હીરાનાં ઘરેણાં સહિત રૂ. ૪૨ કરોડ કરતાં પણ વધુની સંપત્તિ જપ્ત કરી હતી.

જપ્ત કરવામાં આવેલી રૂ. ૪૨.૫૬ કરોડની સંપત્તિમાં રૂ. ૮૫ લાખ રોકડ રકમ, રૂ. ૨૯.૩૫ કરોડની ડાયમંડ અને ગોલ્ડ જ્વેલરી, રૂ. ૫.૨૬ કરોડના મૂલ્યના હીરા અને રૂ. ૭.૧ કરોડના હીરાના દાગીના તેમ જ કરોડોની મિલકતોનો સમાવેશ થતો હતો.

હસિન્ડા પ્રોજેક્ટ પ્રા.લિ. દ્વારા કરવામાં આવેલી કથિત છેતરપિંડીને મામલે ચાલી રહેલી તપાસના ભાગરૂપ ઈડીએ ૧૭ અને ૧૮ સપ્ટેમ્બરે કંપનીના પ્રમોટર, ડિરેક્ટર તેમ જ સંબંધિત વ્યક્તિઓનાં દિલ્હી, નોઈડા તેમ જ ઉત્તર પ્રદેશના નોઈડા તેમ જ ચંડીગઢ અને ગોવાસ્થિત વિવિધ સ્થળે દરોડા પાડ્યા હતા.

નોઈડામાં લોટસ ૩૦૦ પ્રોજેક્ટ અંતર્ગત ઘર ખરીદનારાંઓ સાથે રૂ. ૪૨૬ કરોડની છેતરપિંડી કરવામાં આવી હોવાનું ઈડી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

કંપનીના કાર્યાલયો, નિવાસી પરિસર તેમ જ કૌભાંડ સાથે કથિત સંડોવણી ધરાવતી એચપીપીએલ, ક્લાઉડ નાઈન પ્રોજેક્ટ્સ પ્રા.લિ. જેવી કંપનીઓ અને સૂરપ્રિત સિંહ સૂરી, વિદૂર ભારદ્વાજ, નિર્મલ સિંહ, આદિત્ય ગુપ્તા, આશિષ ગુપ્તા અને નિવૃત્ત આઈએએસ અધિકારી સિંહના પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. અલાહાબાદ હાઈ કોર્ટના આદેશને પગલે ઈડીએ હસિન્ડા પ્રોજેક્ટ્સ પ્રા.લિ. અને તેનાં પ્રમોટરો વિરુદ્ધ રોકાણકારોની મહેનતની કમાણીના રૂપિયા ચાંઉ કરી જઈ તેમને ઘર આપવાના વચનની પણ પૂર્તિ ન કરવાનો તેમ જ રોકાણકારોના રૂપિયા અન્યત્ર વાળવાને લગતો કેસ દાખલ કર્યો હતો.

અગાઉ દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખાએ આ મામલે ગુનો દાખલ કર્યો હતો. (એજન્સી)

# સુપ્રીમ કોર્ટની યુટ્યૂબ ચેનલ હેક

નવી દિલ્હીઃ ભારતની વડી અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટની યુટ્યુબ ચેનલ શુક્રવારે હેક કરવામાં આવી હતી. કોર્ટની ચેનલ પર અમેરિકા સ્થિત કંપની રિપલ લેબ્સ દ્વારા વિકસિત ક્રિપ્ટોકરન્સીને પ્રોત્સાહન આપતા વીડિયો દર્શાવવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુપ્રીમ કોર્ટની યુટ્યૂબ ચેનલ પર અપલોડ કરવામાં આવેલો છેલ્લી સુનાવણીનો વીડિયો હેકર્સ દ્વારા પ્રાઇવેટ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ 'બ્રાડ ગાર્લિંગહાઉસઃ રિપલ રિસ્પોન્ડ્સ ટુ ધ એસઇસી ૨ બિલિયન ડોલર ફાઇન! એક્સઆરપી પ્રાઇસ પ્રિડિક્શન' શીર્ષકવાળો એક બ્લેંક વીડિયો હાલમાં હેક થયેલી ચેનલ પર લાઇવ છે.

સુપ્રીમ કોર્ટ આ ચેનલનો ઉપયોગ બંધારણીય બેંચ સમક્ષ સૂચિબદ્ધ મામલા અને જાહેર હિતને લગતા કેસોની સુનાવણી માટે કરે છે. વડી અદાલતે ૨૦૧૮માં બંધારણીય પીઠ સમક્ષ તમામ કેસોની સુનાવણીનું જીવંત પ્રસારણ કરવાનો નિર્ણય લીધો હતો.

## ભાજપની ચૂંટણીઢંઢેરામાં જાહેરાત

# ઝારખંડમાં વૃદ્ધોને ₹ ૧૦ લાખ સુધીની ફ્રી મેડિકલ સારવાર મળશે

નવી દિલ્હીઃ ઝારખંડમાં ભાજપની 'પરિવર્તન' રેલી દરમિયાન કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે રાજ્યના ૭૫ વર્ષથી વધુ ઉંમરના ગરીબ વૃદ્ધોને દસ લાખ રૂપિયા સુધીની તબીબી સારવાર મફત મળશે.

ઝારખંડની હેમત સોરેન સરકાર દેશની સૌથી વધુ ભ્રષ્ટ સરકાર હોવાનું પણ તેમણે કહ્યું હતું. ઘૂસણખોરો રાજદ, કૉંગ્રેસ અને જેએમએમની મતબૅંક હોવાનું જણાવતાં અમિત શાહે કહ્યું હતું કે રાજ્યમાંથી ગેરકાયદે સ્થળાંતરીઓને હાંકી કાઢવાનું અમે વચન આપીએ છીએ. જેએમએમના વડપણ હેઠળની ઝારખંડની ભ્રષ્ટ સરકારને બહારનો દરવાજો દેખાડી દેવાનો સમય આવી ગયો છે એમ જણાવતાં અમિત શાહે કહ્યું હતું કે જેએમએમ સરકાર ઘૂસણખોરોના કલ્યાણનાં કામમાં પરોવાયેલી છે એ રાજ્યના સામાન્ય નાગરિકોની અવગણના કરી રહી છે.

શાહિબગંજ ખાતે એક રેલીને સંબોધન કરતા અમિત શાહે કહ્યું હતું કે ઘૂસણખોરીને કારણે સંથાલ પરગણામાં આદિવાસીઓની વસતિ ૪૪ ટકાથી ઘટીને ૨૮ ટકા થઈ ગઈ છે.

જેએમએમ પર પ્રહાર કરતાં અમિત શાહે સવાલ કર્યો હતો કે શું અનેક કૌભાંડોમાં સંડોવાયેલી સરકાર જનતાના કલ્યાણની ખાતરી આપી શકે? (એજન્સી)

# નડ્ડાએ તિરુપતિ લાડુ મુદ્દે નાયડુ પાસે રિપોર્ટ માગ્યો

નવી દિલ્હી : કેન્દ્રીય આરોગ્ય પ્રધાન નડ્ડાએ શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુ સાથે વાત કરી છે અને તિરુપતિ લાડુ મુદ્દે સંપૂર્ણ અહેવાલ માગ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્ર આ બાબતની તપાસ કરશે અને યોગ્ય પગલાં લેશે. નાયડુએ દાવો કર્યો છે કે અગાઉની જગન મોહન રેડ્ડી સરકાર દરમિયાન તિરુપતિના લાડુ બનાવવા માટે પશુઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે યુવા શ્રમિક રાયથુ કૉંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી)એ મુખ્ય પ્રધાન પર રાજકીય લાભ માટે ''જઘન્ય આરોપો'' લગાવવાનો આરોપ લગાવીને ભારે રાજકીય વિવાદ સર્જ્યો હતો. તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) એ આ દાવાને સમર્થન આપવા માટે લેબ રિપોર્ટ ફરતો કર્યો છે.

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસ પર એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા નડ્ડાએ કહ્યું, ''મને આ મુદ્દા વિશે સોશિયલ મીડિયા દ્વારા જાણ થઈ છે. મેં આજે ચંદ્રબાબુ નાયડુ સાથે વાત કરી હતી અને સમગ્ર રિપોર્ટ મોકલવા કહ્યું છે.''

## તિરુપતિ લાડુ વિવાદ

# મંદિરોને બ્રાન્ડ 'નંદિની' ઘી વાપરવાનો આદેશ

બેંગલુરુઃ તિરુપતિ લાડુ વિવાદ એક મોટા વિવાદમાં ફેરવાયા બાદ કર્ણાટક સરકારે શુક્રવારે એક પરિપત્ર બહાર પાડીને હિંદુ ધાર્મિક સંસ્થાઓ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ ડિપાર્ટમેન્ટ હેઠળનાં તમામ મંદિરોને ત્યાં તૈયાર કરવામાં આવતા 'પ્રસાદ'માં ગુણવત્તા જાળવી રાખવાનો આદેશ આપ્યો છે.

મંદિરોને માત્ર કર્ણાટક મિલ્ક ફેડરેશન(કેએમએફ)ના નંદિની બ્રાન્ડ ઘીનો જ ઉપયોગ કરવાનું કહેવામાં આવ્યું છે. પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે કર્ણાટક રાજ્ય ધાર્મિક એન્ડોમેન્ટ વિભાગ હેઠળ આવતા તમામ સૂચિત મંદિરોએ ફરજિયાત સેવા, દીવા, તમામ પ્રકારના પ્રસાદની તૈયારી અને દસોહા ભવન (જ્યાં ભોજન પીરસવામાં આવે છે)માં ફરજિયાતપણે માત્ર નંદિની ઘીનો ઉપયોગ કરવાનો આદેશ છે. પરિપત્રમાં મંદિરોમાં પ્રસાદમાં ગુણવત્તા જાળવી રાખવા માટે આદેશ આપવામાં આવ્યો છે. અત્યંત સમૃદ્ધ શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરનું સંચાલન કરતા તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ(ટીટીડી)એ શુક્રવારે ખુલાસો કર્યો કે ગુણવત્તા માટે પરીક્ષણ કરાયેલા નમૂનાઓમાં હલકી ગુણવત્તાવાળું ઘી અને ચરબીની હાજરી મળી આવી છે.

## પહેલા પાનાનું ચાલુ

### સેન્સેક્સ

થયા હતા, જ્યારે યુરોપના ઈક્વિટી માર્કેટમાં બપોરના સત્ર સુધી નરમાઇ જોવા મળી હતી. ગુરુવારે અમેરિકાના બજારો નોંધપાત્ર રીતે ઊંચા સ્તરે બંધ થયા હતા.

અમેરિકાના ડાઉ જોન્સ અને એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સે ગઈકાલે વધુ એક વિક્રમી ઊંચી સપાટી બનાવી છે જે મધર માર્કેટ યુએસની આગેવાની હેઠળ ચાલી રહેલી આ ગ્લોબલ બુલ માર્કેટની મજબૂતાઈનો સંકેત આપે છે.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૨,૫૪૭.૫૩ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૩ ટકા ઘટીને ૭૪.૭૧ ડૉલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા પાંચ ટકાથી વધુ ઉછળ્યો હતો. જેએસડબલ્યુ સ્ટીલ, આઈસીઆઈસીઆઈ બૅન્ક, લાર્સન એન્ડ ટુબ્રો, ભારતી એરટેલ, નેસ્લે, અદાણી પોર્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર, એચડીએફસી બેંક, ટેક મહિન્દ્રા, મારુતિ, કોટક મહિન્દ્રા બૅન્ક અને ટાટા સ્ટીલ અન્ય વધનારા શેરો હતા. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડસઈન્ડ બૅન્ક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને બજાજ ફાઈનાન્સ ટોપ લુઝર બન્યા હતા.

### પ્રથમ ટેસ્ટમાં

રાણાનો શિકાર થયો હતો. યશસ્વીએ પ્રથમ દાવમાં ૫૬ રન બનાવ્યા હતા, પરંતુ શુક્રવારે ૧૭ બૉલમાં માત્ર ૧૦ રન બનાવીને વિકેટકીપર લિટન દાસને કૅચ આપી બેઠો હતો.

કૅપ્ટન રોહિત શર્મા પહેલા દાવના છ રન બાદ બીજા દાવમાં પાંચ રન બનાવીને પૅવિલિયન ભેગો થઈ ગયો હતો અને વિરાટ કોહલી પહેલા દાવના ૬ રન બાદ બીજી ઇનિંગ્સમાં ૧૭ રનની ટૂંકી ઇનિંગ્સ બાદ સ્પિનર હસન મિરાઝના બૉલમાં એલબીડબ્લ્યૂ થઈ ગયો હતો. બે સ્પિનર શાકિબ અલ હસન અને મિરાઝે કોહલી પર સ્પિન-આક્રમણ કર્યું હતું અને છેવટે મિરાઝનો ફ્લાઇટેડ બૉલ કોહલીના ઑફ સ્ટમ્પની બહાર પડીને ટર્ન થઈને અંદર આવ્યો હતો, પરંતુ કોહલી એમાં ફ્લિક કરવાના પ્રયાસમાં એલબીડબ્લ્યૂ થઈ ગયો હતો.

કોહલીની પહેલાં યશસ્વી જયસ્વાલ નાહિદ રાણાના બૉલમાં બિગ શૉટ મારવાની લાલચમાં સસ્તામાં (૧૦ રનમાં) વિકેટ ગુમાવી બેઠો હતો. જોકે ૨૮ રનમાં ભારતે બે વિકેટ ગુમાવ્યા બાદ કોહલી-શુભમન ગિલ (૩૩ નૉટઆઉટ, ૬૪ બૉલ, ચાર ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૩૯ રનની ભાગીદારી થઈ હતી અને પછી ગિલ તથા રિષભ પંત (૧૨ નૉટઆઉટ, ૧૩ બૉલ, એક સિક્સર, એક ફોર) વચ્ચે ૧૪ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

પેસ બોલર્સ તાસ્કિન અને રાણાને એક-એક વિકેટ અને સ્પિનર મિરાઝને એક વિકેટ મળી હતી. પ્રથમ દાવમાં ૮૩ રનમાં પાંચ વિકેટ લેનાર હસન મહમૂદને શુક્રવારે ૧૨ રનમાં વિકેટ નહોતી મળી શકી.

એ પહેલાં, બાંગ્લાદેશને પહેલા દાવમાં ફક્ત ૧૪૯ રનમાં ઑલઆઉટ કરીને ટીમ ઇન્ડિયા ઘરઆંગણે બૅટિંગ પછી બોલિંગમાં પણ કેટલી અસરદાર છે એ બતાવી આપ્યું હતું. ભારતીય ટીમ બાંગ્લાદેશને ફૉલો-ઑન આપી શકી હોત, પરંતુ ફૉલો-ઑન આપવાનું ટાળીને ફરી બૅટિંગ કરવાનો નિર્ણય લીધો હતો કે જેથી પ્રવાસી ટીમને ૫૦૦-પ્લસ જેટલો મોટો લક્ષ્યાંક આપીને આસાનીથી જીતી શકાય. જસપ્રીત બુમરાહ (૧૧-૧-૫૦-૪) શુક્રવારનો હીરો હતો. બે-બે વિકેટ બીજા પેસ બોલરો આકાશ દીપ તથા મોહમ્મદ સિરાજે અને લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાએ લીધી હતી.

એક પણ બૅટર ૩૫ રન પણ નહોતો બનાવી શક્યો. શાકિબ-અલ-હસનના ૩૨ રન ટીમમાં હાઈએસ્ટ હતા.

એ પહેલાં, ભારતે પહેલા દાવની બીજા દિવસની રમત ૩૩૯/૬ના સ્કોર સાથે શરૂ કરી હતી, પરંતુ જાડેજાએ આગલા દિવસના ૮૬ રનના પોતાના સ્કોર પર જ વિકેટ ગુમાવી દીધી હતી. તે પાંચમી ટેસ્ટ-સદીથી માત્ર ૧૪ રન માટે વંચિત રહ્યો હતો. અશ્વિને ૧૦૨ રનની અધૂરી રહેલી યાદગાર ઇનિંગ્સમાં બીજા ૧૧ રન ઉમેર્યા હતા અને ૧૧૩ રનના પોતાના વ્યક્તિગત સ્કોર પર આઉટ થઈ ગયો હતો.

### ભ્રષ્ટ કૉંગ્રેસ

દેશમાં જો કોઈ સૌથી ભ્રષ્ટ પક્ષ હોય તો તે કૉંગ્રેસ છે અને સૌથી ભ્રષ્ટ પરિવાર હોય તો તે શાહી પરિવાર છે. વિદેશમાં અનામત અંગે કરેલા નિવેદનને મામલે રાહુલ ગાંધી શાસક પક્ષના રોષનો સામનો કરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે હું ગણેશ પૂજા માટે એક કાર્યક્રમમાં ગયો હતો અને તૃષ્ટીકરણનું રાજકારણ કરતી કૉંગ્રેસે તેનો પણ વિરોધ કર્યો હતો. કર્ણાટકમાં ગણપતિ બાપ્પાને જેલમાં પૂરવામાં આવ્યા હતા. ગણપતિની મૂર્તિને પોલીસ વાનમાં લઈ જવામાં આવી હતી છતાં મહારાષ્ટ્રના કૉંગ્રેસના સાથીપક્ષોએ આ મામલે મૌન સેવ્યું હતું અને ગણપતિ બાપ્પાના અપમાન અંગે કોઈ ચોક્કસ વલણ નહોતું અપનાવ્યું. કૉંગ્રેસે ખેડૂતોનો માત્ર રાજકારણ અને ભ્રષ્ટાચાર માટે જ ઉપયોગ કર્યો હતો, એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આપણે કૉંગ્રેસને હવે વધુ એકપણ તક ન આપવી જોઈએ. તેલંગણામાં પણ કૉંગ્રેસે આપેલા ચૂંટણી વચનોની પૂર્તિ નથી કરી. પીએમ વિશ્વકર્મા યોજનાના એક વરસની પૂર્તિ નિમિત્તે મહારાષ્ટ્રના વર્ધા ખાતે યોજાયેલી એક સભાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે જે કૉંગ્રેસ સાથે તમે જોડાયેલા હતા તેની સાથે મહાત્મા ગાંધી જેવી મહાન વ્યક્તિ સંકળાયેલી હતી.

અનુસૂચિત જાતિ-જનજાતિ અને અન્ય પછાત વર્ગના લોકો પીએમ વિશ્વકર્મા યોજનાના સૌથી મોટા લાભાર્થી છે, એમ જણાવી મોદીએ કૉંગ્રેસ પર આ યોજનાની અવગણના કરવાનો આક્ષેપ કર્યો હતો. કૉંગ્રેસે એસસી, એસટી અને ઓબીસી વર્ગના લોકોને સમૃદ્ધ ન થવા દીધા હોવાનો આક્ષેપ પણ મોદીએ કર્યો હતો.

છેલ્લાં એક વર્ષમાં જુદા જુદા વ્યવસાય સાથે સંકળાયેલા ૨૦ લાખ કરતા પણ વધુ લોકોને વિશ્વકર્મા યોજના સાથે જોડવામાં આવ્યા છે અને આઠ લાખ લોકોને કુશળતાની તાલીમ આપવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

ઐસી દિવાનગી

# આઈફોન-૧૬ માટે અમદાવાદી યુવાન બીકેસીમાં ૨૧ કલાક લાઇનમાં ઊભો રહ્યો

## ઍપલ સ્ટોર પર લાગી લાંબી લાંબી લાઇનો

મુંબઈ: યુવાનોમાં મોબાઇલો, એમાં પણ ખાસ કરીને આઇફોનનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે. શુક્રવારે ભારતમાં ઍપલનો આઇફોન-૧૬ લૉન્ચ થયો હતો ત્યારે મુંબઈના બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)માં આવેલા ઍપલ સ્ટોરમાં આઇફોનની આ નવી સીરિઝ લેવા માટે એક અમદાવાદી યુવાન મુંબઈ આવ્યો હતો તથા એક-બે નહીં, પૂરા ૨૧ કલાક લાઇનમાં ઊભો રહ્યો હતો અને સૌથી પહેલા આઇફોન-૧૬ લીધો હતો.

ઍપલના આઇફોનનો દીવાનો ઉજ્જવલ શાહ અમદાવાદથી મુંબઈ આવ્યો હતો અને સૌથી પહેલા આઇફોન-૧૬ ખરીદ્યો હતો. આવો કોઇ એક કિસ્સો નથી અનેક છે. બીકેસીમાં બહુ મોટી લાઇન આઇફોન-૧૬ માટે લાગી હતી.

'હું ઘણો ઉત્સાહી હતો. હું અહીં ૨૧ કલાક લાઇનમાં ઊભો રહ્યો. લાઇનમાં હું સૌથી પહેલો હતો તેથી ઍપલ સ્ટોરમાં હું સૌપ્રથમ દાખલ થયો. આઇફોન-૧૬માં ઘણા નવા ફીચર્સ છે', એમ ઉજ્જવલ શાહે જણાવ્યું હતું.

ભારતમાં લોકો નવા ગેજેટ પ્રત્યે હંમેશા ઉત્સાહી જણાતા હોય છે અને જ્યારે વાત આઇફોનની આવે છે ત્યારે આ ઉત્સાહ ચરમસીમાએ પહોંચી જાય છે. સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયોમાં જોઇ શકાય છે કે ઍપ્પલ સ્ટોરની બહાર રીતસરની લાંબી લાઇન લાગી હતી. ■



## લાઇનમાં ઊભા-ઊભા જ આઇફોન-૧૬ને ઓનલાઇન ઑર્ડર કર્યો, તરત આવી ગયો

આઇફોન-૧૬ લેવા માટે બીકેસીના ઍપ્પલ સ્ટોરમાં લાંબી લાઇન લાગી હતી ત્યારે લાઇનમાં ઊભા એક યુવાને તાત્કાલિક ઓનલાઇન ઓર્ડર આપી દીધો અને મિનિટોમાં જ તેનો આઇફોન તેને ડિલિવર પણ કરી દેવાયો.

'એક્સ' પર એક યુઝરે કહ્યું હતું કે તે યુવાન લાઇનમાં મારી આગળ જ ઊભો હતો. તેણે ઓનલાઇન ઓર્ડર આપ્યો અને મિનિટોમાં જ આઇફોન-૧૬ તેના હાથમાં હતો.

એક્સ પર આ બાબત ચર્ચાનો વિષય બની હતી અને લોકો આટલી ઝડપે ડિલિવરી કરનાર ઓનલાઇન કોમર્સ સર્વિસનું નામ પણ જાણવા આતુર હતા. અમુક યુઝર્સે તો ડિવિલરી બૉયને 'સુપર હીરો' પણ કહી દીધો. ■

# વરલી સી લિંક પરથી લગાવી મોતની છલાંગ

મુંબઈ: ગોવંડી વિસ્તારમાં રહેનારા શખસે ગુરુવારે મધરાતે બાંદ્રા-વરલી સી લિંક પરથી ઝંપલાવી જીવનનો અંત આણ્યો હતો. મૃતકની ઓળખ અલ્તાફ મોહંમદ હુસેન તરીકે થઇ હોઇ તેનો મૃતદેહ દાદર પોલીસ સ્ટેશનની હદમાંથી શુક્રવારે સવારે મળી આવ્યો હતો.

અલ્તાફ હુસેન ફોર-વ્હીલરમાં ગુરુવારે મોડી રાતે ૧.૦૦ વાગ્યાની આસપાસ કારમાં વરલી સી લિંક પર આવ્યો હતો. પિલર નંબર-૮૩ અને ૮૪ વચ્ચે તેણે કાર થોભાવી હતી. કારમાંથી નીચે ઊતર્યા બાદ તેણે દરિયામાં ઝંપલાવ્યું હતું. દરમિયાન બનાવની જાણ થતાં વરલી પોલીસ સ્ટેશનનો સ્ટાફ તથા અગ્નિશમન દળના જવાનો ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને દરિયામાં ઝંપલાવનાર શખસની શોધ ચલાવવામાં આવી હતી.

અંધારું હોવાથી બેટરીની મદદથી પાણીમાં શોધ ચલાવાઇ હતી, પણ ભરતી હોવાથી તેનો કોઇ પત્તો લાગ્યો નહોતો. આખરે શુક્રવારે સવારે ૭.૩૦ વાગ્યે દાદરમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો, જેને નાયર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. ■

TOSAA
PRESSURE COOKER
NON-STICK COOKWARE
MUCH MORE...

# કોસ્ટલ રોડ આજથી સવારે સાતથી મધરાત સુધી ખુલ્લો રહેશે

મુંબઈ: શનિવાર (૨૧ સપ્ટેમ્બર)થી દરરોજ સવારે ૭ વાગ્યાથી મધ્યરાત્રિ સુધી મુંબઈના કોસ્ટલ રોડ પર વાહનોની અવરજવર થઈ શકશે. અગાઉ દક્ષિણ મુંબઈ તરફનો પટ્ટો સવારે ૭થી રાત્રે ૧૧ વાગ્યા સુધી કાર્યરત રહેતો હતો, જ્યારે ઉત્તર તરફનો પટ્ટો એ જ સમયપત્રકને અનુસરતો હતો, પણ શનિ - રવિમાં તેને બંધ કરવામાં આવતો હતો. જોકે, ગણેશોત્સવ દરમિયાન કોસ્ટલ રોડ ચોવીસ કલાક ખુલ્લો રાખવામાં આવતા જનતાને આવનજાવનમાં આસાની રહી હતી. હવે તહેવારની પૂર્ણાહુતિ થતા સમય બદલાયો છે. બિંદુ માધવ ઠાકરે ચોક, રજની પટેલ ચોક (લોટસ જંકશન) અને અમરસન્સ ગાર્ડનથી મરીન ડ્રાઇવ સુધીનો દક્ષિણ મુંબઈ સુધીનો પટ્ટો તેમ જ મરીન ડ્રાઇવ, હાજી અલી અને રજની પટેલ ચોક (લોટસ જંકશન)થી બાંદ્રા-વરલી સી લિંક (રાજીવ ગાંધી સી લિન્ક) સુધીનો ઉત્તર મુંબઈ તરફનો પટ્ટો વાહનવ્યવહાર માટે ખુલ્લો રહેશે. મુંબઈ કોસ્ટલ રોડને બાંદ્રા-વરલી સી લિંક સાથે જોડતા પુલની એક બાજુ ૧૩ સપ્ટેમ્બરના રોજ ઉત્તર તરફના ટ્રાફિક માટે શરૂ કરવામાં આવી હતી. ■

## બદલાપુરમાં બે બાળકી સાથે દુષ્કર્મ

# સફાઇ કર્મચારી વિરુદ્ધ બે અલગ ચાર્જશીટ દાખલ: ભૂતપૂર્વ પત્નીને સાક્ષીદાર બનાવાઇ

થાણે: બદલાપુરની શાળામાં કિંડરગાર્ટનની બે બાળકી સાથે દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા સફાઇ કર્મચારી અક્ષય શિંદે સામે એસઆઇટી (સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ)એ કલ્યાણ ખાતેની વિશેષ પોક્સો કોર્ટમાં બે અલગ ચાર્જશીટ દાખલ કરી છે. આરોપીની ભૂતપૂર્વ પત્નીને ચાર્જશીટમાં સાક્ષીદાર બનાવવામાં આવી છે.

આરોપીની ભૂતપૂર્વ પત્નીએ તાજેતરમાં ફરિયાદ કરી હતી કે આરોપી તેની સાથે અનૈસર્ગિક સંભોગ કરતો હતો. આથી લગ્નના થોડા જ દિવસમાં તેણે તેને છોડી દીધો હતો. આથી આનો આધાર લઇ આરોપીની વિકૃત માનસિકતા બંને ચાર્જશીટમાં બતાવવાનો એસઆઇટી દ્વારા પ્રયાસ કરાયો છે. સોમવારે અને ગુરુવારે ચાર્જશીટ દાખલ કરાઇ હતી.

એસઆઇટીએ સાક્ષીદારનાં નિવેદન અને આરોપીની કબૂલાત જેવા ટેક્નિકલ, તબીબી અને અન્ય પુરાવા ૫૦૦થી વધુ પાનાંની ચાર્જશીટ સાથે દાખલ કર્યા છે. ચાર્જશીટમાં શાળાના અનેક કર્મચારી, બે સહાયકો, શિક્ષક, પ્રિન્સિપાલને પણ સાક્ષીદાર બનાવવામાં આવ્યાં છે. શાળાના પ્રવેશદ્વારના સીસીટીવી ફૂટેજ પણ જોડવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઑગસ્ટમાં બંને બાળકીએ દુષ્કર્મની જાણ કરી હતી, જેને પગલે પોલીસે સફાઇ કર્મચારીની ધરપકડ કરી હતી. જોકે પોલીસે કાર્યવાહીમાં ઢીલ કરી હોવાનો આક્ષેપ કરી ૨૦ ઑગસ્ટે વાલીઓ તથા સ્થાનિકો દ્વારા બદલાપુર બંધની હાકલ કરી લોકલ ટ્રેનને કલાકો સુધી રોકી હતી. એ સિવાય શાળામાં પણ તોડફોડ કરાઇ હતી. બાદમાં પોલીસે શાળાના પ્રિન્સિપાલ, સેક્રેટરી, ચેરમેન સામે ગુનો દાખલ કર્યો હતો. બદલાપુર પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઇ, પીએસઆઇ અને કોન્સ્ટેબલને બેદરકારી માટે સસ્પેન્ડ કરાયા હતા.

બદલાપુરના આ બનાવે આખા રાજ્ય જ નહીં પણ દેશમાં પણ આકરા પડઘા પાડ્યા હતા અને એને પગલે લગભગ દસ કલાક ચાલેલું રેલ રોકો આંદોલન પણ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવ્યું હતું. ■

# મહારાષ્ટ્રમાંથી ઉદ્યોગો નથી જઇ રહ્યા: ફડણવીસની સ્પષ્ટતા

મુંબઈ: છેલ્લા કેટલાક વર્ષોમાં મહારાષ્ટ્રના ઘણા ઉદ્યોગો ગુજરાતમાં ગયા હોવાનો વિરોધ પક્ષ દ્વારા આક્ષેપ કરાઇ રહ્યો છે ત્યારે બીજી બાજુ રાજ્યના ઉદ્યોગો ગુજરાતમાં ગયા નથી, એવો દાવો નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કર્યો હતો અને કહ્યું હતું કે ઉદ્યોગો રાજ્યની બહાર જઇ રહ્યા હોવાનો નરેટિવ વિપક્ષો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. વિધાનસભામાં વિપક્ષ નેતા વિજય વડેટિવારે આક્ષેપ કર્યો હતો કે મહારાષ્ટ્રનો વધુ એક પ્રકલ્પ ગુજરાત ગયો છે. નાગપુરમાં સોલર પૅનલ પ્રકલ્પ આવવાનો હતો, જેના હેઠળ મહારાષ્ટ્રમાં ૧૮,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ થવાનું હતું. રાજકીય ઉદાસીનતાને કારણે આ પ્રકલ્પ પણ રાજ્યની બહાર જતો રહ્યો છે. હિન્દુ-મુસ્લિમ વિવાદ, જીભ કાપો-જીભ પર ડામ આપો, પક્ષ ફોડો, વિધાનસભ્યોને ભગાવો વગેરે કૃત્યો કરનારી મહાયુતિની સરકાર મહારાષ્ટ્રમાં છે ત્યારે વિશ્વના કોર્પોરેટ કંપનીઓ અને ઉદ્યોગોને રાજ્યમાં વેપાર કરવો મુશ્કેલ થઇ ગયું છે. તેથી પ્રકલ્પો ગુજરાત જઇ રહ્યા છે, એમ વડેટિવારે જણાવ્યું હતું. તેના પર પ્રતિક્રિયા આપતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે વિરોધ પક્ષ સતત મહારાષ્ટ્રની બદનામી કરી રહ્યો છે. રિન્યુ પાવર પ્લાન્ટ મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં ગયો એવો પ્રચાર તેમના દ્વારા કરાયો, પણ હવે રિન્યુ પાવર પ્લાન્ટે જ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે અમે મહારાષ્ટ્રમાં જ છીએ અને રાજ્ય છોડીને અમે ક્યાંય જવાના નથી. અમે અહીં રોકાણ પણ વધારવાના છીએ. ■

# સોનામાં રોકાણ: રોકાણકારો માટેની માર્ગદર્શિકા



વિકાસ વેડેકર,
હેડ-પેસિવ બિઝનેસીસ,
એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

ભારત જેવા ઊભરતા બજારો નાણાંકીય તકોને નવો ઓપ આપવામાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યા છે. તમામ નાગરિક સભ્યતાઓમાં કોઈપણ સમયે ટકી રહી હોય તેવી એસેટ છે સોનું. કૉમોડિટી અને હેજ બંને તરીકે સોનું એક વિશ્વસનીય રોકાણ તરીકે ગણાતું રહ્યું છે.

**સોનું શા માટે ચિરકાલિન તરીકે રહ્યું છે**

લાંબા સમયથી સોનું ભારતીય સંસ્કૃતિમાં એક અનોખું સ્થાન ધરાવે છે જેને સંપત્તિ, મોભા અને પરંપરાનું પ્રતીક ગણવામાં આવે છે. આ સાંસ્કૃતિક મહત્ત્વના લીધે સદીઓથી દેશમાં સોનાની માગ વધતી રહી છે. હવે ભારતમાં ઝડપી આર્થિક વૃદ્ધિ સાથે સોના અને રોકાણકારો વચ્ચેનો સંબંધ મહત્ત્વપૂર્ણ રીતે વધ્યો છે. આવકો વધવાથી વધુને વધુ લોકો વિવિધ નાણાકીય માર્ગેથી સોનામાં રોકાણ કરતા થયા છે. આના લીધે અંગત વપરાશ તથા રોકાણના સાધન બંને માટે સોનાની માગમાં નોંધપાત્ર વધારો થયો છે.

**ભારતની અનોખી સોનાની માગ**

સોના માટે ભારતનો સાંસ્કૃતિક લગાવ જરાય છૂપો નથી, પરંતુ હવે એ સમજવું જરૂરી છે કે આ પરંપરા કેવી રીતે ઊભરી રહી છે. મધ્યમ વર્ગ વિસ્તરી રહ્યો છે અને સંપત્તિની સુરક્ષા સાથે સંપત્તિ સર્જનના સંતુલનની જરૂરિયાત પણ વધી છે. અહીં સોનું બેવડી ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે: સમૃદ્ધિના પ્રતીક તરીકે અને વ્યૂહાત્મક નાણાકીય સંપત્તિ તરીકે. આના પગલે રોકાણકારો માટે આ કૉમોડિટી સાથે જોડાવાની અનોખી તક ઊભી થઈ છે જે ઊંડું મૂલ્ય ધરાવે છે અને નાણાકીય આયોજનમાં સતત મહત્ત્વપૂર્ણ બની રહી છે. આના પગલે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સોનામાં નોંધપાત્ર માગ જોવા મળી છે.

**અનિશ્ચિત સમયમાં હેજિંગનું સાધન:** સમય અનિશ્ચિત છે એટલે સોનું અનિશ્ચિત સમયમાં હંમેશાં સાનુકૂળ પસંદગી રહી છે. સોનું સ્થાનિક બજારોમાં અસ્થિરતાથી પોર્ટફોલિયોની સુરક્ષા કરવાની સંભાવના ધરાવે છે.

**૧. સોનામાં એક્સપોઝર વધારો:** સોનું અસ્થિર પોર્ટફોલિયોમાં લાંબા ગાળાની સ્થિરતા આપી શકે છે. સોનું લાંબા ગાળે તેના મૂલ્યને જાળવી રાખવાનો લાંબો ઇતિહાસ ધરાવે છે અને એટલે જ તેને સંપત્તિ જાળવી રાખવા માટે પસંદ કરવામાં આવે છે, જ્યારે શૅરબજાર ઘટે ત્યારે સોનાના ભાવો વધી શકે છે જેના પગલે પોર્ટફોલિયોમાં ડાયવર્સિફિકેશનના લાભો મળે છે.

**૨. યોગ્ય સાધનોમાં ડાયવર્સિફિકેશન:** ફિઝિકલ ગોલ્ડ, ઇટીએફ, ગોલ્ડ માઇનિંગ શેરો, આ બધાના પોતાના લાભો અને જોખમો છે. ફિઝિકલ ગોલ્ડ પહેલી નજરે સુરક્ષા પૂરી પાડે છે, પરંતુ તેની તરલતા એક અલગ મુદ્દો હોઈ શકે છે. બીજી તરફ ઇટીએફ ફ્લેક્સિબિલિટી અને વેપારની સરળતા પૂરી પાડે છે જે આજની ડિજિટલ અને ઝડપથી વધતી નાણાકીય ઇકોસિસ્ટમ સાથે વધુ સાનુકૂળ છે.

# જાલનામાં બસ-ટ્રકની ટક્કર: છ લોકોનાં મોત

જાલના: જાલના જિલ્લાના બીડ માર્ગ પર બસ અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત થયો હતો. ઓવરટેક કરવાના ચક્કરમાં ટ્રક બસ સાથે અથડાઇ હતી જેમાં છ જણનાં મૃત્યુ અને ૧૪ જણ ઘાયલ થયા હતા. આ અકસ્માત એટલો ભીષણ હતો કે બન્ને વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઘાયલોને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સૂત્રો દ્વારા મળેલી માહિતીનુસાર તે બસ ગેવરાઇથી અંબડ તરફ જઇ રહી હતી, જ્યારે મોસંબીથી ભરેલી ટ્રક જાલનાથી આવી રહી હતી. વડીગોદી હાઇવે પર મઠ તાંડા ગામ પાસે બસ અને ટ્રકની સામસામે ટક્કર થઇ હતી. ટ્રક દ્વારા અન્ય વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો હતો. આ અકસ્માત એટલો ભયંકર હતો કે બન્ને વાહનનો ભૂકો વળી ગયો હતો. અકસ્માતના સમયે બસમાં ૩૦ પ્રવાસી હતા જેમાંથી છ જણનાં મોત અને ૧૪ જણ ઘાયલ થયા હતા.

અકસ્માત બાદ સ્થાનિક નાગરિકો તાત્કાલિક મદદે આવ્યા હતા. જખમી પ્રવાસીઓને નજીકની હોસ્પિટલમાં લઇ જવાયા હતા. અકસ્માત થયો કેવી રીતે એ અંગે પોલીસ તપાસ કરી રહી છે. ■

Prahladrai Dalmia Lions College of Commerce & Economics
Sunder Nagar, S.V. Road, Malad (W), Mumbai - 64.
Tel: 022- 35112985/ 35115316
Email : dalmialionscollege@gmail.com
Website : www.dalmialionscollege.ac.in
(Government Aided & Affiliated to University of Mumbai & AICTE)
NAAC Re-accredited with 'A' Grade (III Cycle)
ISO 21001 : 2018 Certified
University of Mumbai Recognized Research Centre in Accountancy, Commerce & Economics
A Government Approved Hindi Linguistic Minority Institute
52 Years of Sterling Performance in Education
ADMISSIONS OPEN
[2024-2025]
BMS PROGRAMME
AICTE APPROVED
Eligibility : As prescribed by the State CET Cell, Maharashtra (www.mahacet.org)
DTE Code:03555 Choice Code: 0355510270U
For more details visit our website www.dalmialionscollege.ac.in

# બેફામ બોલતા નિતેશ રાણે સામે તત્કાળ પગલાં ભરો

## અજિત પવારની એનસીપીના વિધાનસભ્યે દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને માગણી કરી

મુંબઈ: ભાજપના વિધાનસભ્ય નિતેશ રાણે વારંવાર ધાર્મિક ઉશ્કેરણીવાળાં નિવેદનો કરે છે. તેથી તેમનાં નિવેદનોની તપાસ કરી તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે, એવી માગણી અજિત પવાર જૂથની એનસીપીના વિધાનસભ્ય સતીશ ચવ્હાણે પત્ર લખીને ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસે કરી છે.

ભાજપના વિધાનસભ્ય નિતેશ રાણે છેલ્લા કેટલાક મહિનાઓથી જાહેરસભાઓમાં ધાર્મિક ઉશ્કેરણીજનક તથા વિવાદાસ્પદ નિવેદનો કરી રહ્યા છે.

થોડા દિવસ પહેલા સાંગલી ખાતેના એક કાર્યક્રમમાં રાણેએ હિન્દુ-મુસ્લિમ સમાજમાં તંગદિલી ફેલાવનારું નિવેદન આપ્યું હતું, એમ ચવ્હાણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં આગામી બે મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે નિતેશ રાણે રાજકીય લાભ લેવા માટે વારંવાર મુસ્લિમ સમાજ અને તેમનાં ધર્મસ્થળો અંગે વિવાદાસ્પદ નિવેદનો કરી રહ્યા છે, એવો આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

મુસ્લિમ સમાજ નિતેશ રાણેથી નારાજ છે. તેમની સામે કાયદેસર ગુનો દાખલ છે, છતાં તેઓ વારંવાર આવાં નિવેદનો આપી રહ્યા છે. તેમને કારણે બે સમુદાય વચ્ચે રમખાણો થઇ શકે છે, એવી ચિંતા પણ ચવ્હાણે ફડણવીસને લખેલા પત્રમાં કરી હતી. ■

# બોરીવલીમાં ટ્રકે અડફેટે લેતાં બાળકનું મૃત્યુ

મુંબઈ: સ્કૂલેથી બહેન સાથે ઘરે જઈ રહેલા ૧૨ વર્ષના બાળકને ટ્રકે અડફેટે લીધો હોવાની ઘટના બોરીવલીમાં બની હતી. આ બનાવમાં બાળકનું મૃત્યુ થતાં રાહદારીઓએ ટ્રક ડ્રાઈવરને પકડી પોલીસને સોંપ્યો હતો. ઘટના શુક્રવારની બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ બોરીવલી પૂર્વમાં કાર્ટર રોડ નંબર ત્રણ પર બની હતી. મૃતકની ઓળખ વિકી કનોજિયા તરીકે થઈ હતી. કાર્ટર રોડ પર જ રહેતો વિકી સ્કૂલેથી છૂટીને બહેન સાથે ચાલતો ઘરે જઈ રહ્યો હતો. પાછળથી આવેલી ટ્રકે અડફેટે લેતાં વિકીનું મૃત્યુ થયું હતું. ■

MOTILAL OSWAL WEALTH MANAGEMENT
FORTUNE Wealth
BHARAT — PE BHAROSA —
Celebrating 25 Years of Fortune Wealth
Date & Time
Sunday, 29th September 2024
09:15 AM Onwards, (Followed by Lunch)
Venue
Mukesh Patel Auditorium, NMIMS College, Vile Parle (W)
Guests
Shri. Mavji Bhai Patel, Kiran Gems (Chief Guest)
Dr. Sultan Pradhan, Surgical Oncologist (Guest of Honour)
Shri. Jitendra Chunilal Mehta (Distinguished Guest)
Speakers
Mr. Navin Agarwal (MD & CEO of MOFSL)
Mr. Aashish P Sommaiyaa (CEO of WhiteOak Capital AMC)
Mr. Suresh Srinivasan (Motivational Speaker)
Organized by
Satish Mehta
(Fortune Wealth and Motilal Oswal)
For enquires Contact - 7666965533
Valet Parking Available | Exclusive Entry by invitation only.
Scan this QR CODE to register
Limited seats available.

# નાશિકમાં ત્રણ બાળકોને કૂવામાં ધકેલી દીધાં

નાશિક: નાશિકમાં ત્રણ બાળકોને મારી નાખવાને ઇરાદે કૂવામાં ધકેલી દીધા હોવાની ઘટના પ્રકાશમાં આવતાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે બેની શોધ હાથ ધરી હતી.

સિન્નર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના ગુરુવારની બપોરે સિન્નર તાલુકાના વડગાંવ પિંગાળા વિલેજમાં બની હતી. સદ્નસીબે એક બાળકે દોરડું પકડી લેતાં તેણે બીજા બે બાળકને પણ બચાવી લીધા હતા.

ધરપકડ કરાયેલા આરોપી અમોલ રામનાથ લાંડગે અને તેના બે સાથીએ કાચબો જોવાને બહાને બાળકોને કૂવાની નજીક બોલાવ્યા હતા. કૂવા નજીક આવેલા બાળકો કાચબો જોવા અંદર ડોકિયું કરી રહ્યા હતા ત્યારે આરોપીઓએ તેમને ધક્કો માર્યો હતો.

એક બાળકે કૂવામાંનું દોરડું પકડી લીધું હતું, જેને કારણે તેણે બીજા બન્ને બાળકને પણ બચાવી લીધા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

(પીટીઆઈ) ■

# કર્નાક પુલના ગર્ડર બેસાડવાનું કામ દશેરા પછી: મ. રે. સાત બ્લૉક લેશે

મુંબઈ: બ્રિટિશકાળના કર્નાક પુલના ગર્ડર બેસાડવાનું મહત્ત્વનું કામ દશેરા બાદ પૂર્ણ થશે. ગર્ડર બેસાડવા માટે મધ્ય રેલવે તરફથી ૧૫મી ઓક્ટોબર બાદ સાત બ્લોક લેવામાં આવશે. બ્લોકને કારણે રેલવે પ્રવાસીઓને અસુવિધાનો સામનો ન કરવો પડે તે માટે રાતના સમયે ગર્ડર બેસાડવાનું કામ કરવામાં આવશે. મસ્જિદ બંદરના લોકમાન્ય ટિળક રોડ પર આવેલા કર્નાક પુલની હાલત જોખમી થતા તેને તોડી પાડવામાં આવ્યો હતો. પાલિકા અને મધ્ય રેલવે દ્વારા સંયુક્ત રીતે કર્નાક પુલ બનાવવામાં આવી રહ્યો છે. રેલવે ટ્રેકની ઉપર ગર્ડર બેસાડવા માટે પાલિકાએ રેલવે પાસે ઓગસ્ટના અંતમાં બ્લોકની માગણી કરી હતી. તે માટે છ કલાકનો એક, ત્રણ કલાકના ત્રણ અને બે કલાકના ત્રણ એમ કુલ સાત બ્લોક લેવામાં આવશે. છ કલાકના બ્લોકમાં કેટલીક ટ્રેનો રદ કરવામાં આવશે. આ અંગે ટૂંક સમયમાં વિસ્તૃત ટાઇમટેબલ જાહેર કરવામાં આવશે.

કર્નાક પુલનું પ્રાથમિક કામ કરવા માટે જુલાઇ મહિનામાં સીએસએમટીથી ભાયખલા અને વડાલા દરમિયાન રાત્રીનો બ્લોક લેવામાં આવ્યો હતો. લોકલ અને લાંબા અંતરની ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી. પ્રાથમિક કામ પૂર્ણ થઇ ગયું છે ત્યારે ગર્ડર બેસાડવાનું કામ રેલવે અને પાલિકા દ્વારા હાથ ધરવામાં આવશે. ગર્ડર બેસાડવા માટે ૧૫૦ મેટ્રિક ટન અને ૨૫૦ મેટ્રિક ટન વજનના ક્રેનની મદદ લેવામાં આવશે. આ સાથે વિંચ મશીન, હિલમેન રોલર, ગાઇડ રોલર, પોલીસ, જૅક, ક્રેન અને ડિજિસેટ વગેરે મશીનનો ઉપયોગ પણ કરવામાં આવશે. ■

### ૮૮ ટકા કામ પૂર્ણ

કર્ણાક પુલના બન્ને દિશાના ગર્ડર બેસાડવા માટે કુલ ૧૨ કલાકના બ્લોકની માગણી મધ્ય રેલવે પાસે કરાઇ હતી. મધ્ય રેલવેએ બ્લોક મંજૂર કર્યા બાદ હવે મૂળ કામને ગતિ મળશે. હાલમાં કર્નાક પુલનું કામ ૮૮ ટકા પૂર્ણ થયું છે, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# નાગપુરમાં ગણેશ વિસર્જન વખતે ફટાકડાને કારણે સાત મહિલા દાઝી

નાગપુરઃ નાગપુર જિલ્લામાં ગણેશ વિસર્જન વખતે ફટાકડા ફોડવાને કારણે સાત મહિલા દાઝી ગઇ હતી, જેમાંથી ચારની હાલત ગંભીર છે.પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર જિલ્લા મુખ્યાલયથી ૬૦ કિ.મી. દૂર ઉમરેડ ખાતે ગુરુવારે રાતે આ ઘટના બની હતી. ‘શિવસ્નેહ ગણેશ મંડળ’ ના બાપ્પાની શોભાયાત્રા રાતે શ્રી કૃષ્ણ મંદિર તરફ જઇ રહી હતી ત્યારે ફટાકડા ફોડતી વખતે આ ઘટના બની હતી.

સાક્ષીદારોના જણાવ્યા મુજબ મંડળનો સભ્ય ફટાકડા ફોડી રહ્યો હતો ત્યારે અમુક ફટાકડા ઊડીને શોભાયાત્રા જોવા આવેલા લોકો પર પડ્યા હતા, જેને કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઇ હતી. આ ઘટનામાં સાત મહિલા દાઝી ગઇ હતી અને તેમને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી, જેમાંથી ચારની હાલત નાજુક છે.

# વર્ક સ્ટ્રેસને લીધે સીએના મૃત્યુથી અજિત પવાર ચિંતિત

મુંબઈઃ પુણેમાં અર્ન્સ્ટ એન્ડ યંગ કંપનીની ૨૬ વર્ષની એક કર્મચારીના કથિત રીતે કામના ભારે બોજના કારણે થયેલા મૃત્યુ સંદર્ભે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ચિંતા વ્યક્ત કરી સ્ટ્રેસને કારણે યુવાનોના મૃત્યુના વધી રહેલા બનાવોનો મુદ્દો ઉઠાવ્યો હતો. પુણેના રખેવાળ પ્રધાન પવારે ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ‘સ્ટ્રેસને કારણે અર્ન્સ્ટ એન્ડ યંગ (ઈવાય)ના કર્મચારીના થયેલા મૃત્યુ વિશે જાણીને તેમને દુઃખ થયું છે.’ તેમણે જણાવ્યું હતું કે ‘તણાવને કારણે વધી રહેલા યુવાનોના મૃત્યુના બનાવ પર ધ્યાન આપવાની જરૂર છે. હું આશા રાખું છું કે અર્ન્સ્ટ એન્ડ યંગ ઇન્ડિયા કંપની જરૂરી પગલાં લેશે.’

૨૦૨૩માં સીએની પરીક્ષા પાસ કરનારી એના સેબેસ્ટિયન પેરાયિલે પુણેની ઈવાય ઓફિસમાં ચાર મહિના કામ કર્યા પછી મૃત્યુ પામી હતી. મલ્ટીનેશનલ કન્સલ્ટિંગ કંપનીમાં કામના અતિરેકનો ‘મહિમા’ ગાવા બદલ મૃતકની માતાએ આ મહિને ઈવાય ઇન્ડિયાના અધ્યક્ષ રાજીવ મેમાણીને પત્ર લખ્યો હતો. કથિત સ્વરૂપના ‘અસુરક્ષિત અને શોષણકારી કાર્ય વાતાવરણ’ની તપાસ કરવામાં આવી રહી છે એમ શ્રમ અને રોજગાર મંત્રાલયે ગુરુવારે કહ્યું હતું. સોશિયલ મીડિયા પર આ મામલો વાયરલ થયા બાદ ઈવાયએ બુધવારે એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે જુલાઈ ૨૦૨૪માં એના સેબેસ્ટિયનના દુઃખદ અને અકાળે અવસાનથી વ્યથા અનુભવે છે.

ઈવાયએ જણાવ્યું હતું કે દેશભરની તેની ઓફિસોમાં સુધારણા લાવી સાનુકૂળ વાતાવરણમાં કામ થાય એના પર વધુ ધ્યાન આપશે.

## કરોડનો પગાર છતાં ઈવાયમાંથી નોકરીના પહેલા દિવસે ભાગી ગયો

### અશનીર ગ્રોવરનો જૂનો વીડિયો થયો છે વાયરલ

મુંબઈઃ ઈવાય (અર્ન્સ્ટ એન્ડ યંગ)ની પુણે ઓફિસમાં કામ કરતી એના સેબેસ્ટિયનનું ૨૦ જુલાઈએ અવસાન થયું હતું. આ ઘટનાના પડઘા પડતા ઘણા લોકો કામના સ્થળે પડતા સ્ટ્રેસ - તણાવ વિશે તેમના મંતવ્યો વ્યક્ત કરી રહ્યા છે. ભારતપે કંપનીના સહ-સ્થાપક અને શાર્ક ટેન્ક પ્રોગ્રામથી લોકપ્રિય અશનીર ગ્રોવરે પણ કંપનીમાં કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો હતો. હવે તેનો એક જૂનો વીડિયો ફરીથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો જાણીતા ઉદ્યોગપતિ હર્ષ ગોએન્કાએ શેર કર્યો છે. નીડર રહી બોલવા માટે જાણીતા ગ્રોવરે એક ઇન્ટરવ્યુમાં ઈવાયમાં નોકરીએ લાગ્યા પછી પોતાના પ્રથમ દિવસનું વર્ણન કરી જણાવ્યું હતું કે ‘પહેલા દિવસે ઓફિસ પહોંચી મેં જે જોયું તેનાથી મને આંચકો લાગ્યો. છાતીમાં દુખાવાનું બહાનું કાઢી હું ત્યાંથી ભાગી ગયો. મરવાના વાંકે જીવી રહેલા સ્ટાફને જોઈને મને દુઃખ થયું. જાણે ત્યાં લાશો પડી છે અને તેમના અંતિમ સંસ્કાર કરવાના બાકી હોય એવું મને લાગ્યું.’

# એમએમઆરને એજ્યુકેશન હબ બનાવવાની નીતિ આયોગની યોજના

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)નો ગ્લોબલ ઇકોનોમિક હબ તરીકે વિકાસ કરવાનો માસ્ટર પ્લાન જણાવતા નીતિ આયોગે કહ્યું હતું કે નવી મુંબઈ એરપોર્ટ ઇન્ફલુઅન્સ નોટિફાઇડ એરિયા (નૈના) અને મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક (એમટીએચએલ) વિસ્તારમાં ‘એજ્યુસિટીસ’ (એજ્યુકેશન સિટીસ) બનાવવામાં આવશે. આ એજ્યુસિટીસમાં અનેક કોલેજો, યુનિવર્સિટીઝ, હોસ્ટેલ અને મનોરંજન માટેની સુવિધાઓ ઉપલબ્ધ હશે જેનો ઉદ્દેશ્ય એમએમઆરને ભારતને એક ઉચ્ચ શિક્ષા કેન્દ્ર બનાવવાનો છે.

શિક્ષણ ક્ષેત્રમાં રોકાણકારો સાથેની ચર્ચામાં એવું જાણવા મળ્યું હતું કે તેઓ એમએમઆરમાં ઘણો રસ ધરાવે છે, કારણ કે અહીં શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા માટે જમીન/ઇમારતો સહેલાઇથી મળી રહેશે તથા અહીં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવવા, મનોરંજનના માળખા ઊભા કરવા તથા અન્ય સુવિધાઓ બનાવવા માટેની તમામ જરૂરિયાતો ઉપલબ્ધ રહેશે, એમ નીતિ આયોગના રિપોર્ટમાં જણાવાયું હતું.

શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો ઉચ્ચ શિક્ષણ માટે એમએમઆરની ક્ષમતા અંગે વધુ આશા ધરાવે છે. એચએસએનસી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ નિરંજન હીરાનંદાનીએ જણાવ્યું હતું કે વધુ સ્થાપનાઓ અને કનેક્ટિવિટી સાથે અનેક કેન્દ્રોની સ્થાપના થવી સ્વાભાવિક છે.

મુંબઈ આર્થિક રાજધાની છે તેથી અહીં આઇટી અને ડેટા હબ છે તથા મુંબઈ અને પુણે વચ્ચે એક સંપન્ન ઔદ્યોગિક ક્ષેત્રની સાથે શિક્ષણને ચોક્કસ રીતે પ્રોત્સાહન મળશે.

વર્લ્ડ ઇકોનોમિક ફોરમના અંદાજ પ્રમાણે ૨૦૩૦ સુધી વૈશ્વિક સ્તરે અંદાજે વધારાની બે કરોડ ડિજિટલ નોકરીની જરૂર પડશે. નીતિ આયોગના રિપોર્ટમાં જણાવાયું છે કે એમએમઆરને ૨૦૩૦ સુધી ઓછામાં ઓછા ૧૦-૧૨ લાખ લોકોને સ્કીલ પૂરી પાડવાનું લક્ષ્ય રાખવું જોઇએ તથા ઇલેક્ટ્રોનિક્સ એસેમ્બલી, ડિજિટલ સંબંધિત અભ્યાસક્રમ, એનિમેશન અને વિઝ્યુઅલ ગ્રાફિક્સ, એવિએશન, હોસ્પિટાલિટી પર ભાર આપવો જોઇએ. આ ક્ષેત્રમાં ૪૦ ટકા મહિલાઓને સામેલ કરવા પર જોર આપવામાં આવ્યું છે.

# ચીફ સેક્રેટરી સુજાતા સૌનિક પર રાજીનામું આપવાનું દબાણઃ દાનવે

છત્રપતિ સંભાજી નગરઃ રાજ્ય સરકાર મુખ્ય સચિવ (ચીફ સેક્રેટરી) સુજાતા સૌનિક પર તેના નિર્ણયોનો વિરોધ કરવા બદલ તેમજ તેની ‘કટ પ્રેક્ટિસ’ ચલાવી ન લેવા બદલ રાજીનામું આપવા માટે દબાણ કરી રહી છે એવો દાવો મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ કર્યો છે. દાનવેએ રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનને પત્ર લખીને પોતાની ચિંતા વ્યક્ત કરી તપાસની માંગ કરી છે. આ પત્રની નકલ તેમણે શુક્રવારે સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર પોસ્ટ કરી હતી. એમાં દાનવેએ આરોપ મૂક્યો છે કે તેના નિર્ણયો સાથે હામાં હા ન કરવા બદલ રાજ્ય સરકાર વરિષ્ઠ આઈએએસ અધિકારી પર રાજીનામું આપવા દબાણ લાવી રહી છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) સાથે સંકળાયેલા દાનવેએ દાવો કર્યો હતો કે સુજાતા સૌનિક એક પ્રામાણિક અને ન્યાયી અધિકારી છે અને એકનાથ શિંદે સરકારની ‘કટ પ્રેક્ટિસ’ નથી ચલાવી લેતા. દાનવેએ પોતાના પત્રમાં દાવો કર્યો છે કે જો સુજાતા સૌનિક રાજીનામું આપશે તો તેમના પતિ અને પૂર્વ મુખ્ય સચિવ મનોજ સૌનિકને મહત્ત્વનું પદ આપવામાં આવશે. જો કે એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે જો સુજાતા સૌનિક આ દરખાસ્તો નહીં સ્વીકારે તો મનોજ સૌનિકને ફસાવવામાં આવે તેવી શક્યતા છે.

સેના (યુબીટી)ના નેતાએ એવો પણ આક્ષેપ કર્યો છે કે રાજ્ય સરકારની નીતિઓ સાથે અસહમત થવા બદલ મહિલા આઈએએસ અધિકારીઓ વી રાધા અને આઈ એ કુંદનની અવગણના કરવામાં આવી રહી છે. રાજ્યના આઈએએસ અધિકારીઓમાં અસ્વસ્થતા જોવા મળી રહી છે. આ બાબતોની તપાસની માગણી પણ કરવી જોઈએ એમ પણ દાનવેના પત્રમાં જણાવવામાં આવ્યું છે. (પીટીઆઈ)

# મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર અકસ્માત, એકનું મોત, બે ઘાયલ

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર શુક્રવારે વહેલી સવારે થયેલા અકસ્માતમાં ત્રણ વાહનો વચ્ચે ટક્કર થઇ હતી. આ અકસ્માતમાં એક પ્રવાસીનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું જ્યારે બે જણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો હતો. પનવેલમાં આ ઘટના બની હતી. ટ્રક, ટેન્કર અને કાર એકબીજા સાથે અથડાયા હતા. પૂરવેગે આ વાહનો જઇ રહ્યાં હતાં જેમાં ટ્રક ઊંધી વળીને કાર પર પડી હતી. અકસ્માત બાદ પનવેલ પોલીસ, હાઇવે ટ્રાફિક પોલીસ, એમ્બ્યુલન્સ અને અન્ય બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઇ જવાયા હતા. અત્યાર સુધી પીડિતોની ઓળખ કરાઇ નથી. તપાસ હજી ચાલુ છે.

# નાલાસોપારામાં ટીસી પર હોકી સ્ટીકથી હુમલો

પાલઘરઃ પાલઘર જિલ્લાના એક સ્ટેશન પર પશ્ચિમ રેલવેના ટિકિટ ચેકર (ટીસી) પર પ્રવાસી દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનું જીઆરપીના અધિકારીએ જણાવ્યું હતું.

નાલાસોપારા સ્ટેશન ગુરુવારે આ ઘટના બની હતી, જ્યારે ટીસી વિજય પંડિત ડ્યુટી પર હતા અને એક પ્રવાસી પાસે ટિકિટની માગણી કરતા તેણે તેમના પર હોકી સ્ટીકથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ટીસીના કાન પર ગંભીર ઇજા થઇ હતી, એમ વસઇ જીઆરપીના અધિકારીએ જણાવ્યું હતું.

સંબંધિત કલમ હેઠળ આરોપી સામે ગુનો નોંધી તેની શોધ શરૂ કરાઇ છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

લજાઈ મોરબી નિવાસી હાલમાં ભાયંદર સ્વ.ગિરધરલાલ ઝવેરચંદ દેસાઈના પત્ની ગુણવંતી ગુરૂવાર ૧૯/૦૯/૨૪ના અરિહંતશરણ પામેલા છે. નયનાબેન ધનરાજ મલડકર, મુકેશ, તૃપ્તિબેન મુકેશ દામાણીના માતૃશ્રી સ્વર્ગીય પદ્મની મુકેશ દેસાઈના સાસુ. વવાણીયા નિવાસી સ્વર્ગીય ચુનીલાલ બેચરલાલ દોશીના દીકરી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ મુંબઇ લોહાર ચાલ વિમલાબેન પ્રવિણચંદ્ર શાહ (ઉં. વ. ૮૪) તા. ૨૦-૯-૨૪ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રવીણભાઇ અંબાલાલ શાહના પત્ની તથા ભાવેશભાઇના માતા. રીપલબેનના સાસુ. તથા અનોખી, કિર્તનના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૨૦/૪૮, લુહાર ચાલ, જય મહલ બિલ્ડિંગ, ૪થે માળે, રૂમ નં. ૬, મુંબઇ-૪૦૦૦૦૨.

**ઘોઘારી વિશા ઓસવાળ જૈન**

મહુવા નિવાસી હાલ મલાડ શ્રીમતી હીનાબેન (ઉં.વ.૬૧) તે સ્વ.હેમંતભાઈ મનહરલાલ શાહના ધર્મપત્ની. ચિ.મૌલિક તથા ચિ.મેઘાના માતુશ્રી. વિશાખા તથા વિશાલકુમાર સોનીના સાસુ. હંસાબેન મનહરલાલ કાંતિલાલના મોટાપુત્રવધૂ. હરેશ શીલા, સંજય નીલમ તથા ચંદ્રેશના ભાભી. પિયરપક્ષે સ્વ.કુસુમબેન ચંદ્રકાંત ચત્રભુજ શાહના પુત્રી. ૧૭/૦૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તા.૨૨/૦૯/૨૪ રવિવારના ૩ થી ૫. દયાનંદ પ્રાઇમરી સ્કૂલ હૉલ. લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નંબર ૧, ત્રિમૂર્તિ ટાવરની સામે. મલાડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ.રેણુકાબેન હર્ષદભાઈ દોશીના પુત્રવધૂ અ.સૌ.મીરા (ઉં.વ.૪૮) તે નિલેશ દોશીના ધર્મપત્ની. રીયાના માતુશ્રી. માધવીબેન કિરીટભાઈ મકાતીના દીકરી. માલતી ભૂપેશ મહેતા, બીજલ નિલેશ દેસાઈના ભાભી. જીજ્ઞેશ તથા શ્રુતિ ચિરાગ પારેખના બહેન. ૧૮/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૧/૯/૨૪ના ૫ થી ૭. ભાનુશાલી વાડી, ત્રીજે માળે, ઈશ્વરા પરમેશ્વરા બેન્કવેટ હોલ, તિલક રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કારાઘોઘા (ભુજ)ના રંજન/ચંદ્રીકા કલ્યાણજી શેઠીયાના પુત્રી જાગૃતિ અશોક ગુંસાઇ (ઉં.વ. ૫૧) તા. ૧૩-૯-૨૪ના અવસાન પામેલ છે. અશોકના પત્ની. બેલા, તેજલના બેન. ભાવિન, સુમિત, ઉર્વી, માનસીના માતા. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ચંદ્રીકા શેઠીયા, ૧૬૦૩-બે વ્યુ, વૈદ્યવાડી, ઠાકુરદ્વાર, ગીરગાવ, મુંબઇ-૨.

બિદડાના અશોક દેવજી દેઢીયા (ઉ.વ. ૭૫) તા.૧૯-૯-૨૪ના રોજ અવસાન પામેલ છે. લક્ષ્મીબેન દેવજી રામજીના પુત્ર. જ્યોતિબેનના પતિ. મોનીશ, રિશિતાના પિતા. કોડાયના ચંચળબેન મુરજી ઉમરશી સાવલાના જમાઈ. (પ્રાર્થના રાખેલ નથી). ઠે. મોનીશ શાહ ૧૨૩/૧ ભક્તિ યોગ સો. પૌડ રોડ, પુણે - ૩૮.

**કચ્છ વાગડ સાત ચોવીસી જૈન**

લાકડીયાના હાલ સાયન. સ્વ. જોટા ઊજમશી જીવરાજના ધર્મપત્ની ઊર્મિલાબેન (ઉં.વ. ૯૦) તે ચન્દ્રકાંતભાઈ - દીપકભાઈ - અતુલભાઇ - સ્વ. હેમલતાબેન સુભાષચંદ્ર ખંડોર તથા સરોજબેન ગુણવંતરાય મેહતાના માતુશ્રી. મિલાપ -પ્રતીક - સ્મિત - સેજલ મીલન ભાયાણી - પૂજા - તથાં ભૂમિકાના દાદીમા. લાકડીયાના કેશવજી ભગવાનજી કૂબડીયાના દિકરી ગુરૂવાર, તા.૧૯/૦૯/૨૪ના દેવગત થયેલ છે. પ્રાર્થના સભા શનિવાર ૨૧/૦૯/૨૪ના માનવ સેવા સંઘ, સાયન. ૧૦ થી ૧૧.૩૦.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુલુંડ સ્વ. ભગવાનદાસ કેશવજી શેઠના પુત્ર પ્રતાપરાય (ઉં.વ. ૮૫) તા.૧૯.૦૯.૨૪ના ગુરૂવાર અરિહંતશરણ પામેલ છે. તે રમાબેનના પતિ. નિકુંજ અને પરાગના પિતા. બિના અને રૂપાલીના સસરા. કેતુલ, મિત અને પ્રિયાંશના દાદા. સ્વ. નગીનભાઈ, સ્વ.તરૂણભાઈ, સ્વ.જશીબેન મંગળદાસ ગાંધી, સ્વ.કળાબેન નવીનચંદ્ર શાહ, સ્વ.નિર્મળાબેન મણીલાલ સંઘવીના ભાઈ, સ્વ. કેશવલાલ નાનચંદ દોશી વરલવાળા હાલ માટુંગા/મુલુંડના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ચુડા નિવાસી હાલ વિરાર ધવલ કોઠારી (ઉં.વ. ૩૬) તે આશાબેન તથા મહેશકુમાર લલ્લુભાઈ કાળીદાસ કોઠારીના પુત્ર, પ્રતિક તથા સાગરના ભાઈ. સ્નેહાના દિયર. આયુષી તથા વિવાનના કાકા. તા. ૧૭-૯-૨૪ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

**દશા સોરઠિયા વણિક**

બગસરા નિવાસી હાલ ઘાટકોપર જગદીશભાઈ મુલચંદ કાચલીયાના ધર્મપત્ની અ.સૌ. અનિલાબેન (ઉં. વ. ૭૫) ૧૮-૯-૨૪ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. તે યોગેશ, દર્શના, બિજલના માતુશ્રી. કાજલના સાસુ. હેતાંશીના દાદી. સ્વ. દિલીપભાઈ, નરેન્દ્રભાઈ, ગં.સ્વ. મિનાક્ષી વિનોદ બુસાના ભાભી. સંજય ગગલાણી, અતુલ શેઠના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**બ્રહ્મક્ષત્રિય**

ગં.સ્વ.શ્રી પ્રતીમાબેન શીવદાસ મંકોડીયા તા. ૨૦-૯-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નંદલાલ નરભેરામ ખખ્ખરના સુપુત્રી સ્વ. રાજન અને માધવીના માતુશ્રી, અને ભાવનાબેન અને ઈન્દ્રવદન છાટબારના સાસુશ્રી, તે મીનલ, બીજલ, જીગરના દાદી અને સ્મૃતિના દાદી સાસુ, તેમની પ્રાર્થનાસભા તા. ૨૧-૯-૨૪ના રોજ સાંજના ૪ થી ૬.૦૦ વાગે રાખેલ છે. સરનામું- ક્લબ હાઉસ, એન.જી.સનસીટી, ફેસ ૩, ઠાકુર વિલેજ, કાંદિવલી-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૧૦૧.

**માધવપુર ગિરિનારાયણ બ્રાહ્મણ**

મયૂરભાઈ પુરોહિત (ઉં. વ.૬૮). તે ભાવનાબેનના પતિ. સ્વ. કમલાબેન મણિલાલ પુરોહિતના પુત્ર. સ્વ. જયશ્રીબેન કાંતિલાલ જાનીના જમાઈ. નલિનીબેન, સ્વ. કમલેશબેન, જ્યોતિબેન, ડિગંબરભાઈ, સરયૂબેનના ભાઈ. કામાક્ષી સુમંત વ્યાસ, કલ્યાણી ધ્રુવ ત્રિવેદી, ખુશ્બુ હરિશ એટ્ટમના પિતા ૧૯મીને ગુરુવારે હૈદરાબાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

**કપોળ**

ડુંગરનિવાસી હાલ મુંબઇ વિપિનભાઇ દામોદરદાસ રેશમીઆ (ઉં. વ. ૮૮) બુધવાર, સપ્ટેમ્બર ૧૮, ૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠીયા વણિક**

ઉપલેટા હાલ બોરીવલી (વે) ચંદ્રવદન કપૂરચંદ શાહ (ઉં. વ. ૭૬) તે પ્રતિમાના પતિ. પીન્કી, મેહુલના પિતા. હીરેન, જાનવીના સસરા. શાંતિભાઇ, રમણીકભાઇ, તુલસીભાઇ, લતાબેન, પુષ્પાબેન, ભારતીબેનના ભાઇ. પુષ્પલતા અમુલખના જમાઇ. જોહાનના દાદા. તા. ૧૮-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. ઠે. ૪૦૨/લુર્ડસ, આઇ.સી. કોલોની ૩જો ક્રોસ રોડ, બોરીવલી (વે.) લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિશાદીશાવાળ વણિક**

લાંઘણજ નિવાસી હાલ ગોરેગામ કનૈયાલાલ વાડીલાલ શાહ (ઉં. વ. ૮૧) શ્રીદેવીબેનના પતિ. અલ્પા, ખ્યાતિ, નિધીના પિતાશ્રી. નરેશ, નિશાંત, પ્રિયાંકના સસરા. તથા મિહિર અને નિષ્ઠાના નાના. સ્વ. બાબુલાલ મોહનલાલ શાહ-બાલીસણાના જમાઇ તા. ૧૭-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી તા. ૨૧-૯-૨૪ શનિવારના ૫થી ૭. ઠે. જી.ઇ.એસ એક્ટિવિટિ હોલ, આઇ.બી. પટેલ સ્કૂલ હોલ, પ્લોટ નં.૨૨૦, જવાહર નગર, ગોરેગામ (પ.).

**જનોડ એકડા વિશા ખડાયતા**

ટીંબા નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. સુર્યાબેન બાબુલાલ શાહ (ઉં. વ. ૯૦) તા. ૯-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે યોગેશકુમાર, વિરેનકુમાર, રંજનબેન, હેમલતાબેનના માતુશ્રી. ગીતાબેન, અલકાબેન, રવિન્દ્રકુમાર, કિરણકુમારના સાસુ. ધુમીત, વીકી, કુનાલ, રોનકના દાદી. ઝંખના, જીનલ, મિતવા, લીસાના વડસાસુ. સ્વ. જયંતીભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. વિનુભાઇના બહેન. પ્રાર્થનાસભા તા. ૨૧-૯-૨૪ના ૯.૩૦થી ૧૧. ઠે. હાલાઇ લુહાણા બાલાશ્રમ હોલ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી, (વેસ્ટ).

**કપોળ**

પારડી નિવાસી હાલ વિરાર સ્વ. અમિતકુમાર ચીપકાભાઇ પટેલના પત્ની ગં. સ્વ. રમીલાબેન (ઉં. વ. ૭૦) તે સમીર, તૃપ્તિના માતુશ્રી. તથા પ્રજજવલના દાદી. તે લાઠીવાળા સ્વ. વિમળાબેન હિંમતલાલ તથા સ્વ. શારદાબેન વસંતરાય મહેતાના દીકરી. તે સ્વ. પ્રવીણભાઇ-જસંવતીબેન, હસમુખભાઇ-જયોતિબેન, શરદભાઇ કુસુમબેન, જસવંતભાઇ-સ્મિતાબેન, ગં. સ્વ. દર્શનાબેન-શશીકાંતભાઇ, દીપાબેન-વિનોદરાય તથા ઉષાબેન-અશ્વિનકુમારના બેન તા. ૧૬-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાંચીવાળા સ્વ. રાધાબેન કાકુભાઇ કોટકના પુત્ર લક્ષ્મીદાસભાઇ (ઉં. વ. ૮૯) તે ભાનુબેનના પતિ. સંજય, વિજયના પિતા. પારુલ, શ્વેતલાનાના સસરા. કિશોરભાઇ, ચારુબેન હરિશ રૂપારેલિયા, સ્વ. રમેશભાઇના મોટાભાઇ. અમેરિકા મુકામે તા. ૬-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**લુહાર સુથાર**

સ્વ.લક્ષ્મીદાસ પ્રેમજીભાઈ સિધ્ધપુરાના ધર્મપત્ની ગં.સ્વ.શારદાબેન સિધ્ધપુરા (ઉં.વ.૯૪) મૂળગામ ભાવનગર હાલ કાંદિવલી ૧૯/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.છગનલાલ સવજીભાઈ મકવાણા ભાવનગરના દીકરી, સુરેશભાઈ, દિલીપભાઈ, અશોકભાઈ, સ્વ.ચંદનબેન ભીખાલાલ પરમાર, મીનાબેન મહેશકુમાર મિસ્ત્રીના માતુશ્રી. નિર્મળાબેન, પૂજાબેન, સરોજબેનના સાસુ. સાગર, તેજલ, ભૂમિકા, રિદ્ધિ, પ્રતીક, હિરલ તથા પ્રિયાના દાદી. પ્રાર્થનાસભા ૨૧/૯/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ બિલડી હાલ નાલાસોપારા ગં.સ્વ.સવિતાબેન (ઉં.વ.૮૨) ૨૦/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.રમણીકલાલ રામજીભાઈ ચોટાઇના ધર્મપત્ની, સ્વ.લાભુબેન દયાળજી ઠકરાર લીંબુડાના દીકરી. મુકેશ, બિપિન, હસમુખના માતુશ્રી. દક્ષા, પ્રિતી, આરતીના સાસુ. વનિતા રમણીકભાઇ મીઠીયા, શારદાબેન ગોપાલદાસ ચંદેના બહેન. પક્ષની પ્રાર્થનાસભા ૨૧/૯/૨૪ના ૪ થી ૬. ક. વી.ઓસવાળ જૈન સ્થાનક હોલ, બીજે માળે, રામદેવ ઝેરોક્ષની ઉપર તુલિંજ રોડ, નાલાસોપારા ઈસ્ટ. લૌ.વ્ય.બંધ છે.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી સ્વ.ભાગેરથી ચુનીલાલ દયાળજી મહેતાના પુત્ર મહેન્દ્રભાઈ મહેતા (ઉં.વ.૭૭) તે ૧૯/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.હંસાબેનના પતિ. ખ્યાતિ રોશન ગ્યાનચંદાની તથા નમ્રતા ભાવિન મહેતાના પિતા. સ્વ.બળવંતરાય, સ્વ.ગુલાબરાય, સ્વ.હરકિશનદાસ, સ્વ.અનંતરાય, ધીરજલાલ, સ્વ.ભાનુમતી વ્રજલાલ મથુરીયા, સ્વ.ઇન્દુમતી હિંમતલાલ શેઠ, ગં.સ્વ. ચંદ્રિકાબેન ઉત્તમલાલ ભુતાના ભાઈ. સાસરાપક્ષે મહુવાવાળા સ્વ. દૌલતરાય મગનલાલ બુસાના જમાઈ. પ્રાર્થનાસભા ૨૧/૯/૨૪ના ૫ થી ૭. બીજે માળે, લોહાણા મહાજનવાડી, એસ વી રોડ, શંકરમંદિર પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય ગોરવાલ બ્રાહ્મણ**

ગામ ભારુંદ્રા હાલ દહિસર નિવાસી સ્વ. ચંપાલાલ દવે (ઉં.વ.૭૦), સ્વ. લહેરીબાઈ હિમતરામજી દવેના પુત્ર. જયબાલાના પતિ. સ્વ.પોનીબેન ભબુતરામજી ત્રિવેદી, ભેરુ શંકરજીના નાનાભાઈ. સચિન, પારૂલ અને કલ્પેશના પિતાજી. ગામ ઉડ નિવાસી સ્વ.સીતાદેવી ભુરાલાલજી ત્રિવેદીના જમાઈ. તા.૧૮/૦૯/૨૪ના બુધવારના સ્વર્ગવાસ થયેલ છે. બન્ને પક્ષોની પ્રાર્થનાસભા તા.૨૨/૦૯/૨૪ના રવિવાર ૫. થી ૭. આધાર હોલ દૌલત નગર રોડ નં. ૧૦, બોરીવલી (પૂર્વ). લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

બોરીવલીના શોભાબેન તુલસીદાસ રામજી દત્તાણી (ઉં.વ.૯૧) તા. ૧૯-૦૯-૨૪ના શ્રીજીચરણ પામ્યાં છે. તે હસમુખ, મિલીન, પંકજનાં માતા. રેખા, બીના, નીલમનાં સાસુ. અનુજ, મિલૌનીનાં દાદી. સારાનાં પરદાદી. રામજી ભાણજી ભાટેનાં પુત્રી. સ્વ. પ્રેમજીભાઈ, સ્વ.બચુભાઈનાં ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

નાગેશ્રી વાળા હાલ સાંતાક્રુઝ સ્વ.છોટાલાલ ચકુભાઈ મહેતાના પુત્ર પ્રદીપ સી મહેતા (ઉ.વ ૬૩) તા.૧૬ - ૯ - ૨૪ના શ્રીજીચરન પામેલ છે. રેખાબેનના પતિ, વિધિષા, ધારાના પિતા, અનંત નારાયણ, અને કુણાલ વોરાના સસરા, દિવ્યા, દિનેશભાઈ, હરેશભાઈ, અજીતભાઈના ભાઈ, ખાંભાવાળા સ્વ.મોહનલાલ કેશવજી સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા તા.૨૨ - ૯ - ૨૪ના ૫ થી ૭. પીયુપિલ સ્કૂલ, એસ.વી.રોડ, પોલીસ સ્ટેશનની બાજુમાં, ખાર વેસ્ટ.

**માધવપુર ગીરનારા બ્રાહ્મણ**

માધવપુર નિવાસી હાલ વિલેપાર્લે ગં.સ્વ. અસ્મિતાબેન તથા સ્વ.ગુણવંતરાય જમનાદાસ પુરોહિતના સુપુત્ર હિમાંશુભાઈ (ઉ.વ. ૭૨) બુધવાર તા.૧૮-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાચી (પ્રતિભા)ના પતિ, સમીપ તથા સાનિધ્યના પિતાશ્રી. ક્રિષ્નાના સસરા. ખેવના વંદના કવિતા તથા કાજલના મોટાભાઈ. ભાદ્રોડવાળા સ્વ. નટવરલાલ નાથાલાલ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર તા.૨૨-૯-૨૪ના ૫ થી ૭. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વે.)

**વિસનગરા નાગર બ્રાહ્મણ**

બલોલના વતની હાલ મલાડ કુંજબાળાબેન વિનોદચંદ્ર રાવલ (ઉં.વ. ૮૫), તે કુણાલ, નીતાબેન, ભારતીબેન, શ્રેયાબેન, ધૃતિબેનના માતૃશ્રી તથા નીતનના દાદી. વંદનાના સાસુ. માનસીના દાદીસાસુ ગુરૂવાર તાઃ૧૯-૦૯-૨૪ના હાટકેશ શરણ પામ્યા છે. પ્રાર્થનાસભા (બેસણુ), શનિવાર તા.૨૧-૦૯-૨૪ના ૫ થી ૭. પિયર પક્ષનું બેસણુ પણ સાથે રાખેલ છે. ૫ મો માળ, વર્ધમાન સ્થાનકવાસી ઉપાશ્રય, પારેખ લેન, એસ. વી. રોડ, લોહાણા મહાજન વાડીની સામે, કાંદિવલી - વેસ્ટ.

# ભાજપના સાંસદ અશોક ચવાણના સાળા ફરી કૉંગ્રેસમાં

મુંબઈઃ ભાજપના રાજ્યસભાના સાંસદ અશોક ચવાણને મોટો ઝટકો આપતાં તેમના સાળા અને ભૂતપૂર્વ સંસદસભ્ય ભાસ્કરરાવ પાટીલ ખતગાંવકરે શુક્રવારે કૉંગ્રેસમાં પુનરાગમન કર્યું હતું. મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણી પહેલાં તેમણે ભાજપનો સાથ છોડી દીધો હતો. નાંદેડ જિલ્લામાંથી ત્રણ વખત કૉંગ્રેસ વતી લોકસભામાં ચૂંટાયેલા ખતગાંવકરે ફરી એક વખત પક્ષપલટો કરતાં એમપીસીસીના અધ્યક્ષ નાના પટોળેની હાજરીમાં કૉંગ્રેસનો હાથ પકડ્યો હતો. અહીં ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં જ ખતગાંવકરે ભાજપમાં પ્રવેશ કર્યો હતો. આ ઉપરાંત ભૂતપૂર્વ વિધાનસભ્ય ઓમપ્રકાશ પોકર્ણા અને ખતગાંવકરની પુત્રવધૂ મિનળ પણ કૉંગ્રેસમાં જોડાયા હતા.

## છેલ્લા પાનાનું ચાલુ

### પાર્કિંગના ટંટામાં

પાસે વાહન ન હોવાથી કુમકુમ તેમની પાર્કિંગની જગ્યા પર કાર પાર્ક કરવા માગતી હતી. આ માટે તે હંમેશ માટે પાર્કિંગની જગ્યા આપવા ખુશાલભાઈ પર દબાણ કરતી હતી. એલઆઈસી અને મ્યુચ્યુઅલ ફંડનું કામ કરતા ખુશાલભાઈ પાંચમી ઑગસ્ટે સાંજે ઘરે પાછા ફર્યા ત્યારે કુમકુમે તેમની સાથે ગાળાગાળી કરી હતી. બાદમાં લિફ્ટમાં મચ્છર મારવાના રૅકેટથી હુમલો કર્યો હતો. તે સમયે સોસાયટીના રહેવાસી ભાવેશ પિઠડિયા પણ ત્યાં હાજર હતા.

નિર્ભયા જેવા કેસમાં ફસાવવાની અને દુનિયા છોડાવી દેવાની ધમકી પણ કુમકુમે આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ધમકીથી ડરી ગયેલા ખુશાલભાઈ કુમકુમ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા તૈયાર નહોતા. બે વાર બાયપાસ કરાવી ચૂકેલા ખુશાલભાઈના હૃદયમાં પેસમેકર પણ બેસાડવામાં આવ્યું હતું. મહિલાની ધમકીથી તેમનું બ્લડ પ્રેશર વધી ગયું હતું અને ઘણા હતાશ જણાતા હતા. ખુશાલભાઈના વડાલામાં રહેતા ભત્રીજા ભાવેશ દૈડે ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે મારા કાકા ક્યારેય કોઈના વિવાદમાં પડતા નહોતા. મહિલાએ કરેલા હુમલાથી ડરી ગયા હતા. મન પર લાગી આવતાં એ ઘટના સહન કરી શક્યા નહોતા, એવું અમને લાગે છે. સોસાયટીના અન્ય રહેવાસીઓ પણ મહિલા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરવા ગયા હોવાનું મને જાણવા મળ્યું હતું.

### ફેક ન્યૂઝના

સમાન છે, પરંતુ ન્યાયમૂર્તિ ગોખલેએ એવો અભિપ્રાય આપ્યો હતો કે દલીલ મુજબ મુક્ત ભાષણ પર તેમની કોઈ તીવ્ર અસર નથી થતી. ન્યાયમૂર્તિ ચાંદુરકરે શુક્રવારે કહ્યું હતું કે તેઓ ન્યાયમૂર્તિ પટેલ (હવે નિવૃત્ત) દ્વારા આપવામાં આવેલા અભિપ્રાય સાથે સંમત છે. (પીટીઆઈ)

### એસઆરએ બિલ્ડિંગ

આ બાબતને બંધારણની કલમ ૨૧ (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર) સામે ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે જારી કરેલા નિર્દેશો બાદ મહારાષ્ટ્ર સ્લમ એરિયા (ઇમ્પ્રૂવમેન્ટ, ક્લિયરન્સ એન્ડ રિડેવલપમેન્ટ) એક્ટનું ‘પર્ફોર્મન્સ ઓડિટ’ હાથ ધરવા માટે ગયા મહિને ખંડપીઠની રચના કરવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે આ કાયદાની કામગીરી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વિદેશમાં જાહેર આવાસ યોજનાનાં ઉદાહરણો ટાંકી હાઈ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે કાયદાની જોગવાઈઓનો કડક અમલ થવો જોઈએ. અદાલતે નોંધ્યું હતું કે શહેરમાં સ્થળાંતરિત કામદારોનો ધસારો વધતો રહેશે, અને અધિકારીઓએ થોભો અને રાહ જુઓની નીતિ ન અપનાવી જોઈએ. અદાલતે આ મામલાની વધુ સુનાવણી ૧૫ ઓક્ટોબર પર મુલતવી રાખી છે.

‘મહારાષ્ટ્ર સ્લમ એરિયાઝ (સુધારણા, મંજૂરી અને પુનર્વિકાસ) એક્ટ સાથે સંબંધિત ૧,૬૦૦થી વધુ કેસ બોમ્બે હાઈ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે,’ એમ સુપ્રીમ કોર્ટે નોંધ્યું છે. (પીટીઆઈ)

### માતાએ મોબાઈલ

દરવાજો બંધ કરી દીધો હતો અને બાદમાં પંખા સાથે ગળાફાંસો ખાધો હતો.

દરમિયાન પુત્રી દરવાજો ખોલી રહી ન હોવાથી માતાએ સોસાયટીના રહેવાસીઓને જાણ કરી હતી. રહેવાસીઓએ બારીમાંથી ડોકિયું કરતાં સંજના ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી, જેને પગલે માનપાડા પોલીસને તેની માહિતી આપવામાં આવી હતી. સંજના નીચે ઉતાર્યા બાદ ત્વરિત હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં તબીબોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

### અમિત શાહની

કરશે. આ જ બેઠકમાં બેઠકની વહેંચણી માટેની અંતિમ ફોર્મ્યુલા ઘડી કાઢવામાં આવશે. આ ફોર્મ્યુલાની જાહેરાત પિતૃપક્ષમાં કરવી કે પછી નવરાત્રિમાં એ અંગેનો નિર્ણય હજી સુધી લેવામાં આવ્યો નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપની કોર કમિટીની બેઠક ૨૩મીએ મુંબઈમાં પાર પડવાની છે. એવું કહેવાય છે કે અમિત શાહની મુલાકાત બાદ ૬૦થી ૭૦ ઉમેદવારોની પહેલી યાદીની જાહેરાત કરવામાં આવે એવી શક્યતા છે.

### હીરાના વેપારી

હતા. રાહિલ મહેતા સોમવારે સાંજે મિત્ર સાથે મીટિંગ કરીને કારમાં ઘરે પાછો ફરી રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો હતો. પિંટુકુમાર ઠાકુરે ફરિયાદમાં જણાવ્યું હતું કે કાશ્મીર સિંહ સહિત તમામ કામદારોએ સોમવારે કોસ્ટલ રોડ પર તેમને આપેલાં નિર્ધારિત કામો પૂરાં કર્યાં હતાં. સાંજે તેઓ વિશ્વકર્માની પૂજાની તૈયારી કરી રહ્યા હતા. કાશ્મીર સિંહ રસ્તાની ઉત્તર બાજુ પર ઊભો હતો અને રસ્તાની બંને બાજુ પર વાહનોની અવરજવર થઇ રહી હતી. અચાનક દક્ષિણ બાજુના માર્ગ પર મોટો અવાજ થતાં બધાનું ધ્યાન તે તરફ દોરાયું હતું.

અકસ્માત થયાની જાણ થતાં તમામ કામદાર ત્યાં ધસી ગયા હતા. રસ્તાને કિનારે બીએમડબ્લ્યુ કાર ઊભી હતી, જ્યારે કાશ્મીર સિંહ રસ્તાની વચ્ચે નિશ્ચિત પડેલો હતો. એમ્બ્યુલન્સ બોલાવી તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. દરમિયાન અકસ્માતની જાણ થતાં વરલી પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને રાહિલ મહેતાને તાબામાં લીધો હતો. તેને બાદમાં પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યો હતો અને ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરાઇ હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

















# મલાડ સ્ટેશનમાં હાલાકીનો અંત આવશે: ટૂંકમાં જ બનશે સ્ટીલનું નવું પ્લેટફોર્મ

મુંબઈ: મલાડ સ્ટેશનના પ્લેટફોર્મ નં. એક પર ફેરફાર કરવામાં આવ્યો છે. તેથી વિરાર દિશા તરફ જતી વખતે પ્રવાસીઓને ડાબી બાજુના બદલે જમણી બાજુએ ચઢવું અને ઊતરવું પડે છે. પ્રવાસીઓને થતી અસુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ આ સ્ટેશન પર હંગામી ધોરણે નવું સ્ટીલનું પ્લેટફોર્મ બનાવવાનો નિર્ણય લીધો છે. તેથી વિરાર દિશા તરફ પ્રવાસ કરનારાઓ મલાડમાં બન્ને બાજુથી ઊતરી શકશે.

ગોરેગાંવથી કાંદિવલી સ્ટેશન દરમિયાન છઠ્ઠી લાઇનના કામને કારણે નવું પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. મલાડમાં ટ્રેનમાં ચઢવા અને ઊતરવા માટે અમુક ફેરફાર કરાયા છે. તેથી પ્રવાસીઓને હાલાકી સહન કરવી પડે છે. પશ્ચિમ રેલવેએ આ માટે અમુક યોજના બનાવી છે જેમાં નવા પ્લેટફોર્મ બનાવવા, લોકલ ઊભી રહે તે જગ્યાએ અમુક ફેરફાર કરવાનો સમાવેશ થાય છે.

## હંગામી પ્લેટફોર્મ બનાવવાને મંજૂરી

* પશ્ચિમ રેલવેના અધિકારીએ આપેલી માહિતી અનુસાર હાલમાં યોજાયેલી બેઠકમાં મલાડમાં હંગામી પ્લેટફોર્મ બનાવવાને મંજૂરી આપવામાં આવી છે. આગામી બેથી ત્રણ મહિનામાં સ્ટીલનું પ્લેટફોર્મ બનાવવામાં આવશે.
* પ્રવાસીઓ પ્લેટફોર્મની બન્ને બાજુ ઊતરી શકશે.
* અપ અને ડાઉન તરફ જતી ટ્રેનો એક જ સમયે પ્લેટફોર્મ પર આવ્યા બાદ ભીડ થતી હતી.
* પરિણામે પ્રવાસીઓને ફૂટ ઓવર બ્રિજ અને અન્ય સુવિધા સુધી પહોંચવામાં ત્રાસ થતો હતો.
* રેલવેની નવી યોજના અનુસાર હવે આ ટ્રેન થોડા અંતરે ઊભી રહેશે.
* ટાઇમટેબલમાં પણ અમુક ફેરફાર કરવામાં આવશે. તેથી સ્ટેશન પર થતી ભીડ ટાળી શકાશે. ■




# બાળકીની નજર સામે મહિલા પર બળાત્કાર ગુજારનારો પકડાયો

થાણે: ત્રણ વર્ષની માસૂમ બાળકીની નજર સામે હાથ-પગ બાંધી મહિલા પર કથિત બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની ઘટના ભાયંદરમાં બનતાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે પડોશમાં રહેતો આરોપી બળજબરીથી મહિલાના ઘરમાં ઘૂસ્યો હતો. તે સમયે ઘરમાં મહિલા અને તેની ત્રણ વર્ષની પુત્રી જ હતાં. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપીએ દુપટ્ટાથી મહિલાના હાથ-પગ બાંધ્યા હતા અને પછી તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. આ પ્રકરણે મહિલાએ રવિવારે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધ્યો હતો. મહિલાની ફરિયાદને આધારે ૩૮ વર્ષના આરોપીની બુધવારે ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસનું કહેવું છે. (પીટીઆઈ)■

# પોસ્ટ ઓફિસના પ્રાંગણમાં પડ્યો મોટો ખાડો: ટ્રક આખી ઘૂસી ગઇ



મુંબઈ: શુક્રવારે બપોરે પુણેની પોસ્ટ ઓફિસના પ્રાંગણમાં પડેલા મોટા ખાડાને કારણે સ્વચ્છતા વિભાગની એક ટ્રક આખી એમાં પેસી ગઇ હતી. શુક્રવારે બપોરે ચાર વાગ્યે બુધવાર પેઠ વિસ્તારમાં આ ઘટના બની હતી. ટ્રકડ્રાઈવર જેટિંગ મશીનથી ડ્રેનેજ લાઈનને સાફ કરી રહ્યા હતો એ સમયે પડેલા ખાડામાં ટ્રક ઘૂસી ગઇ હતી. જોકે ડ્રાઈવર આબાદ બચી ગયો હતો. પુણેસ્થિત બુધવાર પેઠ વિસ્તારમાં આવેલી પોસ્ટઓફિસ નજીક ભૂગર્ભમાં મેટ્રોનું કામ ચાલી રહ્યું હતું, પણ અહીં મોટો ખાડો પડવાનું શું કારણ છે એની ખાતરી કરવાનું બાકી છે, એવું ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે પર ઉંદરોનું સામ્રાજય?

## આખો રસ્તો ધસી ગયો: અકસ્માતોની વણઝાર

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કરેલા મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે પર રસ્તો ધસી જવાની ઘટના બની છે. કંપનીએ રસ્તા પર ઉંદરો વધુ હોવાને કારણે આવી હાલત થઇ હોવાનું નિવેદન કર્યું હતું. જોકે આવુ વિધાન કર્યા બાદ વિવાદ વકર્યો હતો અને કંપનીએ આખરે એ કર્મચારીની જ હકાલપટ્ટી કરી હતી. સત્તાધારીઓએ ટીકાનો સામનો કરવો પડી રહ્યો હોવા છતાં એક્સપ્રેસ-વે જેણે બનાવ્યો છે એ કોન્ટ્રેક્ટર મોદીનો લાડકો હોવાનું કહેવાઈ રહ્યું છે.

કંપનીના જુનિયર કર્મચારીએ મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વેની દુર્વ્યવસ્થા માટે ઉંદરને જવાબદાર ગણાવ્યા હતા. જે કર્મચારીને પાણીચું આપવામાં આવ્યું હતું એને કોઈ પણ ટેક્નિકલ જ્ઞાન ન હોવાનું કહેવાઈ રહ્યું છે. આ કર્મચારીએ કરેલી ટિપ્પણી ભૂલભરેલી છે. આને કારણે જ તેને કાઢી મૂકવામાં આવ્યો હોવાનું કંપનીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બીજી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ આ એક્સપ્રેસ-વેના બીજા તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. બીજા તબક્કામાં રાજસ્થાનના ૩૭૩ કિમી, મધ્ય પ્રદેશના ૨૪૪ કિમી અને હરિયાણાના ૭૯ કિમીનું ઉદ્‌ઘાટન થયું હતું. સોહના-દૌસા તબક્કો એ પહેલાં જ શરૂ કરી દેવામાં આવ્યો હતો. ■




# વૃદ્ધાનો મૃતદેહ મળ્યો

થાણે: થાણેમાં હાઉસિંગ કોમ્પ્લેક્સના ફ્લેટમાંથી શુક્રવારે સવારે ૬૫ વર્ષની વૃદ્ધાનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

થાણેમાં ઘોડબંદર રોડ પર કાસારવડવલી વિસ્તારમાં હાઉસિંગ કોમ્પ્લેક્સના ફ્લેટમાંથી તીવ્ર દુર્ગંધ આવતી હોવાની ફરિયાદ પડોશીઓએ કરી હતી, જેને પગલે પોલીસને તેની જાણ કરાઇ હતી.

દરમિયાન ઘટનાસ્થળે આવી પહોંચેલી પોલીસે ફ્લેટનો દરવાજો ખોલતાં અંદર વૃદ્ધાનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો, જેનું બે દિવસ અગાઉ મૃત્યુ થયું હોવાનું કહેવાય છે. મૃતકની ઓળખ સાવિત્રીબાઇ કાનોડિયા (૬૫) તરીકે થઇ હતી, જે ફ્લેટમાં એકલી રહેતી હતી. (પીટીઆઇ)■

# વેપારી સાથે ₹ ૧.૨૭ કરોડની છેતરપિંડી કરાઈ: ગુનો દાખલ

થાણે: થાણેના વેપારીને કાંકરી સપ્લાય કરવાના સોદામાં બીજા વેપારીએ રૂ. ૧.૨૭ કરોડની ઠગાઇ આચરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

વર્તકનગર પોલીસે આ પ્રકરણે બુધવારે વિશાખાપટ્ટનમના વેપારી વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપી અજયકુમાર માંગીએ ફરિયાદીને યુએસ ડોલરમાં વળતરનું વચન આપીને બંગલાદેશમાં કાંકરી સપ્લાય કરવાનું કહ્યું હતું.

ફરિયાદીએ સપ્ટેમ્બર, ૨૦૨૧થી નવેમ્બર, ૨૦૨૩ દરમિયાન રૂ. ૧.૨૭ કરોડની કાંકરી સપ્લાય કરી હતી. જોકે કરાર પૂરો કરવાને બદલે માંગીએ કથિત રીતે મટિરિયલ અને પાર્ટીને વેચી દીધું હતું અને ફરિયાદીને પૈસા ચૂકવ્યા નહોતા. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. (પીટીઆઇ)■

કેમ કરી ચૂકવીયે તમારા સ્નેહના મૂલ
ચરણે ધરીએ આપને, શ્રદ્ધાજલિ ફુલ



વીણા મયંક પરીખ
૧૮ નવેમ્બર ૧૯૩૭ - ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪
મંદાકિની-આનંદ પરિહાર
રૂશ્વ અને જશ
રુપાંદે (જીનુ)-નમિત શાહ
નેઓમી અને ચિયાના
અનુરાધા-સલિલ શાહ
તન્વી અને તનય
પ્રાર્થના વિધિ:
યશવંતરાવ ચવ્હાણ સેન્ટર
૪ થો માળ, રંગેશ્વર હોલ,
નરીમન્ પોઈન્ટ, મુંબઈ,
રવિવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪
સવાર ૧૦:૩૦ - બપોર ૧૨:૦૦


# બસમાં કન્ડક્ટરને લૂંટવા ચાકુના ઘા કરનાર ચાર કલાકમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિક્રોલી ડેપો જઈ રહેલી બેસ્ટની બસમાં ચઢીને લૂંટને ઇરાદે કન્ડક્ટર પર ચાકુના ઉપરાછાપરી ઘા ઝીંકનારા આરોપીની પોલીસે ચાર કલાકમાં જ ધરપકડ કરી હતી.

ધારાવી પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ શાબાન ખાન તરીકે થઈ હતી.

ઘટના ગુરુવારની રાતે નવ વાગ્યાની આસપાસ બની હતી. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા બસ કન્ડક્ટર અશોક કાશીનાથ ડગળે (૪૪)ને સારવાર માટે સાયન હૉસ્પિટલના આઈસીયુમાં દાખલ કરાયો હતો.પાયધુનીથી વિક્રોલી જઈ રહેલી રૂટ નંબર-૭ની બસ ધારાવી ડેપો નજીક પીલા બંગલો ખાતે પહોંચી ત્યારે અંદાજે ૨૦ વર્ષનો આરોપી બસમાં ચઢ્યો હતો. ચાલતી બસે તેણે કન્ડક્ટર ડગળે પાસેની રૂપિયાની બૅગ ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. ડગળેએ વિરોધ કરતાં આરોપીએ ચાકુથી ડગળેની ગરદન, ખભા, કમર અને જાંઘ પર ઘા ઝીંક્યા હતા. ધારાવી પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને ખબરીઓ પાસેથી મળેલી માહિતીને આધારે આરોપી ખાનને ધારાવીના કાવળે ચાલમાંથી પકડી પાડ્યો હતો. ■




"સહજાત્મ સ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરૂ"
ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી
મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ, તેથી મીઠી છે મારી માત રે,
જનની ની જોડ જગે નહી જડે રે લોલ...
ભૂત પૂર્વ ચેરપર્સન જે. એસ. જી બોમ્બે રીજીયન
ઝાલાવાડ નારીરત્ન પુરસ્કૃત



ભૂત પૂર્વ પ્રમુખ જૈન સોશિઅલ ગ્રુપ - મુંબઇ ચેપ્ટર
ટ્રસ્ટી ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ
પ. પૂ. માતૃશ્રી રમીલાબેન ધીરજલાલ દોશી
જન્મ: ૨૭-૧૧-૧૯૪૩ । દેહ પરિવર્તન: ૧૭-૦૯-૨૦૨૪। વતન: લખતર । હાલ: મુંબઈ
સદૈવ આપની નિશ્રામાં
પુત્ર: આશિત, નિષિત, રક્ષિત, અમિત, સુજિત
પુત્રવધુ: કલ્પના, રૂપા, પૂર્વી, પૂજા, ફ્રપા પૌત્રવધુ: દ્રિષ્ટિ, વૈદેહી, પૂજા
પૌત્ર / પૌત્રી: અભિષેક, સિદ્ધાંત, આદિત્ય , ક્ષિતિજ, ઉષ્મી, આયુષ, વિશ્વ, રાજવી, યશ્વી, શૌર્ય, વીર, મહર્ષ
સમસ્ત રતનબેન શિવલાલ મનજીભાઇ દોશી પરિવાર (લખતર) (શ્વસુર પક્ષ)
સમસ્ત જયાબેન લહેરચંદભાઇ દોશી પરિવાર (થાનગઢ) (પિયર પક્ષ)
FIVEBRO & Doshion group of companies
મુંબઈ: તારીખ: ૨૩-૦૯-૨૦૨૪, સોમવાર, સમય: સાંજે ૪ થી ૬
સ્થળ: શ્રી માનવ સેવા સંઘ, સાયન, મુંબઈ
વેલે પાર્કિંગ ની વ્યવસ્થા રાખેલ છે. ચૌવિહાર અને સ્વરૂચી ભોજન ની વ્યવસ્થા રાખેલ છે.
RSVP- Contact - +91 9833161002 | +91 9099075277

# ગણેશ દર્શન

**ગણેશોત્સવમાં વિવિધ થીમ સાથેની સજાવટ સાથે ગણપતિ બાપ્પાની પધરામણી કરાઈ છે. 'મુંબઈ સમાચાર' દર વર્ષની જેમ આ વર્ષે પણ આવા સરસ-સરસ મૂર્તિઓના દર્શનનો લાભ આપશે તેના વાચકોને.**



રાજગિરી સોસાયટી કાંદિવલી (ઈસ્ટ)



વિપુલ જોબલીયા (સાંતાક્રુઝ વેસ્ટ)



મધુસુદન જમનાદાસભાઈ છાડ (વડાલા ઈસ્ટ)



પરમાનંદવાડી બાળમિત્ર મંડળ (મુંબાદેવીના ગણરાજ)

# મુંબઈગરાને વિસર્જન માટે નથી ગમતાં કૃત્રિમ તળાવો

## માત્ર ૮૨,૦૦૦ મૂર્તિ જ એમાં વિસર્જિત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દર વર્ષની માફક આ વર્ષે પણ પર્યાવરણને અનુરૂપ ગણેશમૂર્તિઓના વિસર્જન થાય તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ ૨૦૪ કૃત્રિમ તળાવની વ્યવસ્થા કરી હતી, પરંતુ ગણેશોત્સવના દસ દિવસ દરમિયાન આ કૃત્રિમ તળાવોમાં કુલ ૮૨,૦૦૫ ગણેશમૂર્તિઓના વિસર્જન થયા હતા. તેની સામે ગયા વર્ષે ૧૯૮ કૃત્રિમ તળાવોમાં ૭૨,૨૪૦ મૂર્તિઓના વિસર્જન થયા હતા. ગયા વર્ષની સરખામણીમાં કૃત્રિમ તળાવમાં વિસર્જન કરવામાં આવેલી ગણેશમૂર્તિની સંખ્યામાં લગભગ ૧૦,૦૦૦ જેટલો વધારો થયો છે.

ગણેશોત્સવ દરમિયાન દોઢ દિવસથી અનંત ચતુર્દશી સુધી મૂર્તિઓના વિસર્જન માટે સુધરાઈએ ૬૯ નૈસર્ગિક વિસર્જન સ્થળ સહિત કુલ ૨૦૪ કૃત્રિમ તળાવની વ્યવસ્થા કરી હતી. આ તમામ કૃત્રિમ તળાવોમાં દસ દિવસ દરમિયાન ઘરની તથા સાર્વજનિક મંડળની કુલ ૮૨,૦૦૫ ગૌરીની અને ગણપતિની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું, જેમાં સાર્વજનિક મંડળના ૧,૫૫૭ અને ૭૭,૮૭૪ ઘરની તેમ જ ૨,૫૭૪ હરતાલિકા અને ગૌરીની મૂર્તિનો સમાવેશ થાય છે.

ગયા વર્ષે કુલ ૧૯૮ ઠેકાણે કૃત્રિમ તળાવ બાંધવામાં આવ્યા હતા. તેમાં કુલ ૭૬,૭૦૮ ગણેશ મૂર્તિના વિસર્જન કરવામાં આવ્યા હતા.આમાં સાર્વજનિક મંડળોની ૧,૯૦૪ અને ૭૨,૨૪૦ ઘરની ગણેશમૂર્તિનો સમાવેશ થાય છે. એ અગાઉ ૨૦૨૨માં ગણેશોત્સવ દરમિયાન કૃત્રિમ તળાવમાં ઘરના તેમ જ સાર્વજનિક એમ કુલ ૬૩,૮૦૭ ગણેશમૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ■

## સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની મૂર્તિમાં ઘટાડો

આ વર્ષના ગણેશોત્સવ દરમિયાન સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની મૂર્તિની સંખ્યામાં ઘટાડો જણાયો છે. ગયા વર્ષે ગણેશોત્સવ દરમિયાન ૧૦,૫૦૧ સાર્વજનિક ગણેશમૂર્તિના વિસર્જન થયા હતા, તેની સામે આ વર્ષે આ પ્રમાણ ઘટીને ૧૦,૩૬૯ જેટલું થઈ ગયું છે. સાર્વજનિક ગણેશોત્સવ મંડળની મૂર્તિમાં ૧૩૨નો ઘટાડો જણાયો છે. આ વર્ષે ૧૧ દિવસના ગણેશોત્સવ દરમિયાન ગૌરી સહિત ગણેશમૂર્તિના વિસર્જનનો આંકડો ૨,૦૯,૦૨૧ છે. આમાં ગૌરી અને હરતાલિકાની સંખ્યા ૬,૭૫૮ છે, તો ઘરના ગણપતિની સંખ્યા ૧,૯૧,૮૯૪ છે અને સાર્વજનિક મંડળોની મૂર્તિની સંખ્યા ૧૦,૩૬૯ છે. ■



નરેશ રાજા (ચીરાબજાર)



શ્રીમતી નીતા મયૂર શાહ (ગોરેગાંવ-શાસ્ત્રી નગર)



હેમલ અને નંદિની મુકેશ શાહ વિલેપાર્લે (વેસ્ટ)



બંકિમચંદ્ર પી. રાંદેરિયા અંધેરી (વેસ્ટ)



રવીન્દ્ર દાજીરામ ઈચકે ઘાટકોપર (વેસ્ટ)

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| વર્ણ | ફાંફાં |
| વલખાં | મદદ |
| વલણ | રંગ |
| વસમું | વૃત્તિ |
| વહાર | મુશ્કેલ |

## ઓળખાણ પડી?

ચોખાનો લોટ અને મસાલા વાપરી તૈયાર કરી ગરમ ગરમ પીરસવામાં આવતી આ નાસ્તાની ડિશની ઓળખાણ પડી? ઢોકળા જેટલી જ લોકપ્રિયતા મળી છે.

અ) ગોટા બ) ખીચું
ક) લોચો ડ) હાંડવો



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | લે | ૨ લ | ૩ ટ | પ્પુ | ■ | ૪ શ્રા | દ્ધ | ૫ પ | ૬ ક્ષ |
| વ | ■ | ૭ ટ | પ્પો | ■ | ૮ ભા | વ | ■ | ૯ ક્ષ | મા |
| લો | ■ | ક | ■ | ૧૦ ક | રે | ણ | ■ | ૧૧ કા | યા |
| ૧૨ ક | ણ | સ | ૧૩ લું | ■ | ખ | ■ | ૧૪ ક | ર | ચ |
| ન | ■ | ૧૪અ- લા | ગી | ■ | ૧૪-બ મ | ર્ક | ટ | ■ | ના |
| ૧૫ કા | ૧૬ ચ | મ | ■ | ૧૭ ભા | ■ | ■ | ૧૮ ક | લા | ■ |
| ૧૯ ર | જ | ■ | ૨૦ ગ | ળ | ૨૧ ફા | ■ | ટ | ■ | ૨૨ સા |
| ■ | ૨૩ મા | ગ | ણ | ■ | ૨૪ વ | ૨૫ રુ | ■ | ૨૬ ફો | જ |
| ૨૭ લો | ન | ■ | પ | ■ | ૨૮ શે | ષ | ૨૯ ના | ગ | ■ |
| ક | ■ | ૩૦ પ | તિ | ત | ■ | ૩૧ ભ | વા | ટ | વી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | | ■ | ૫ | | ■ | | ■ | ૬ |
| ૭ | ૮ | | ■ | | ■ | ૯ | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ૧૨ | | | | | | ■ |
| ૧૩ | | ■ | ■ | | ■ | | ■ | | ■ |
| ■ | ■ | ૧૪ | ૧૫ | | ■ | ■ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | | | ■ | ૧૯ | ૨૦ | | ■ | |
| ■ | ■ | ૨૧ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | |
| ૨૪ | ૨૫ | | ■ | ૨૬ | ■ | ■ | ૨૭ | | |
| ૨૮ | | ■ | ૨૯ | | | | | ■ | |

### આડી ચાવી

૧. મોટું શ્રાદ્ધ (૪)
૩. શ્રાદ્ધપક્ષમાં નાખવો પડે (૪)
૫. આના પર દોડીને રન લેવાય (૨)
૭. યજ્ઞ (૩)
૧૦. કૂવાના પાણીથી પકવેલો પાક (૨)
૧૧. કામદેવ (૨)
૧૨. એકધારું, સતત (૬)
૧૩. કાગળનું માપ (૨)
૧૪. એક ચોપગું જાનવર (૩)
૧૬. --- નો સંગાથી રાણા કોઈ નથી (૩)
૧૮. પ્રકૃતિ (૪)
૧૯. માયા રચનાર (૩)
૨૧. પાંખડી (૨)
૨૨. એક ધાતુ (૨)
૨૩. ભવિષ્ય (૨)
૨૪. અજાણ્યું, ગૂઢ, ઈન્દ્રિયાતીત (૩)
૨૭. લાગૂણી (૩)
૨૮. રણમાં --- નો સમંદર હોય (૨)
૨૯. અવાજના અનુકરણથી થતો શબ્દ (૫)

### ઊભી ચાવી

૧. આમાં બહુ વિચારવું પડે (૫)
૨. ધૂન (૩)
૩. દર્પણ, પાસાદાર (૨)
૪. સુગ્રીવનો મોટો ભાઈ (૨)
૫. શ્રાદ્ધપક્ષમાં થાય (૫)
૬. બકરા ઘેટાનું ચામડું (૨)
૮. ઉષ્ણ, ઉનું (૩)
૯. પહેલાં ના હોય એવું (૩)
૧૦. વાજબી, હક ધરાવનારું (૪)
૧૪. હંમેશાં (૪)
૧૫. વજનનું એક માપ (૩)
૧૬. કવિતા લખે તે (જો.છૂ.) (૨)
૧૭. ભયંકર નાશ, સત્યાનાશ (૫)
૧૯. છેવટે તો ---માં જ મળવાનું છે (૨)
૨૦. અવકાશયાત્રાનું વાહન (૨)
૨૩. કિંમત, લાગણી (૨)
૨૪. આશ્ચર્યજનક ઉદ્ગાર (૨)
૨૫. ગયેલું, ભૂતકાલીન (૨)
૨૬. --- બન્યા હૈ તો હિન્દી બોલના પડેગા (૨)
૨૭. વજનદાર (૨)

## ગુજરાત મોરી મોરી રે

મજેદાર બાળગીતની પંક્તિમાં ખૂટતો શબ્દ જણાવો.

ચાંદો સૂરજ રમતા'તા, રમતાં રમતાં લડી પડ્યા, લડતાં લડતાં ---------- જડી.

અ) સોટી બ) લખોટી ક) કેરી ડ) કોડી

## જાણવા જેવું

જૂના વખતમાં ગામડાંઓમાં આજના જેવી શિક્ષણ વ્યવસ્થા નહોતી ત્યારે લોકવાર્તા, ઓઠાં, લોકગીતો, ટુચકા, ઉખાણાં અને જોડકણાં જેવા કંઠસ્થ લોકસાહિત્ય દ્વારા લોકસમાજમાં શિક્ષણનું અને સમાજઘડતરનું કામ થતું. ગેય પ્રાસવાળી રચના હોવાથી બાળકોને અને સાંભળનારને જલદી યાદ રહી જાય છે. જોડકણાં બાળકોની બુદ્ધિ અને ચાતુર્ય ખીલવે છે.

## સુડોકુ-૬૦૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૯ | | | | ૩ | |
| | ૯ | | ૬ | | | | | ૪ |
| ૨ | | ૧ | ૪ | | | | | |
| | ૭ | | | | | ૧ | | ૮ |
| | ૪ | | | | | | ૭ | |
| ૧ | | ૩ | | | | | ૪ | |
| | | | | | ૧ | ૭ | | ૫ |
| ૯ | | | | | ૬ | | ૮ | |
| | ૩ | | | | ૮ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૩ | ૯ | ૭ | ૫ | ૮ | ૪ | ૨ |
| ૪ | ૯ | ૮ | ૨ | ૧ | ૩ | ૬ | ૭ | ૫ |
| ૨ | ૫ | ૭ | ૮ | ૬ | ૪ | ૧ | ૯ | ૩ |
| ૬ | ૨ | ૫ | ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૯ |
| ૭ | ૮ | ૪ | ૩ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ |
| ૩ | ૧ | ૯ | ૫ | ૨ | ૬ | ૪ | ૮ | ૭ |
| ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૭ | ૯ | ૨ | ૪ |
| ૯ | ૭ | ૬ | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | ૧ |
| ૫ | ૪ | ૨ | ૧ | ૩ | ૯ | ૭ | ૬ | ૮ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

વન ડે વર્લ્ડ કપ ક્રિકેટના ઇતિહાસમાં અનેક બોલરોએ હેટટ્રિકની સિદ્ધિ મેળવી છે. પ્રથમવાર ત્રણેય વિકેટ બેટ્સમેનને ક્લીન બોલ્ડ કરી આ સિદ્ધિ મેળવનારનું નામ જણાવો.

અ) ડેની મોરિસન
બ) બ્રુસ રીડ
ક) ચેતન શર્મા
ડ) જલાલુદ્દીન

## નોંધી રાખો

ઓળખાણથી મળેલું કામ ઝાઝો સમય નથી ટકી શકતું, પણ કામથી મળેલી ઓળખ જિંદગીભર ટકી રહે છે એ વાત ક્યારેય નહીં ભૂલતા.

## માઈન્ડ ગેમ

બરફ આચ્છાદિત વિસ્તારમાં મનોરંજન અને આવન જાવન માટે વપરાતા આ વિશિષ્ટ શૈલીના વાહનનું નામ જણાવો. ક્યારેક ઘોડો પણ જોડવામાં આવે છે.

અ) Tucker Snow Cat બ) Avotros
ક) Sled ડ) Snow Chair

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મહેક | સુગંધ |
| મહેણું | ટોણો |
| મહેતલ | મુદત |
| મહેર | કૃપા |
| મહોર | છાપ |

ગુજરાત મોરી મોરી રે
સુગંધિમ

ઓળખાણ પડી
ગિલી ડંડા

માઈન્ડ ગેમ
કાર્લ બેન્ઝ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
એન્ડી સંધામ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ડો. પ્રકાશ કટિકયા (૪) ભારતી પ્રકાશ કટિકયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) મુલરાજ કપૂર (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) પ્રતીમા પમાણી (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૪) લજિતા ખોના (૧૫) વિભા મહેશ્વરી (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરુ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મીનળ કાપિડયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) પુષ્પા પટેલ (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હર્ષા મહેતા (૩૩) મહેશ દોશી (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અરવિંદ કામદાર (૩૬) પ્રવીણ વોરા (૩૭) અંજુ ટોલિયા (૩૮) વિણા સંપટ (૩૯) દેવેન્દ્ર સંપટ (૪૦) રજનીકાંત પટવા (૪૧) ભાવના કર્વે (૪૨) સુનીતા પટવા (૪૩) નિતીન બજરિયા (૪૪) કલ્પના આશર (૪૫) પુષ્પા ખોના (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) મહેશ સંઘવી (૫૦) નૂતન વિપીનબવ (૫૧) વિજય આસર

# વીક એન્ડ

## ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# અંતિમ ઉદ્ગારોનું વિશ્વ કેવું અનોખું છે...



**ધરતી પરથી વિદાય લેતી વખતે કોઈ અજાણી કે પછી કોઈ જાણીતી વ્યક્તિના અંતિમ શબ્દોનું પૃથક્કરણ જીવન-મૃત્યુના મર્મ સમજાવી જાય ખરું?**

આ વખતે કોલમની શરૂઆત એક અંગત વાતથી કરું છું.

મારા એક બહુ જ નજીકના મિત્ર કહી શકાય એવી એક વ્યક્તિની વાત છે. અમે નાનપણના 'ચડ્ડી બડી' કહી શકાય એવા મિત્ર નહીં, પણ મારાથી એ પાંચેક વર્ષ મોટા અને મારી તરુણવયે એમની સાથે ઓળખાણ થઈ,પણ પછીના પાંચેક દાયકા સુધી એક નજીકના મિત્ર તરીકે જ રહ્યા. મારી જેમ એ મૂળ કોલકાતાના. પરિવારથી અલગ રહીને વર્ષોથી પોતાનો અચ્છો એવો વ્યવસાય કરે અને એકાકી જીવન ગાળે. શ્રી શ્રી રવિશંકરના નજીકના શિષ્ય. 'આર્ટ ઓફ લિવિંગ'ના એ શિક્ષક. કોવિડ પછી અસાધ્ય કેન્સરનું નિદાન થયું. ભાઈઓનો પરિવાર હૈદરાબાદ રહે. વધુ સુશ્રેવા માટે એમને ત્યાં લઈ જવામાં આવ્યાં. એમની તબિયત ઝડપથી લથડતી જતી હતી. એકાએક એમને રૂબરૂ મળવાની મને તીવ્ર ઈચ્છા થઈ. હું હૈદરાબાદ પહોંચી ગયો. સખત અશક્તિને લીધે અવાજ ન સમજાય એવો ક્ષીણ થઈ ગયો હતો.

મને અચાનક આવેલો જોઈને એ રાજી થયા.આંખોમાં સ્પષ્ટ વાંચી શકાય એવો રાજીપો ડોકાયો-ચહેરા પર ખુશાલી પ્રગટી. ત્રણ દિવસ સતત સાથે ગાળ્યા. હું બોલું-એ સજાગપણે સાંભળે. ક્યારેક હાથના ઈશારે તો ક્યારેક હોઠ ફફડાવી જવાબ આપે. છૂટ્ટા પડવાની વેળા આવી. અમારા બધાના આશ્ચર્ય વચ્ચે એ સ્પષ્ટ શબ્દોમાં બોલ્યાઃ 'આ રીતે અચાનક આવીને મળવા માટે થેંક્સ... ફરી મળીશું..દોસ્ત!'

ચારેક દિવસ પછી એમનાં શ્વાસ ખૂટયાં. એમનાં દેહાવસાન પછી અમારી એ મુલાકાતના એમના શબ્દો હજુ ગૂંજે છેઃ 'ફરી મળીશું..દોસ્ત!'.

હકીકતમાં એ વખતે અમે બન્ને જાણતા હતા કે આ જ કદાચ અમારી છેલ્લી મુલાકાત છે, છતાં એ મિત્રએ દ્રઢતાથી વ્યકત કરેલી એમની ઈચ્છાઃ 'ફરી મળીશું..દોસ્ત!' શું સૂચવી જાય છે?

મારી જેમ અનેકનાં મનમાં આ જ પ્રશ્ન ઘુમરાતો હશે ખાસ કરીને આપણી નજીકની વ્યક્તિ વિદાય લે ત્યારે આપણી સાથેની એની છેલ્લી મુલાકાતના શબ્દો એક યા બીજી રીતે સૂચક બની જતા હોય છે.

બીજી તરફ, આપણા મિત્ર કે પછી મિત્ર ન હોય, છતાં આપણે જેમને નજીકથી ઓળખતા હોઈએ એવી વ્યક્તિ જયારે આ ધરતી પરથી વિદાય લે એ વખતે એની આખરી ઈચ્છા શું હતી-અંતિમ શબ્દો શું હતા એ જાણવાની જિજ્ઞાસા બધાને રહે એ સહજ છે.

જ્ઞાનીઓ કહે છે કે અંતિમ પળ વખતે એક ફલેશ-એક ઝબકારામાં આપણું આખું જીવન એક ફિલ્મ પટ્ટીનાં દ્રશ્યોની જેમ પસાર થઈ જાય છે.અગત્યની ઘટના 'ઍક્શન રિ-પ્લે'-ની જેમ પલકવારમાં તાદ્રશ્ય થાય..માણસના છેલ્લાં શ્વાસ હજુ ચાલતા હોય ત્યારે એને પણ ખ્યાલ જાય કે હવે વિદાયની ઘડી આવી પહોંચી છે ત્યારે લગભગ પૂરતી સભાનતા સાથે જે કંઈ બોલે એ જ એના છેલ્લા શબ્દ બની જતા હોય છે.

થોડાં વર્ષ પૂર્વે મુંબઈના જાણીતા સાહિત્યરસિક એવા અવિનાશ પારેખે કળા-સાહિત્ય, ઈત્યાદિમાં રસ ધરાવતા શ્રોતાઓ માટે 'કોફી મેટ્સ' નામે એક ગ્રુપ શરૂ કર્યું હતું. અહીં એમણે એક સાવ નોખો-અનોખો પ્રયોગ પણ કર્યો હતો. અહીં વિવિધ ક્ષેત્રની નામાંકિત વ્યક્તિઓ આવે અને 'જો આ હોય મારું અંતિમ પ્રવચન...' એ શીર્ષક હેઠળ પોતાની વાત રજૂ કરે,જેમાં એ પોતાની સફળતા-નિષ્ફળતાથી લઈને ઈચ્છા- અપેક્ષા-ઉપેક્ષાની નિખાલસ રજૂઆત કરે. આ વિશેષ પ્રવચનશ્રેણીનો સદગત ગાંધીવાદી નારાયણ દેસાઈથી પ્રારંભ કરીને રામકથાકાર મોરારિબાપુ સાથે એની પૂર્ણાહૂતિ થઈ ત્યારે એમાં ૨૫ જેટલાં વિખ્યાત વિચારવંત વક્તાએ પોતાના જીવનનું પૂર્ણવિરામ નહીં,પણ અલ્પવિરામ જેવી ઈચ્છાઓ વ્યકત કરી હતી.

કેટલાકના અંતિમ શબ્દમાં પોતાની અધૂરી રહી ગયેલી અપેક્ષા કે અમુક કાર્ય ન કરી શક્યો એનો અફસોસ પણ સ્પષ્ટ તરવરતો દેખાઈ આવે છે.

ઉદાહરણ તરીકે, ગાંધીબાપુના અંતિમ ઉદ્ગારઃ 'હે રામ..!' તો વિશ્વવિખ્યાત છે. એક હિંદુએ પોતાના પર ગોળી ચલાવી એ જોઈને બાપુ અવાક થયા કે પછી પોતાનાં કાર્ય અધૂરાં રહી ગયાંનો અફસોસ થયો એ વ્યકત કરવા બાપુ 'હે રામ ..' બોલ્યા હશે? આપણે નથી જાણતા..!

આ જ રીતે, કેટલીક વિખ્યાત વિભૂતિઓનાં અંતિમ ઉદ્ગાર-કથન શું હતા અને કેવા સંજોગોમાં એ બોલાયા તે અહીં ઝડપથી જાણી લઈએ. ઉદાહરણ તરીકે...

ફ્રાન્સના શહેનશાહ નેપોલિયન બોનાપાર્ટ વિશ્વવિજેતા તો બન્યો, પણ છેલ્લી ક્ષણે જાણે એને સમજાયું હોય કે આ રાજપાટ બધું અહીં છોડીને જ જવાનું છે ત્યારે આંખો મીંચતા પહેલાં એણે ત્રૂટક ત્રૂટક માત્ર એટલું જ કહેલુંઃ 'મારો દેશ મારું સૈન્ય..મારા ભગવાન!'

એજ રીતે કેવળજ્ઞાન સાથે નિર્વાણ પામી રહેલા ભગવાન બુદ્ધને એમના શિષ્યોએ અંતિમ આદેશ અને ઉપદેશ આપવા કહ્યું ત્યારે ગૌતમ બુદ્ધએ માત્ર એટલું જ કહ્યું હતુંઃ 'ઈચ્છા એક જાતનું અજ્ઞાન છે... ઈચ્છા જ બધાં દુઃખ-પાપનું મૂળ છે. એને દૂર રાખો તો જીવન-મૃત્યુ બન્ને મંગળમય બનશે...'

જાણીતા હાસ્યકાર તારક મહેતા અને વિનોદ ભટ્ટ - બન્નેના પ્રિય લેખક હતા અમેરિકન લેખક સેમ્યુલ ક્લિમેન્સ, જે 'માર્ક ટ્વેન'ના ઉપનામે લખતા. જે સાંજે માર્ક ટ્વેનનું અવસાન થયું એ પહેલાં બપોરની ઊંઘ લઈને ઊઠ્યા.ફ્રેશ થયા પછી પોતાની પુત્રી સાથે વાત કરતાં કરતાં શ્વાસ ચઢ્યો એટલે એક કાગળ પર પેન્સિલથી લખ્યુંઃ મારા ચશ્માં લાવ..મારે કઈંક લખીને કહેવું છે...' અને એ લખેલાં શબ્દ એમનાં છેલ્લાં બની રહ્યા..

-તો ગુરુત્વાકર્ષણના શોધક-વિજ્ઞાની સર આઈઝેક ન્યૂટનની અંતિમ વાત એક કવિ જેવી હતી. એ કહેઃ 'હું તો જ્ઞાનના ઘૂઘવાતાં વિશાળ સમુદ્ર કિનારે નાના બાળકની જેમ રૂપકડાં છીપલાં શોધું છું..!'

આ બધા વચ્ચે બોલીવૂડના સર્વપ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્નાની વિદાય એમના જીવન જેવી જ નાટ્યાત્મક હતી. 'કાકા'ની લથડ્તી તબિયત વખતે અમિતાભજી એમને જોવા ગયા ત્યારે રાજેશ ખન્નાએ એમના ચિરપરિચિત રોમેન્ટિક સ્ટાઈલમાં, પણ લથડતાં સ્વરે કહેલુંઃ 'બાબુમોશય, અબ અપન કા પેકઅપ ટાઈમ હો ગયા..!'

-અને થોડા કલાકમાં જ એમણે ખરેખર જિંદગીનું આખરી પેકઅપ કરી લીધું..!

અંતિમ અવસ્થા વેળાએ આવા ઉદ્ગારોના ઉદાહરણો તો ઘણા છે, જેમકે પ્રખર સામ્યવાદી કાર્લ માર્કસને તો જાણે પોતાની અંતિમ વિદાય પહેલાં જ જાણે સ્વર્ગની ઝલક મળી ગઈ હોય તેમ એના આખરી શબ્દો હતાઃ યાર, ઉપર (સ્વર્ગમાં) તો કેવું બધું મજાનું છે..!

કયારેક કેટલાકને પોતાનાં અધૂરાં રહી ગયેલાં કાર્યોનો વસવસો હોય છે. વિશ્વપ્રવાસી તરીકે જાણીતા માર્કો પોલોએ અંતિમ વાર આંખો મીંચી લેતા પહેલા અફસોસભર્યા અવાજે કહ્યું હતુંઃ 'હું આ જગતમાં શું શું શીખ્યો- કેટકેટલું જોયું એમાંથી તો અરધી વાત તો મેં હજુ કરી જ નથી..!'

આ બધા વચ્ચે, કયારેક દેહ અચાનક છોડવો પડે ત્યારે કેટલાક લોકો કશું બોલી નથી શક્તા, પણ અચાનક આવનારા મોતના થોડા કલાક પહેલાં કે એક-બે દિવસ પહેલાં કહેલી વાત એમની આખરી વિદાયનો અણસાર આપી જતી હોય છે. ઉદાહરણ તરીકે, ડલ્લાસ (ટેકસાસ) શહેરમાં અમેરિકાના પ્રેસિડેન્ટ જોન એફ કેનેડીનો કાર કાફલો નીકળવાની તૈયારીમાં હતો ત્યારે કારમાં ગોઠવાતી વખતે કેનેડીએ પત્ની જેકલિનને કહ્યુંઃ 'અહીંની ઊંચી ઈમારતો પરથી મોટરકેડ પર ફાયર કરીને પ્રેસિડેન્ટની હત્યા સરળતાથી થઈ શકે..' એકાદ કલાકમાં જ આ શબ્દો ખરા પડ્યા. કેનેડીને બરાબર આ જ રીતે વીંધી નાખવામાં આવ્યા...! (સંપૂર્ણ)■

## શરદ જોશી સ્પીકિંગ


સંજય છેલ
feedback@bombaysamachar.com

### પ્રજાતંત્રનાં પ્રોબ્લેમઃ

# પર્દે મેં રહને દો, પર્દા ના ઉઠાઓ...

જ્યારથી ભારતના વડા પ્રધાનોએ નક્કી કર્યું કે એ લોકો વચ્ચે વચ્ચે દેશના પછાત ગરીબ વિસ્તારોની મુલાકાત લેશે ત્યારથી મુખ્ય મંત્રીઓમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો છે, કારણ કે નોર્મલી મુખ્ય મંત્રીઓનું મેઇન કામ તો પોતાની રાજધાનીથી દિલ્લીના સતત આંટાફેરા મારવાનું હોય છે અને બાકીના સમયમાં તો સત્તાનું ગુલાબ સૂંઘીને ટાઇમપાસ કરવાનું જ હોય છે. જ્યારથી સમાચાર છે કે 'પી.એમ. આવવાનાં છે ' ત્યારથી દરેક સી.એમ. રાજ્યના અલગ-અલગ એરિયામાં ત્યાંની હાલત જાણવા હચમચી ઉઠ્યા છે કે રખેને પી.એમ.ને પછાત વિસ્તારની હાલત છે એનાં કરતાં યે વધુ ખરાબ હાલત જોઈને હાર્ટ-એટેક ના આવી જાય ! હવે બિચારા સી.એમ. માટે ત્યાં વૃક્ષો વાવવા, રસ્તાઓ સુધારવા કે પી.એમ.ના લંચ-ડિનરમાં ચિકન-ચમચમ પિરસવા પૂરતી વાત નથી રહી. હવે અહીંયા જેમ બને તેમ ફટાફટ સરકારી પૈસા વહેંવાની વાત છે, રાતોરાત જનતામાં લાભની લોલીપોપ આપવાની છે, જેથી પ્રધાનમંત્રી પધારે ત્યારે ગરીબોના ચહેરા પર સ્મિત હોય અને વડા પ્રધાનના જય-જયકારના અવાજો ધીમા નહીં પણ બુલંદ હોય. પ્રજાની ઢગલાબંધ ફરિયાદોને છુપાવવા પાર્ટીના ચમચાઓ સતત તૈનાત હોય છે અને લાચાર આદિવાસીઓ બસ નાચતા-ગાતા જ દેખાય, જેથી ત્યાંની અસલી તસ્વીર વડા પ્રધાનને જોવા ન મળે અને નિકમ્મા મુખ્ય મંત્રીની ઇમેજ ઉજળી લાગે. ગરીબ ઇલાકામાં એવો તે મોંઘો ને શાનદાર તમાશો યોજવામાં આવે કે બસ પી.એમ. સામે સી.એમ.ની ખુરશી સલામત રહે.

આ દેશમાં જ્યાં મોટા નેતાની નેતાગીરી પાછળ બીજા નેતાઓની સત્તા લંગડાઇને જીવતી હોય ત્યાં પછાત વિસ્તારોમાં વડા પ્રધાનની મુલાકાત બહુ ખાસ મહત્ત્વ ધરાવે છે. વડા પ્રધાન ત્યાં આવીને ભાષણમાં રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનો ગોવર્ધન પર્વત પોતાની આંગળી પર ઉઠાવી લે છે અને સ્થાનિક સમસ્યાઓ એમની છત્રછાયામાં છુપાઇ જાય છે. જ્યારે પ્રધાનમંત્રી કહે છે, 'ગરીબી આખા દેશમાં છે અને આપણે એની સામે લડવું પડશે' ત્યારે સ્થાનિક ગરીબોને ધરપત થાય છે કે હાશ, ગરીબી માત્ર આપણી જ નહીં , આખા દેશની સમસ્યા છે એટલે જ્યારે એનો ઉકેલ આવવાનો હશે ત્યારે આવશે! એનાથી લોકો એમની ગરીબીના લોકલ પ્રશ્નો માફ કરી દે છે. જો કે આમ તો એકવાર વડા પ્રધાન કોઈ



વિસ્તારમાં પધારે પછી લોકોની સમસ્યાઓ દૂર થઈ છે કે નહીં?- એને ફરી જોવા કદી ફરકતા નથી, કમસેકમ આગલી ચૂંટણી સુધી!

વડા પ્રધાનના આગમનમાં એક ભવ્ય ઉત્સવ જેવું વાતાવરણ હોય છે. ત્યારે સ્થાનિક નેતાઓ, નાયબ મામલતદાર, કલેકટર, લોકલ એમ.એલ.એ., એમ.પી., મંત્રી, મુખ્ય મંત્રી, પોલીસ કમિશનર બધા એક થઈ જાય છે, એ શરતે કે 'તું મારા વિશે ફરિયાદ નહીં કરે અને હું પણ તારા વિશે ફરિયાદ નહીં કરું' એવી સેટિંગ વડે બધાં એકબીજાના કામ ફટાફટ કરી નાખે. પછી પી.એમ. વિઝિટ બાદ, લોકલ (ભ્રષ્ટ) સંસ્થાઓને સરકારી પૈસા મળી જાય એટલે બધાં જ વડા પ્રધાનના સ્વાગતમાં રાતોરાત ખભેખભો મિલાવીને જોડાઇ જાય. વડા પ્રધાન જ્યારે કોઇ વાવાઝોડાની જેમ ત્યાંથી પસાર થાય ત્યારે બધા માથું નમાવીને ઊભા રહી જાય ને પછી જેવા પી.એમ. જાય કે સૌ ફરીથી માથું ઊંચું કરી લે.

આ દેશમાં સરપંચ ગામનું સત્ય મામલતદારથી છુપાવે છે, કલેક્ટર જિલ્લાનું સત્ય, સી.એમ.થી છુપાવે, સી.એમ. રાજ્યનું સત્ય પી.એમ.થી છુપાવે કે અહીં તો બધું સરસ જ છે, બધે લીલાલહેર છે. આ જૂઠનો પડઘો ત્યાં સુધી ગુંજતો રહે છે, જ્યાં સુધી ત્યાં ગોળીબાર ન થાય, લોકો વિરોધમાં રસ્તા પર ના ઊતરી આવે. આઝાદી અગાઉ વાઈસરોયના આગમન પર રાજાઓ એમનાં રાજ્ય વિશે જૂઠી માહિતીઓ આપીને ગોરા અંગ્રેજ અમલદારને શિકારબાજી, મુજરાઓ અને શબાબ- કબાબની પાર્ટીઓમાં બિઝી રાખતા. એ જ રીતે આજે વડા પ્રધાનને આદિવાસી નૃત્યો, ભવ્ય ભાષણો અને કાર્યક્રમોથી આંજી દેવાની યોજનાઓ બનાવવામાં આવે છે. વડા પ્રધાન જ્યારે ત્યાંની વાસ્તવિકતા જોવા આવે ત્યારે લોકલ નેતાઓ ઘરેઘરે બારીઓનાં કાચને અરીસામાં ફેરવી નાખે છે, જેથી ત્યાંની દરિદ્રતાનું કડવું સત્ય, અરીસા પાછળ ઢંકાય જાય અને વડા પ્રધાનને ત્યાં ખુદનો જ ચહેરો દેખાય અને પછી સરકારી સ્માઇલ સાથે એ દિલ્હી પાછાં જતા રહે. કામનાં કે નક્કામાં પાર્ટી-વર્કરો માટે આ જ તો દેશની કે પાર્ટીની સેવા છે. એ લોકોની એક જ ફોર્મ્યુલાઃ

'ગામની ગંદકી ઢાંકવા એના પર મખમલ બીછાવી દો'. એટલે કે પી.એમ. સામે વરવી વાસ્તવિક્તાને રેશમમાં લપેટીને ઢાંકી દો.

ખરેખર તો ટોપ-ટુ-બોટમ દરેક નેતાના રિપોર્ટનો એક જ આશય હોય છેઃ

દેશમેં સબ કુછ ચંગા હૈ! ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# કોલોન - કેથિડ્રલ, પરફ્યુમ, ચોકલેટનો દિવસ...








લાંબું વેકેશન તો પ્લાન થયા કરે, વચ્ચે જ્યારે મેળ પડે ત્યારે ફટાફટ શોર્ટ ડે-ટ્રિપ કરવા મળે ત્યારે પણ મજા જ આવે. ફુઅર્ટેવેન્ટુરાથી પાછાં આવીને કામે લાગ્યાં ત્યાં ફરી વેકેશનની જરૂર વર્તાવા લાગી હતી. આ વર્ષે ગુજરાતનો ઉનાળો અને ખરા માહોલમાં કેરી માણવાનો પ્લાન તો બની જ ગયો હતો. તે પછી સ્કોટલેન્ડમાં આરગાયલ રિજન અને એડિનબરા ફ્રિન્જ ફેસ્ટિવલ માટે પણ બુકિંગ થઈ ચૂક્યું હતું. જોકે ઓફિસની વર્કશોપ માટે અમેરિકાની ટીમનાં મિત્રો જેવાં કોલિગ્સ આવવાનાં હતાં ત્યારે એ લોકોની સાથે કોલોન જવાનો પ્લાન બની ગયો. કોલોન તો આ પહેલાં આમ જ ફરવા અને યુટુનું કોન્સર્ટ જોવા જઈ ચૂકેલાં, પણ આ વખતે ગાઇડ બનીને જવાનું હતું. સાથે મારા માટે પણ અનુભવ નવો બની રહે તેની મજા લેવી હતી. ઘણીવાર એનું એ શહેર અલગ કંપનીમાં નવો ચહેરો બતાવતું હોય છે. એ થિયરી ટેસ્ટ કરવા પણ મળવાની હતી.

એલિસા, બ્રિયેન, જૅક અને રેચલ આગલી સાંજે માનહાઇમ પહોંચ્યાં. જેટ લેગની ચિંતા વિના શ્વેત્ઝિંગન શહેર ફરવા નીકળી ગયાં. તેમને 'પાવર થ્રુ' કરવું હતું. એટલું જ નહીં, એ બધાં બીજે દિવસે સવારમાં સાડ છ વાગ્યે માનહાઇમ હોપ્ટબ્હાનહોફ પર પહોંચી ગયેલાં. હું પણ ત્યાં પહોંચી અને બધાંએ મજાથી પહેલાં સ્થાનિક ક્રોસોંનો નાસ્તો કર્યો. આ લોકો પહેલાં જર્મની આવી ચૂક્યાં હતાં, પણ કોલોન પહેલી વાર જઈ રહ્યાં હતાં. હવે રસ્તામાં અમે વાતો કરી કરીને આખી ટ્રેનનાં બીજાં મુસાફરોનું માથું દુખાડી દીધું. એક વાર કોલોન નજીક આવ્યું પછી એટલે એ લોકોને ટ્રેનની બહાર દૂરથી કોલોનનું ખ્યાતનામ કેથિડ્રાલ જોવાની મેં ખાસ ના પાડી હતી. કોલોનનું કેથિડ્રાલ કોઈએ પણ પહેલી વાર જોતી વખતે તો ખાસ સ્ટેશનથી બહાર નીકળીને અવાક થઈને જ જોવું જોઈએ.

સ્વાભાવિક છે બધાંએ ત્યાં ઘણા ફોટા પાડ્યા. હવે વારો હતો કેથિડ્રાલને અંદરથી અને ઉપરથી જોવાનો હતો. એક જમાનામાં આ યુરોપનું સૌથી ઊંચું કેથિડ્રાલ હતું. ત્યાંના ટાવર પરથી આખું શહેર દેખાતું. અંદરની સ્ટેઇન્ડ ગ્લાસ વિન્ડો પરનાં માત્ર ચિત્રો જોવામાં આખો દિવસ વિતાવી શકાય તેમ હતું. અંદર જરા અલગ જ શાંતિ હતી. ઉપર ચડવા માટે કેથિડ્રાલની પાછળથી સીડી માટે અલગ લાઇન લગાવવી પડે છે. અમે હજી સવારમાં વહેલાં નીકળેલાં, એટલે હજી લાઇન લાંબી નહોતી થઈ. વળી ત્યાં ટાવર માટે ૫૩૩ પગથિયાં ચઢવાનું હતું. પગથિયાં શરૂ થાય ત્યાં બોર્ડ મારેલું હતું 'નો લિફટ, નો જોક.' આ વાંચીને મારી અમેરિકન ટોળકીને મજા આવી ગઈ. બધાંએ ઉત્સાહમાં અને વાતોમાં ચાલવાનું શરૂ તો કરી દીધું, વચ્ચે હાંફી પણ રહ્યાં, અને જોતજોતામાં ટોચ આવી પણ ગઈ. દર વખતે આ કેથિડ્રાલને નીચેથી અચંભિત થઈને જ જોવાનું બન્યું હતું.

હવે ઊતરવા માટે પણ એટલો જ ઉત્સાહ હતો. નીચે આવીને કોલોનનું ટ્રેઝરી મ્યુઝિયમ જોવામાં વધુ કલાક નીકળ્યો. અહીં તે સમયનાં પોશાકો, ઘરેણાં, પેઇન્ટિંગ્સ વગેરે વચ્ચે ભૂખ લાગવા માંડી હતી. જમ્યા પછી અમારે કોલોન પરફ્યુમ મ્યુઝિયમ અને લિન્ટ ચોકલેટ મ્યુઝિયમ જોવાનાં હતાં. ડોમ કેથિડ્રાલની નજીક જ એક પારંપરિક જર્મન રેસ્ટોરાંમાં અમારી ટોળકી ગોઠવાઇ ગઈ. અહીં કોલ્શ બિયરથી વાત ચાલુ થઈ. કોલોનની કોલ્શ બિયરની બે ખાસિયત છે. એક તો એ કે તેની ડિફોલ્ટ સર્વિંગ સાઇઝ જ ૨૦૦ મિલિ છે, અને બીજી એ કે કોઇ રેસ્ટોરાંમાં જઈને એક વાર કોલ્શ ઓર્ડર કરો તો પછી ગ્લાસ પર કોસ્ટર મૂકો અથવા વેઇટરને ના ન પાડો ત્યાં સુધી નવી બિયર આવ્યા જ કરે. તેનો અલગથી ઓર્ડર ન કર્યા રાખવો પડે. ત્યાં જ કોલ્શ બિયરની મજા વચ્ચે બપોર પડી ગઈ હતી.

પરફ્યુમ મ્યુઝિયમમાં દર કલાકે નવી બેચ ચાલુ થતી હતી. ત્યાં પહોંચ્યાં તો ઓલ્ડ ફારીના હાઉસમાં પારંપરિક જુનવાણી ઉમરાવના પોશાકમાં અમારો ગાઇડ અમને તેની ઐતિહાસિક વાર્તા કહેવા તૈયાર હતો. એન્ટ્રી ટિકિટની સાથે જ અમને નાનકડી કોલોનની બોટલ પણ મળી. એક વાર ગાઇડની વાર્તા ચાલુ થઈ પછી ત્યાં બે કલાક ક્યાં વીતી ગયા ખબર પણ ન પડી. કઈ રીતે ફૂલો, ફળો અને કુદરતી સુગંધનો ઉપયોગ સદીઓથી થતો આવ્યો છે તે જાણીને ઘણી મજાકો કરી. ખરાં ઉ ડે કોલોનમાં શેની સુગંધ છે, ખ્યાતનામ પરફ્યુમ્સ કઈ રીતે બને છે, કઈ સુગંધ સ્વતંત્ર રીતે મજાની નથી, પણ કોમ્બિનેશનમાં અત્યંત આકર્ષક બની જાય છે એ બધી માહિતી સાથે ત્યાં ગાઇડે અમને અલગ અલગ સ્મેલ સ્ટ્રિપ આપીને નાનકડી ટેસ્ટ પણ લીધી. સાથે લેમનગ્રાસથી માંડીને, સિટ્રસ, જાસ્મિન, રોઝ જેવી સુગંધનું એનાલિસિસ સાંભળવા પણ મળ્યું.

માત્ર મારી સાથે હતાં એ જ નહીં, તે સમયે કોલોનમાં હાજર મોટાભાગના ટૂરિસ્ટ અમેરિકન હોય તેવું લાગતું હતું. એવામાં અમેરિકન એક્સેન્ટવાળા જ એક ટૂરિસ્ટે જાસ્મિન રાઇસ જાસ્મિનનાં ફૂલમાંથી બનતા હોય તેવી વાત કરી ત્યારે પહેલાં તો બધાંને લાગ્યું કે તે મજાક કરે છે. તેમના પોતાના દેશનાં લોકો શા માટે વધુપડતાં કોન્ફિડન્સ સાથે આવું બુદ્ધિનું પ્રદર્શન કરતાં હશે તે વાત પર ઘણું હસવાનું થયું. યુરોપમાં વધુપડતા મોટા અવાજે અંગ્રેજીમાં વાત કરવા માટે અમેરિકનો કુખ્યાત છે. જોકે જર્મનોને અમેરિકનો પ્રત્યે અલગ જ આકર્ષણ છે.


એમ જ લાઉડ અમેરિકન્સ સાથે મજાકમસ્તીમાં અમે દોઢ કિલોમીટર દૂર ચોકલેટ મ્યુઝિયમ પણ પહોંચી ગયાં. હવે બપોર પછી બધાં થોડું થાક્યાં હતાં. એવામાં કોકો કઈ રીતે ઊગે છે, કઈ રીતે પ્રોસેસ કરવામાં આવે છે, કઈ રીતે તેને પ્રાલિનનું સ્વરૂપ આપવામાં આવે છે તે બધું જોઈને મજા તો પડી, પણ હવે બધાં બેસવા માટે બેન્ચ મળતાં જ બેસી જતાં. અહીં એક નાનકડો ચોકલેટ મેકિંગ ક્લાસ પણ લેવા મળ્યો. ચોકલેટ ખાવા અને ખરીદવામાં પાછાં જવાનો સમય પણ આવી ગયો. કંપની સાથે સમય ક્યાં જતો રહ્યો તે તો ખબર પણ ન પડી. જોકે શહેરમાં આ વખતે કશું નવું નહોતું લાગ્યું. શહેર સાથે વધુ પડતી ઓળખાણ થઈ જાય પછી ત્યાં નવી કંપનીમાં નવા અનુભવોની અપેક્ષા દર વખતે સફળ ન પણ થાય. ■

## ભાત ભાત કે લોગ


જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# આહ ટાઈટેનિક... ઓહ ટાઈટેનિક!

## ભવ્ય ભૂતકાળને આખરી અલવિદા



તાજેતરમાં રોબો દ્વારા ઝડપેલી 'ટાઈટેનિક'ના અવશેષોની દુર્લભ તસવીર...



'આરએમએસ ટાઈટેનિક'....

આ એક એવું નામ છે જેની સાથે ઐતિહાસિક ભવ્યતાથી માંડીને ઐતિહાસિક કરુણાંત સુધીની શ્રેણીબદ્ધ યાદગીરીઓ જોડાયેલી છે. કમનસીબે, આ લખાય છે ત્યારે ટાઈટેનિક સાથે બીજી એક કરુણાંત ઘટના જોડાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

તમને માનવ સ્વભાવની એક ખાસિયત ખબર છે? સ્વીકાર કરવામાં કદાચ મન પાછું પડે, પણ આપણા મગજની રચના કંઈક એવી છે કે કોઈક કરુણાંત ઘટના પણ થોડાં વર્ષો પછી આપણને થ્રિલ આપવા માંડે છે! કદાચ એટલે જ આંદામાનની સેલ્યુલર જેલથી માંડીને એક સૈકા અગાઉ દરિયાના પેટાળે ધરબાયેલી ટાઈટેનિકને જોવા માટે માણસો હજારો-લાખો રૂપિયા ખર્ચી નાખતા અચકાતા નથી!

દરિયાને પેટાળે પડેલી ટાઈટેનિકનો કાટમાળ ઝડપથી ગાયબ થઈ રહ્યો છે. બેક્ટેરિયા તેને જે રીતે ખાઈ રહ્યા છે એને લીધે આગામી છ વર્ષમાં તે સંપૂર્ણપણે અદૃશ્ય થઈ શકે છે.

ટાઇટેનિકના કાટમાળના નવા ફોટા દર્શાવે છે કે જહાજ દરિયાના તળિયે વિખેરાઈ રહ્યું છે. કાટમાળ અંગે માહિતી એકત્ર કરી રહેલી ટીમને જાણવા મળ્યું છે કે જહાજના ટુકડા થઈ રહ્યા છે, જેમાંથી મોટા ભાગના ટુકડાઓ સમુદ્રના તળ પર વિખરાયેલા જોવા મળી રહ્યા છે. આમ થવાનું સીધું કારણ છે કોરોઝન એટલે કે કાટ લાગવાની પ્રક્રિયા. કાટ લાગવાને કારણે ૧૧૨ વર્ષ જૂના આ 'ભવ્ય' અવશેષો ઝડપથી સડી રહ્યા છે. વૈજ્ઞાનિકોએ ખુલાસો કર્યો છે કે આ પ્રતિષ્ઠિત જહાજનું ધાતુનું બનેલું સ્ટ્રકચર એક વિશેષ પ્રકારના બેક્ટેરિયા ખાઈ રહ્યા છે, જે કાટવાળું સ્ટેલેક્ટાઇટ્સ બનાવે છે. આ ખાઉધરા બેક્ટેરિયાને કારણે જહાજનો કાટમાળ ઝડપથી નષ્ટ થઇ રહ્યો છે.

નિષ્ણાતોએ ટાઇટેનિકને ખાઈ રહેલા આ બેક્ટેરિયાનું નામ 'હેલોમોનાસ ટાઇટેનિકા' રાખ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે ૨૦૩૦ સુધીમાં બેક્ટેરિયા આખું જહાજ ખાઈ જશે!

આ વર્ષે, RMS Titanic Inc. એ શોધ્યું કે જહાજની આગળની રેલિંગનો મોટો હિસ્સો, જે આ જહાજની ઓળખ સમો છે. (અને જેના પર ચડીને ફિલ્મ 'ટાઈટેનિક'ના હીરો-હિરોઈને પેલો મસ્ત રોમેન્ટિક પોઝ આપેલો), એ પૈકીનો ઘણો ભાગ હવે ભૂખાળવા સૂક્ષ્મજીવોને કારણે નાના ટુકડાઓમાં પરિવર્તિત થઈને સી-બેડ પર વિખેરાયેલો જોવા મળે છે. નિષ્ણાતોના અંદાજ મુજબ માત્ર છેલ્લાં બે જ વર્ષ દરમિયાન આ રેલિંગનો લગભગ ૧૫ ફીટ જેટલો હિસ્સો ખરી પડ્યો છે. ૨૦૨૨ માં આ કાટમાળનું ડિજિટલ સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. જેના દ્વારા આ માહિતીઓ મળી રહી છે.

માત્ર રેલિંગ જ નહિ પણ જહાજના આંતરિક ભાગો સુધ્ધાં ઝડપથી ક્ષીણ થઈ રહ્યા છે. ઘણા હિસ્સાઓમાં તો ડૂબકી મારીનેય દાખલ થઇ શકાય એવું નથી રહ્યું. ટાઈટેનિકના કેપ્ટન હતા એડવર્ડ સ્મિથ. ઇસ ૧૯૯૬માં કેપ્ટન એડવર્ડની કેબિનમાંથી એક તસ્વીર ખેંચવામાં આવેલી, જેમાં જહાજ પર મોજૂદ બાથ ટબ સ્પષ્ટ દેખાતું હતું. પરંતુ ૨૦૦૪માં લીધેલા એ જ બાથટબના ફોટોગ્રાફ્સ દર્શાવે છે કે બેક્ટેરિયાએ અંદરના ભાગમાં કેટલી ઝડપથી કાટ લગાવ્યો છે. હવે તો કેપ્ટનની કેબિન પણ લગભગ નાશ પામી ચૂકી છે.

ટાઇટેનિક કાટમાળ વિશે શોધખોળ કરનારી ટીમ લીડર વિક્ટર વેસ્કોવોએ જણાવ્યું હતું કે દરિયાને પેટાળે પડેલો જહાજનો કાટમાળ ૧૦૭ વર્ષથી દરિયાના ભારે પ્રવાહ સામે ઝીંક ઝીલી રહ્યો હતો. ઇસ ૧૯૮૫ માં જહાજના કાટમાળની શોધ થઈ ત્યારથી લોકલાગણી એવી રહી છે કે કોઈક રીતે ભવ્ય સ્ટીમરના ઐતિહાસિક ભંગારને દરિયામાંથી બહાર કાઢવામાં આવે. ખાસ કરીને ૧૯૯૭માં રિલીઝ થયેલી બ્લોકબસ્ટર ફિલ્મ 'ટાઇટેનિક'માં જે રીતે ઐતિહાસિક સ્ટીમર અને એની ગાથાનું જે રીતે નિરૂપણ કર્યું એ જોઈને લોકોમાં ટાઈટેનિકને બહાર કાઢવાની માગણી પ્રબળ બનતી ગઈ. જોકે, નિષ્ણાતોના મતે જે સ્થિતિમાં કાટમાળ દરિયાને તળિયે પડ્યો છે, ત્યાંથી એને ઊંચકીને બહાર કાઢવાનું કામ અશક્યવત છે.

વૈજ્ઞાનિક કારણ એવું છે કે પાણીના ભારેખમ દબાણ હેઠળ રહેલા જહાજના સદી પુરાણા માળખા પર જરા સરખું વધારાનું પ્રેશર આવશે, તો પ્રચંડ દબાણ હેઠળ રહ્યુંસહ્યું માળખું પણ ભાંગીને ભૂક્કો થઇ જશે. તેમ છતાં, ટાઈટેનિકના માળખા ઉપર અધિકાર ધરાવતી 'આરએમએસ ટાઈટેનિક' નામક કંપની ૧૯૯૮માં જહાજના ૨૦ ટન જેટલા ટુકડાઓને પાણીની બહાર ઊંચકી લાવવામાં સફળ રહેલી. અત્યાર સુધીમાં કાટમાળમાંથી ૫,૫૦૦ વસ્તુઓ મેળવામાં આવી છે. આમાં ઘરેણાં, રમકડાં, વાસણો અને વહાણનાં સાધનોનો સમાવેશ થાય છે, પરંતુ 'હેલોમોનાસ ટાઇટેનિકાબેક્ટેરિયા' એ બાકીના માળખાને એ હદે ખોખલું કરી નાખ્યું છે, કે હવે કશું થઇ શકે એમ નથી!

એક સમયે જેની ખ્યાતિ 'કદી ન ડૂબે એવી સ્ટીમર' તરીકેની હતી એવી ટાઈટેનિક ૨૦૩૦ આવતા સુધીમાં હંમેશ માટે ભૂતકાળની ગર્તાઓમાં ધકેલાઈ જશે.

ઓહ ટાઈટેનિક... આહ ટાઈટેનિક... બોન વોયેજ ...હંમેશને માટે આ-વ- જે! ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# મંદી નડે છે? ચુનિયો છે ને...



ચુનિયાએ આ કટોકટીની પરિસ્થિતિમાં પણ ધંધો ગોઠવી લીધો છે, જેને એની કોઠાસૂઝ ગણી શકાય.

આજે સવારે મારી પાસે આવીને મને બે કંકોત્રી આપી ગયો અને જાણે એના ઘેર પ્રસંગ હોય એમ લળી લળીને 'આવવાનું જ છે સહકુટુંબ' તેવું આમંત્રણ પણ આપી ગયો.

મેં બંને કંકોત્રી જોઈ તો એક જ પાર્ટીની... બેમાંથી કોઈને હું ઓળખતો નહોતો મેં કહ્યું કે, તારા ઘરના પ્રસંગ હોય તો બરાબર છે આ અજાણ્યાની કંકોત્રી મને શું કામ બટકાવે છે?એવું હોય તો મારો ૧૫૧-૧૫૧ નો ચાંદલો લખી લે.'

એ મને કહે, 'તમે સેલિબ્રિટી છો એટલે દરેકને એવું હોય કે મારા પ્રસંગમાં આવે તો પ્રસંગ યાદગાર બને અને આ આપણો નવો બિઝનેસ છે એટલે

'તમારે આવવું જ પડશે.' મેં પૂછ્યું:

'શેનો બિઝનેસ શરૂ કર્યો છે'? છે કહે :

'આ મંદીના માહોલમાં લોકોના લગ્ન કરાવી આપવાનો બિઝનેસ દરેકને હું ફાયદા જણાવું છું. અત્યારે કેટલા ઓછા ખર્ચમાં પતી જાય તે સમજાવું છું સમજી જાય તો બંને ખર્ચના ડિફરન્સના જે પૈસા થાય તેના ૧૦ ટકા લઈ લઉં છું'.

વાતમાં મને પણ રસ પડયો. મેં વિગત જાણવા માટે અડધી ચાનો ઓર્ડર આપ્યો અને બેસાડ્યો ચા આવે ત્યાં સુધીમાં તેના ખુરાફાતી મગજનું ઓપરેશન મેં ચાલુ કર્યું.

ચુનિયાએ ચાની રાહમાં ચાલુ કર્યું :

'અત્યારે લગ્નનું નક્કી થાય એટલે તરત જ હોટલ બુક કરીશું કેટલા દિવસ કરીશું અને એમાં પણ વેવાઈ અકોણો હોય તો જામી પડે કે ડેસ્ટિનેશન વેડિંગ કરો. અરે, ભાઈ ચાર બેંકના હપ્તા ચાલે છે. ઘરે સાંજે ખીચડી કઢીથી ચલાવી લો છો અને વેવાઈને ઘરે જાવ ત્યારે કંસાર બનાવડાવો છો? અને એમાંય વચ્ચોવચ ઘી માટે ખાડા કરો છો? '

આવા સંજોગોમાં ચુનિયાને યાદ કરી લોકો બોલાવે છે. ચુનિયાની વાતની નાંખણી જ એવી હોય કે કંસારમાં ઘી માટે ખાડો કરતો વેવાઈ ત્રણ ટંકના લાંઘણ ખેંચી આર્ય સમાજમાં લગ્ન કરવા તૈયાર થઈ જાય. વેવાઈ હારે વાત કરતા કરતા વચ્ચે વચ્ચે ઇન્કમટેક્સ અને ઈ.ડી.ના ફોન ચાલુ હોય. વેવાઈના ચહેરા ઉપર જો તેમ છતાં કરચલી ન પડે તો એકાદ ફોન સીબીઆઈનો પણ વચ્ચે આવી જાય..

તમને એમ છે ને કે ચુનિયાને આટલી બધી ઓળખાણ? હકીકતમાં આ ત્રણ ખાતાના અધિકારી તરીકે એના જ ત્રણ લેણિયાત મિત્રો -પાનવાળો - ચાવાળો અને પંચરવાળો હોય . એના નંબર ફોટા નામ સાથે સ્ટોર કરેલા છે. જૂની ઉઘરાણી પાકી જાય તેવી આશાએ ત્રણેય ચુનિયાની મદદ કરે છે. આ ત્રણેય 'અધિકારી' ઓ સાથે વાત કરતા કરતા સામે અજડ વેવાઈ સાથે પણ વાત કરતો જાય:

'ખોટા ખર્ચા કરે છે.અને એમની પાસે આ હિસાબે ઘણા રૂપિયા હશે તો રેડ પાડો ' એવું જણાવે.

આટલી વાત કર્યા પછી ચુનિયો પાર્ટીને કહે છે કે આ એક પાર્ટી માનતી નથી એટલે પછી આ રસ્તો અપનાવવો પડ્યો. તમારી જેવા બધા સમજુ ન હોય.

બસ, આ માસ્ટર સ્ટ્રોક માર્યા પછી તાકાત છે કે કોઈ ચમરબંધી ચુનિયાની વાત ન માને?

બંને પાર્ટી જે ખર્ચ કરવાની હોય અને પછી જે ખર્ચ હવે થવાનો હોય તેના ડિફરન્સ ના ૧૦% બંને પાર્ટી હસતા મોઢે ચુનિયાને આપે.

ખરેખર આમ જુઓ તો બેરોજગારી છે જ નહીં જેની પાસે થોડું મગજ છે અને જેને કામ કરવું છે તે શ્રાદ્ધમાં કાગડા ભેગા કરવાનો કોન્ટ્રાક્ટ લઈને પણ કમાઈ શકે છે.

હમણાં મારે મુંબઈ કાર્યક્રમ હતો. બહાર નીકળી ટેક્સી કરી હું બરાબર મલાડ પહોંચ્યો ત્યાં એક ફરસાણવાળાની દુકાન વખણાય છે અને હું ખાવાનો શોખીન એટલે પાછળ બેઠા બેઠા મેં ટેક્સીવાળાના ખભા ઉપર હાથ મૂક્યો. હજુ હું ઊભા રહેવા માટે કહું તે પહેલા તો એટલો બધો ગભરાઈ ગયો. શ્વાસ અધર ચડી ગયો છાતી ધમણની જેમ ફુલવા લાગી અવાજ નીકળવાનો બંધ થઈ ગયો. રેબઝેબ થઈ ગયો મને એમ થયું કે આને હૃદયરોગનો હુમલો આવ્યો કે શું ? આજે મારો કાર્યક્રમ રખડી પડશે જો આને દવાખાને લઈ જવો પડે તો....

એના મેં પર પાણી છાંટીને એને પાણી પીવરાવ્યું એને પૂછ્યું કે ભાઈ તારી તબિયત બરાબર છે ને શું થયું? પાંચેક મિનિટ પછી સ્વસ્થ થયો અને કહ્યું કે ' ભાઈ, તમારો વાંક નથી... ટેક્સીમાં આજે મારો પહેલો દિવસ છે અત્યાર સુધી હું શબવાહિની ચલાવતો હતો....!'

આખી વાતનો મને તાળો મળી ગયો. શબવાહિનીમાં કોઈએ પાછળથી ખભે હાથ મૂક્યો ન હોય અને જો મૂકે તો અત્યાર સુધી તે કોઈ પણ પ્રકારની ગાડી ચલાવવા માટે આ પૃથ્વી ઉપર ન રહ્યો હોય...! .

લોકો મંદીના વાતાવરણમાં ગમે ત્યારે ધંધો બદલી નાખે છે એમાં ચુનિયા જેવા લોકો જુગાડુ થઈ ગયા છે .... ■

### વિચારવાયુ:


*ચાની ટપરી પર ચર્ચા હતી કે મંદી ખૂબ છે.*


*બે -ચાર ખેસ નાખેલા મિત્રો બોલ્યા : ચાર પક્ષના જુદા જુદા ખેસ ખભે રાખો પછી જુઓ કેટલી કેશ આવે છે....મંદી દૂર દૂર સુધી નડશે નહીં.*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્થાપત્ય - પ્રતિકૃતિ - શિલ્પ







ત્રિપરિમાણીય રચનાઓ ત્રણ પ્રકારની હોય છે, શિલ્પ અર્થાત મૂર્તિ, પ્રતિકૃતિ અર્થાત મોડેલ કે નમૂનો અને સ્થાપત્ય અર્થાત મકાન કે ઇમારત. આ ત્રણ વચ્ચે ક્યાંક સમાનતા છે તો ક્યાંક વિશેષ તફાવત આ તફાવત ક્યારેક બહુ પાતળી રેખાથી અંકિત થયેલ હોવાથી ક્યાંક સમજ ફેર થવાની શક્યતા હોય છે. એક વિશાળ શિલ્પની નીચે ઊભેલી વ્યક્તિને તડકા વરસાદથી રક્ષણ મળે તો તે શિલ્પ મકાન નથી બની જતું. વાપરી શકાય તેવા તમંચા ને જો ટેબલ પર કાગળ ઊડી ન જાય તે માટે કાગળની થપ્પી પર મૂકવામાં આવે તો તે તમંચો પેપર-વેઇટ નથી બની જતો. જોવામાં ખૂબ આકર્ષક મકાન શિલ્પ નથી બની જતું. શિલ્પ - સ્થાપત્ય - પ્રતિકૃતિને તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવાની જરૂર છે.

શિલ્પ મૂળભૂત રીતે દૃશ્ય અનુભૂતિ માટે કરાતી રચના છે. સ્થાપત્યમાં માનવીના કાર્યહેતુની સગવડતા - ઉપયોગિતા માટે સ્થાન નિર્ધારણ કરાતું હોય છે. પ્રતિકૃતિ એ જે તે હયાત કે કાલ્પનિક વસ્તુને જેમની તેમ રજૂ કરવા માટેની રચના છે. શિલ્પમાં દેખાવ, સ્થાપત્યમાં ઉપયોગિતા અને પ્રતિકૃતિમાં વસ્તુના ચોક્કસ પાસાને ઉજાગર કરવામાં રખાયેલી સચોટતા મહત્ત્વના ગણાય. આ ત્રણે ત્રિપરિમાણીય રચના હોવા છતાં તેમના મુખ્ય ઉદ્દેશ્ય ભિન્ન ભિન્ન છે. શિલ્પ લલિતકળાનું ક્ષેત્ર છે જેમાં લાલિત્ય - સુંદરતા મહત્ત્વની હોય, સ્થાપત્ય પ્રાયોજિત કળામાં આવે તર્કબદ્ધ અભિગમ જરૂરી છે જયારે પ્રતિકૃતિ એ ચોક્કસ સમજ માટેનું પ્રત્યુપાદન કહેવાય જેમાં નિરુપણ અગત્યનું ગણાય.

શિલ્પ જોવા માટે છે. તેનો દેખાવ અગત્યનો છે. તેમાં દ્રશ્ય વિચારને ભૌતિક આકાર આપવામાં આવે છે. શિલ્પકારના મનમાં તે વિચાર સૌપ્રથમ ઉદ્ભવે છે અને બાદમાં તે ભૌતિક સ્વરૂપ પામે. શિલ્પકાર પોતાના વિચારો તથા સંવેદનશીલતા સર્જનાત્મક રીતે પૂર્ણ મુક્તતાથી વ્યક્ત કરી શકે. વ્યક્ત કરે છે.

શિલ્પમાં આકાર તથા તેમની પરસ્પરની ગોઠવણ ઉપરાંત નાનું નાનું વિગતિકરણ મહત્ત્વના ગણાય, જેના નિર્ધારણમાં શિલ્પની સામગ્રી મહત્ત્વની ગણાય. શિલ્પ કાષ્ટ, પથથર, ધાતુ, હાથીદાંત, માટી જેવી વિવિધ સામગ્રીમાંથી જુદા જુદા માપનું બનાવી શકાય. શિલ્પ એક ચોખાના દાણા જેટલું નાનું પણ હોઈ શકે અને મકાન કરતાં વિશાળ પણ. શિલ્પને હાથમાં ઊંચકીને માણી શકાય અને તેની અંદરથી પસાર પણ થઈ શકાય. શિલ્પ સ્થિર પણ હોય અને ચલિત પણ, તે અલાયદું પણ હોય અને જે તે સ્થાન સાથે જોડાયેલું પણ. કલાકાર માટે આવી મુક્તતા હોવાને કારણે શિલ્પમાં અભિવ્યક્તિમાં સરળતા તેમ જ સચોટતા શક્ય બની શકે.

સ્થાપત્ય એ ઉપયોગિતા માટેનું સર્જન છે. તેમાં આબોહવાનાં વિપરીત પરિબળો સામે રક્ષણ મળવું જોઈએ. તેની ચોક્કસ કાર્ય-ઉપયોગિતા હોવી જોઈએ. તેની રચનામાં સમયકાળ, સંજોગો, પ્રાપ્ય સામગ્રી તથા લાગુ પડતાં કાયદા મહત્ત્વના ગણાય. તેની રચનામાં એક પ્રકારનું ઉત્તરદાયિત્વ સંકળાયેલું છે.

મનસ્વી ઈચ્છા પ્રમાણે સ્થાપત્યનું સર્જન ન થઈ શકે. જરૂરિયાતની પૂર્તિતા સ્થાપત્યમાં મહત્ત્વની છે. આ જરૂરિયાત ચોક્કસ વ્યક્તિ કે વ્યક્તિ સમૂહને આધારિત હોવી જોઈએ. સ્થાપત્યમાં હોવા ખાતર હોવું મહત્વ નથી. અહીં તો જે જરૂરી છે તે જ જરૂરી છે. શિલ્પની અપેક્ષાએ સ્થાપત્ય એ જવાબદારી છે. સ્થાપત્યમાં તર્કબદ્ધ આયોજન જરૂરી છે. કોઇ શિલ્પ અમાન્ય બની રહે તો સમાજને તકલીફ ન પડે, પરંતુ આવી અસ્વીકૃતિ સ્થાપત્ય માટે જોખમી ગણાય.

પ્રતિકૃતિ એ કલ્પિત કે હયાત પરિસ્થિતિની ચોક્કસ બાબતોને ઉજાગર કરવા માટે કરાયેલી રચના છે. પ્રોડક્ટ ડિઝાઈનર કે સ્થપતિ જે તે રચના વિશે અંતિમ નિર્ણયો લેતા પહેલાં પ્રતિકૃતિ બનાવી તેની કેટલીક બાબતો ચકાસતા હોય છે. ક્યારેક તે દ્રશ્ય-અનુભૂતિની ગુણવત્તા જોવા, કેટલીક તકનીકી બાબતો કઈ રીતે સંભવ બની શકે તે સમજવા તો ક્યારેક કાર્યરતતા - વર્કિંગ તપાસવા માટે બનાવાય છે. આવા સંજોગોમાં પ્રતિકૃતિ એ જે તે વિચારના અમલીકરણ પહેલા કરાતી રચના છે.

પ્રતિકૃતિ હયાત પરિસ્થિતિની પણ હોઈ શકે. ઇલોરાના કૈલાસ મંદિરની વિવિધ માપની પ્રતિકૃતિ યાદગીરી તરીકે મળતી હોય છે. આમાં ચકાસણીનો નહીં પણ હયાત પરિસ્થિતિની નોંધપાત્ર ખાસિયતોને પ્રસ્તુત કરવાનો પ્રયત્ન હોય છે. બજારમાં વાહનોના જે રમકડાં મળે છે તે પણ પ્રતિકૃતિ જ છે, તેમાં તે પ્રકારનું યંત્ર નથી હોતું પણ તેનાથી મૂળ વાહનનો ખ્યાલ આવી જતો હોય છે અને તે જ તેનો હેતુ છે.

પ્રતિકૃતિ વિચાર આધારિત કે હયાત વસ્તુ આધારિત હોય, તે બંને સ્થિતિમાં પ્રતિકૃતિના સર્જકને કોઈ સ્વતંત્રતા નથી હોતી. તેણે તો પ્રત્યેક પરિસ્થિતિને જેમની તેમ આલેખવી પડે, તેમાં ક્યાંય છૂટછાટની શક્યતા નથી. માત્ર ફેર એટલો કે પ્રતિકૃતિને જે માપની બનાવાય તે માપ પ્રમાણે અમુક બાબતો પ્રત્યે નજરઅંદાજ કરી શકાય. બે મીટર લાંબી કારની પ્રતિકૃતિને દસમા ભાગની એટલે કે વીસ સે.મી. લંબાઇવાળી બનાવાય ત્યારે સ્વાભાવિક છે કે કારની નાની નાની આંટીઘૂંટીની નોંધ ન લેવાય. ઘણીવાર પ્રતિકૃતિ તેટલા જ માપની કે મોટા માપની પણ હોઈ શકે, પ્રતિકૃતિમાં કઇ બાબતો તપાસવાની છે, રજૂ કરવાની છે, સમજવાની છે તે નક્કી કર્યા બાદ તેનું પ્રમાણ માપ નક્કી કરાતું હોય છે.

શિલ્પમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાની સંભાવના સૌથી વધુ છે, તો પ્રતિકૃતિમાં સૌથી ઓછી છે એમ કહી શકાય. એમ પણ કહી શકાય કે પ્રતિકૃતિમાં ક્યારેક તો આવી સ્વતંત્રતા હોતી જ નથી. સ્થાપત્યમાં ક્યાંક આવી સ્વતંત્રતા મળી રહે છે અને ક્યાંક તે બાધિત પણ હોય છે. શિલ્પમાં સર્જનાત્મકતા તથા સંવેદનશીલતા મહત્ત્વના છે ત્યારે પ્રતિકૃતિની રચનામાં હાથનું કૌશલ્ય વધુ અગત્યનું ગણાય. સ્થાપત્ય એ કળાત્મક પણ તર્કબદ્ધ નિર્ણયોને આધારિત ગંભીર ક્ષેત્ર છે. ■



પ્રકરણ ૬૭

# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા

હાથ પાછો ખેંચી લેતાં રૂપાએ મોઢું બગાડ્યુંઃ ‘વ્હોટ રબીશ…! કરણ, તું પણ શું એક સામાન્ય માણસની જેમ કુટુંબ, બાળકો વગેરેની વાતો કરવા લાગ્યો! અરે મારી કૅરિયરનું શું? મારાં સ્વપ્નોનું શું? તને ખબર હોવી જોઈએ કે મારે ફેશનની દુનિયામાં નામ કમાવવું છે.’

કરણ સ્તબધ થઈ ગયો.

રૂપા કૅરિયર બનાવવા માગતી હતી એ એને જાણ હતી પણ કુટુંબ અને બાળકો વિશે આટલા ધિક્કારથી બોલશે એ એને કલ્પના પણ ન હતી.

‘રૂપા, તો તું એમ કહેવા માગે છે કે તું મારી સાથે લગ્ન નહીં કરે?’ કરણના અવાજમાં સખતાઈ ભળી.

‘ઓહ નો ડાર્લિંગ, હું એવું તો નથી બોલી. પણ લગ્ન એટલે બાળકો તો નહીં જ ને… એટલી શી ઉતાવળ છે? કરણ, આખી જિંદગી પડી છે.’ રૂપાએ કરણના ગાલ પર ટપલી મારતાં કહ્યું, શ્રીમંત બોયફ્રેન્ડ નારાજ થઈ જાય એ ન પાલવે… એણે વિચાર્યું.

કરણ હસી પડ્યો. રૂપાના સ્પર્શથી એના આખા શરીરમાં ધ્રુજારી ફરી વળી. ‘તો મને મારા પ્રશ્નનો ઉત્તર આપને… ગાયત્રી કેવી લાગી?’ કરણે પૂછી નાખ્યું.

કરણ સામે જોઈ રહી રૂપા…

કરણ બેવકૂફ છે કે નિર્દોષ એ સમજવું મુશ્કેલ હતું. રૂપાએ કરણના બંને હાથ પકડી લેતાં કહ્યું; ‘માય બેવકૂફ બોયફ્રેન્ડ, એક છોકરી પાસેથી તું બીજી છોકરીના વિશે અભિપ્રાય માગે એ કેવું અજુગતું કહેવાય…. એની વે, ગાયત્રી મઝાની છોકરી છે. વેરી ઈન્ટેલિજન્ટ. હવે ખુશ?’ રૂપાએ જોયું કે કરણના ચહેરા પર ખુશી ફરી વળી હતી.

‘ગુડ રૂપા… મને તારી પાસે આવા જ જવાબની આશા હતી. આ ગાયત્રી જ પપ્પા સાથે આપણા સંબંધ વિશે વાત કરવાની છે…’ કરણે ફોડ પાડ્યો.

‘અને તારા પપ્પા માની જશે?’ રૂપાએ શંકાશીલ થઈને પૂછ્યું.

‘નહીં માને તો મને મનાવતાં આવડે છે…’

‘અને તો પણ નહીં માને તો?’ રૂપાની આંખમાં મસ્તી હતી.

‘તો કાંઈ નહીં’ કરણ પણ ટીખળ કરવાના મૂડમાં હતોઃ ‘પપ્પા નહીં માને તો ચૂપચાપ પેલી ગાયત્રીને પરણી જઈશ. કંઈ તને પામવા માટે મારા બાપની દોલત છોડવાનો નથી…’

રૂપા ગંભીર થઈ ગઈ.

‘અરે તું તો સિરિયસ થઈ ગઈ ડાર્લિંગ, હું તો મજાક કરતો હતો. તને તો કોઈ કાળે નહીં છોડું. તું જે કહીશ એ જ કરીશ. બોલ શું કરું તારા માટે?’

‘મને એ જાણવામાં રસ છે કે તારા પપ્પા આપણા સંબંધને સ્વીકારવાની ના પાડે તો તું શું કરીશ?’

‘તો તું જે કહીશ એમ કરીશ, બસ!’

‘ખોટું બોલ નહીં… હું તો એમ પણ કહું છું કે મારા પ્રેમને ખાતર તારા બાપનું મર્ડર કરી નાખ તો તું શું કરી નાખીશ?’

* * *

‘અમે જઈએ છીએ, સાસુમા…’ જતીનકુમાર સાસુના ચરણસ્પર્શ કરવા અડધા ઝૂક્યા.

‘અરે… જમાઈબાબુને પગે લાગવાની જરૂર ન હોય.. હવે વહેલાસર પાછા આવજો…’ પ્રભાએ દીકરી-જમાઈને વિદાય આપતાં કહ્યું.

‘ના સાસુમા, રેવતીની તો મને નથી ખબર પણ મારો નિર્ણય તમને કહી દઉં કે હવે હું કદી આ ઘરમાં પગ નહીં મૂકું…’ જાણે લાગણી દુભાઈ હોય એ રીતે જતીનકુમાર બોલ્યા.

‘જમાઈબાબુ, એમનું ખોટું લગાડવાનું હોય જ નહીં. તમે એમને ક્યાં નથી ઓળખતા… એમના મનમાં કંઈ જ ન હોય. એમને તો હમણાં યાદ પણ નહીં હોય કે કાલે શું થયું હતું…!’ પ્રભાએ પતિનો બચાવ કર્યો.

‘રહેવા દો સાસુમા, મારા સસરાજી મહા પક્કા છે. એમને જે કહેવું છે એ બરોબર કહી દે છે. એમને અમારું રહેવું ખૂંચતું હતું એટલે બધાની સામે અમારી આબરૂ લઈ લીધી.’

‘દીકરી,’ પ્રભાએ રેવતીને સમજાવતાં કહ્યુંઃ ‘તું જ તારા પતિને સમજાવજે. તારા પપ્પાને તું ઓળખે છે. એમની વાતોને ભૂલી જજો અને પાછાં જલદી આવજો…’

‘ના મમ્મી, જે ઘરમાં મારા ધણીની ઈજ્જત ના જળવાય એ ઘરનું પાણી મને ન ખપે…’ રેવતીએ છટાથી જવાબ આપ્યો. પ્રભાને આઘાત લાગ્યો પણ એ કંઈ બોલી નહીં.

‘શું ચાલે છે અહીં?’ જગમોહને પ્રવેશ કરતાં કહ્યું.

‘ઓહ, અમને એમ કે તમે ઑફિસે જવા રવાના થઈ ગયા..’ જમાઈબાબુએ જગમોહનને કહ્યું.

‘બસ, હું નીકળી જ છું. પણ તમે ક્યાં જવાની તૈયારી કરી જમાઈરાજ…’

‘અમે અમારા ઘેર જઈએ છીએ. આવજો નહીં કહીએ કેમ કે તમે અમારે ત્યાં આવવાના નથી. તમે પણ આવજો નહીં કહેતા કેમ કે અમે પણ ફરીથી અહીં આવવાનાં નથી…’ જતીનકુમારે નાટકીય અદાથી કહ્યું.

‘અરે એમ હોય, જમાઈબાબુ? આ તમારું જ ઘર છે. મારી વાતનું બહુ મનમાં નહીં લાવતા… ગાયત્રી, ચાલ ઑફિસે આવે છે ને?’

બૂમ સાંભળીને ગાયત્રીએ કમરામાં પ્રવેશ કર્યોઃ ‘ના, આજે હું અહીં જ રહીશ. તમે જાઓ ઑફિસે. હું કાલથી આવીશ.’ ગાયત્રીએ જવાબ વાળ્યો.

‘પણ અહીં રહીને શું કરીશ?’ જગમોહનને આશ્ચર્ય થયું.

‘હું રેવતીબહેનને એમના ઘેર મૂકવા જઈશ…’ ગાયત્રીએ કહ્યું.

ત્યાં જ લખુકાકા દોડતા દોડતા આવ્યા. ‘કાકા, મેં તમને કેટલી વાર કહ્યું છે કે દોડતાં દોડતાં ન આવવું. એટેક આવી જશે તો ઉપાધિ થઈ જશે. બોલો, શું થયું છે? ફરી કહેતા નહીં કે ઘરે પોલીસ આવી છે…’

‘ભાઈ, સાચે જ, ઘરે પોલીસ આવી છે?’

* * *

કુમાર મુંઝાઈ ગયો હતો. એ ડરી પણ ગયો હતો.

ફોન પર અજાણ્યા શખ્સે જે રીતે વાત કરી એ સાંભળીને એ ગભરાઈ ગયો હતો. એ માણસને કેવી રીતે ખબર પડી કે એ શ્યામલીનો પતિ છે? કેટલી આબાદ રીતે એણે મને પોતાની જાળમાં ફસાવ્યો, કુમાર વિચારતો હતો. છેવટે જ્યારે એણે એની કિંમત પૂછી તો પેલાએ કહ્યું કે તારે એક ખૂન કરવું પડશે.

બસ, આટલું કહીને પેલાએ લાઈન કાપી નાખી હતી. કુમાર ક્યાં સુધી રિસીવરને તાકતો રહ્યો હતો. કોનું ખૂન? શા માટે? એ ખૂન કરવાની ના પાડી દે તો? હમણાં પોલીસ એને પકડી લે તો છેતરપિંડીના કેસમાં વધુમાં વધુ ૭-૮ વરસની સજા થાય, એ પણ ગુનો કોર્ટમાં પુરવાર થાય તો… કોર્ટમાં કેસ વરસો સુધી ચાલ્યા કરે અને એને જામીન પણ મળી જાય…

પણ એ ખૂન કરે અને પકડાય તો? કુમારે શ્યામલીને ફોન જોડ્યો.

‘શ્યામમલી, એક બહુ અગત્યની વાત છે. હું આપણા ફ્લેટ પર આવી નહીં શકું. તારું આ ગેસ્ટહાઉસ પર આવવું ઠીક નથી. આપણે ધર્મતલ્લામાં મેટ્રો થિયેટર પાસે મળીએ…’

‘હા, પણ વાત શું છે, તું આટલો ગભરાયેલો કેમ છે?’

‘શ્યામલી, મને લાગે છે કે કોઈને આપણા પ્લાનની ખબર પડી ગઈ છે.’

‘કુમાર, આજે પણ નીચે પોલીસ ઊભી છે. હું હમણાં નીકળીશ તો નાહકની કોઈને શંકા જશે. કાલે સવારના બાર વાગે હું મેટ્રો પાસે તારી રાહ જોઈશ.’

‘એટલી રાહ નહીં જોઈ શકાય, હું હમણાં તારી પાસે આવી જાઉં?’

‘પાગલ નહીં થા… કુમાર, તને પોલીસ વારંવાર અહીં જુએ એ ઉચિત નથી. બંને માટે જોખમકારક થઈ શકે છે. કાલે સવારના આપણે મળી છીએ… બાય…’ શ્યામલીએ ફોન મૂકી દીધો.

કુમારને ગુસ્સો ચડ્યો.

જ્યારે શ્યામલી તકલીફમાં હોય ત્યારે એને તાબડતોબ બોલાવી લે, આજે એ મુશ્કેલીમાં છે તો એક દિવસ પછી મળવાનું કહે છે.

કુમારે જોરથી ફોન પટક્યો.

* * *

જગમોહન વિચારમાં પડી ગયો. ફરી પોલીસ શા માટે આવી? ઈન્સ્પેક્ટર પ્રમાણિકે કહ્યું હતું કે એ બીજી વાર નહીં આવે. વિક્રમ પણ કહેતો હતો કે એણે ઈન્સ્પેક્ટર સાથે ડીલ કરી લીધું છે. એ બહાર આવ્યો. એની પાછળ ઘરનાં સર્વે આવ્યાં.

દરવાજા પાસે બે અજાણ્યા શખ્સ ઊભા હતા. બંનેમાંથી કોઈએ પોલીસ યુનિફોર્મ પહેર્યો નહોતો. લખુકાકાએ ભૂલ કરી લાગે છે. આ બંનેમાંથી કોઈ પોલીસના માણસો નથી.

‘યસ…’ જગમોહને મુલાકાતીઓને પૂછ્યું.

‘મિ. દીવાન, અમને મિ. કબીરે મોકલ્યા છે…’ બેમાંથી એક જણે આગળ આવીને હસ્તધૂન કર્યું.


જગમોહનના દિમાગમાં બત્તી થઈ. એણે જ કબીરને વિક્રમ પર નજર રાખવાની ગોઠવણ કરવા કહ્યું હતું.

‘ઓહ, આવો… આવો… પ્લીઝ કમ ઈન…’ જગમોહને આવકાર આપ્યો.

‘નો મિ. દીવાન, અમને વિક્રમ દીવાન સાથે મુલાકાત કરાવી દો એટલે અમને ખબર પડે અમારે કોનું ધ્યાન રાખવાનું છે…’ આવનારે આસ્તેથી કહ્યું જેથી બીજા કોઈ સાંભળી ન શકે.

‘કોણ છે આ લોકો?’ પ્રભાએ પૂછયું. જગમોહને હાથ ઊંચો કરીને એને ચૂપ રહેવા કહ્યું.

‘જુઓ,’ જગમોહને વાત શરૂ કરી, ‘વિક્રમ ઘરમાં હાજર નથી. અને હા, એ આવશે તો પણ હું એની મુલાકાત નહીં કરાવું. કેમકે એના પર નજર રાખવાની છે, એને સિક્યુરિટી નથી આપવાની, એટલે વિક્રમને ખબર ન પડવી જોઈએ.’




‘ઓહ આઈ એમ સૉરી… તો પછી એનો ફોટો…’ પેલાએ આગ્રહ કર્યો.

જગમોહને બંનેને દીવાલ પર ટાંગેલી તસવીર દેખાડીઃ ‘આ ડાબેથી બીજો છે એ મારો દીકરો છે…’

‘ઓ.કે. સર, તમારું કામ થઈ જશે…’ કહીને બંનેએ વિદાય લીધી.

જગમોહને સેલ બહાર કાઢીને કબીરને ફોન જોડ્યોઃ ‘કબીર, આ બે જણને તો શું કરવું એ જ ખબર નથી. એ બંને તો વિક્રમને મળવા ઈચ્છતા હતા. તેં તારા માણસોને સમજાવીને નથી મોકલ્યા? જગમોહને ફરિયાદ કરી.

‘જગ્ગે… તું શું વાત કરે છે? મેં કોઈને નથી મોકલ્યા…’

* * *

‘ઈન્સ્પેક્ટર પ્રમાણિક, વિક્રમ બોલું છું… કોઈ ખબર?’ જગમોહન અને ગાયત્રી સાથે વાતચીત બાદ વિક્રમે ઘરની બહાર નીકળીને ઈન્સ્પેક્ટરને ફોન જોડ્યો.

‘ના, કોઈ ખબર નથી. તમારો માણસ ગઈ કાલે આખો દિવસ હોટલની રૂમમાં જ ગોંધાઈ રહ્યો હતો. હોટલના માલિકે એની સાથે ગઈ કાલે વાત કરી હતી, પણ પેલાએ એક જ વાત દોહરાવ્યા કરી કે એ ચાઈબાસાનો મામૂલી વેપારી છે. હા, ગઈ કાલે એણે શ્યામલીને એના રૂમથી ફોન જોડ્યો હતો…’

‘ઓહ, શું વાત થઈ હતી?’

‘એ વ્યક્તિ અને શ્યામલી આજે બપોરના બાર વાગે મેટ્રો પાસે મળવાનાં છે…’

‘ઓહ… વિક્રમ વિચારમાં પડી ગયો. બંને જણે બહાર જવાનું શા માટે નક્કી કર્યું?’

‘હા, મિ. વિક્રમ દીવાન, શ્યામલી સાથે વાત થયા પહેલાં એક બીજો ફોન પણ આવ્યો હતો…’ ઈન્સ્પેક્ટર પ્રમાણિકે કહ્યું.

‘અચ્છા, કોણ હતું એ? વિક્રમે જિજ્ઞાસાવશ પૂછ્યું.

‘મિ. દીવાન, તમે જાણો છો કે ફોન કોણે કર્યો હતો. એ ફોન તમે જ કર્યો હતો. તમે એ બિચારાને ડરાવી માર્યો.’ ઈન્સ્પેક્ટરે કહ્યું.

‘ગુડ… ઈન્સ્પેક્ટર, તમારું કામ પાકું છે… આજે તમને પૅકેટ મળી જશે.’

‘થેન્ક યુ મિ. દીવાન. એક સલાહ આપું? ઈન્સ્પેક્ટરે પૂછ્યું.

‘એ સ્ત્રીના ચક્કરમાંથી નીકળી જવાની સલાહ નહીં આપતા…’ વિક્રમે ચિડાઈને કહ્યું.

‘ના, મિ. દીવાન, આ રીતે કોઈ અજાણી વ્યક્તિને ફોન કરીને એને ધમકાવવો એ એક ગુનો છે. મિ. દીવાન, તમને એ શોભતું નથી…’ ઈન્સ્પેક્ટર પ્રમામિકે કહ્યું.

‘ઈન્સ્પેક્ટર, તમે ગુનેગારોને સજા આપો, સલાહ નહીં…’ વિક્રમે લાઈન કાપી નાખી.

આ ઈન્સ્પેક્ટર પ્રમાણિક થોડું વધુ પડતું બોલે છે… એણે વિચાર્યું. એણે ઘડિયાળમાં જોયું. શ્યામલી અને દાઢીવાળો અડધો કલાક બાદ મેટ્રો પાસે મળવાનાં હતાં. એણે ટૅક્સી પકડી.

* * *

વિક્રમ જ્યારે મેટ્રોથી થોડે દૂર ઊતર્યો ત્યારે બાર વાગવામાં દસ મિનિટ બાકી હતી.

એ ચાલતો ચાલતો મેટ્રોની સામેની ફૂટપાથ પર આવ્યો. દૂરથી એણે જોઈ લીધું. થિયેટરમાં ફોયરની નીચે પેલો દાઢીવાળો ઊભો હતો.

વિક્રમને દાઝ ચડી.

આ માણસ શ્યામલીનો પતિ હતો એ યાદ આવતાં એની આંખોમાં ખુન્નસ ઊતરી આવ્યું. આ બંને જણે ભેગાં મળીને એને છેતરવાનો કારસો રચ્યો હતો.

શ્યામલી કેમ આવી નહીં? વિક્રમે ઘડિયાળ સામે જોયું. બાર વાગવામાં એક મિનિટ બાકી હતી.

ત્યાં એણે દૂરથી શ્યામલીને આવતાં જોઈ. શ્યામલીને જોતાં એનું હૃદય એક ધબકાર ચૂકી ગયું. હજી પણ શ્યામલી એની પાસે આવીને એની માફી માગે તો એ માફ કરી દે કદાચ… એણે વિચાર્યું.

શ્યામલી રસ્તો ક્રોસ કરતી હતી.

એણે જોયું કે શ્યામલી વિચારમાં હતી. એ શું વિચારતી હશે! ત્યાં જ વિક્રમની નજર ડાબી બાજુથી આવતી એક પ્રાઈવેટ ગાડી પર પડી. ડ્રાઈવર ગાડીને બેફામ ચલાવતો હતો.

‘શ્યામલી સંભાળ…’ વિક્રમના મોઢામાંથી ચીસ નીકળી ગઈ.

શ્યામલી એ કારની હડફેટમાં આવીને દૂર ફંગોળાઈ ગઈ…! (ક્રમશઃ)■

---

નિસર્ગનો નિનાદ

# સ્વબચાવમાં સ્વરૂપ બદલી શકતું ઇયળિયું…

ધર્મેન્દ્ર ત્રિવેદી

feedback@bombaysamachar.com



બચાવ પ્રયુક્તિ એ એક કુદરતી વૃત્તિ છે જે માનવ સહિત તમામ પ્રાણીઓમાં જોવા મળે છે. અંગ્રેજીમાં પ્રાણીજગતમાં બચાવ પ્રયુક્તિ માટે ડિફેન્સ મિકેનિઝમ કહે છે. દરેક પ્રાણીઓમાં પોતપોતાનું આગવું ડિફેન્સ મિકેનિઝમ હોય છે. આપણે આ જ કોલમમાં અગાઉ આવા ડિફેન્સ મિકેનિઝમની વાત કરી ચૂક્યા છીએ પરંતુ, આજે આપણે સાવ અનોખા ડિફેન્સ મિકેનિઝમની વાત કરવાના છીએ. પરંતુ મૂળ વાત પર આવીએ તે પહેલા થોડા જાણીતા ડિફેન્સ મિકેનિઝમને યાદ કરીએ. સૌ પ્રથમ ઉદાહરણ એકદમ સૌએ જોયું હશે પરંતુ ખબર નહીં હોય કે એ ખૂંખાર જીવની આ બચાવ પ્રયુક્તિ છે, કારણ કે આપણે તેને આપણી ધાર્મિક આસ્થા સાથે જોડી દીધું છે. કોઈના ઘરે સાપ નીકળે તો કહેશે કે મારા ઘરે શિવજીનું ઘરેણું કહેવાતો નાગ નીકળ્યો’તો, અને એના માથા પાછળ ત્રિશૂળ પણ હતું બોલ… તો નાગ એટલે કે કોબ્રાના ત્રણેક પ્રકાર છે એક બ્લેક કોબ્રા, જેના માથાની પાછળ કોઈ નિશાની નથી હોતી, બીજો ત્રિશૂળવાળો નાગ એટલે કે સ્પેક્ટેકલ્ડ કોબ્રા અને ત્રીજો છે એક આંખવાળો નાગ એટલે કે મોનોકલ્ડ કોબ્રા. તો આપણને થશે કે આ ત્રિશૂળ અને એક મોટી આંખ જેવા નિશાન કોબ્રાના માથા પર શિવજીએ મૂક્યા હશે? બાપલા ના, પરંતુ આપણે ચકિત થઈ જઈશું એ જાણીને કે કોબ્રાની ફેણ પાછળના આ નિશાન હકીકતે તેમની બચાવ પ્રયુક્તિ છે.

નાગ એટલે કે કોબ્રા પોતે ઝેરી અને શિકારી પ્રાણી છે, પરંતુ તે સર્વોચ્ચ શિકારી એટલે કે ટોપ પ્રિડેટર નથી. તેનો શિકાર પણ નોળિયા, સમળી અને ક્યારેક મોર જેવા જીવો કરતાં હોય છે. તેથી જ્યારે તે ડરી જાય અને પોતાના શિકારીઓથી બચાવ માટે જ્યારે ઝેરનો ઉપયોગ નાકામ જાય ત્યારે નાગ પોતાની ફેણ ફુલાવીને દુશ્મનને ડરાવે કે જો હું મોટો છું, ડરતો નથી… પરંતુ તેની ફેણની પાછળનું આ ચશ્મા એટલે કે ત્રિશૂળનું અથવા એક મોટી આંખ જેવું નિશાન માથા પાછળ આંખો હોવાનો ભ્રમ ઊભો કરે છે અને તેના શિકારીઓને લાગે છે કે સાપ તેની જ સામે જોઈ રહ્યો છે. અમુક પ્રાણીઓ હુમલો થાય તો ભયાનક ગંધ છોડે, દરિયામાં ઓક્ટોપસ પોતાના બચાવમાં કાળી શાહીનો તદ્દન કડવા સ્વાદનો ફુવારો છોડે અને કાળા થઈ ગયેલાં પાણીની આડશમાં નાસી છૂટે છે. આપણે જેને બે મોઢાવાળો સાપ કહીએ છીએ અને એક મોઢે છ મહિના ચાલે અને બીજા મોઢે બીજા છ મહિના ચાલે તે બંબોઈ અથવા તો રેડ સેન્ડ બોઆ તેની આ ખાસિયત પણ બચાવ પ્રયુક્તિ છે. હકીકતે બંબોઈના શરીરની ખાસિયત એ છે કે તેના માથા અને પૂંછડીનો આકાર એકસમાન હોય છે, અને તેના મોં વાળા ભાગે આવેલી તેની આંખો સાવ નાની અને તેની ચામડીના રંગની જ હોવાથી શિકારી છેતરાઈ જાય છે. આવી આવી અનેક બચાવ પ્રયુક્તિઓ કુદરતમાં જોવા મળે છે.

સેંકડો બ્રહ્માંડોમાંના એક બ્રહ્માંડમાં આવેલી અબજો આકાશગંગાઓમાંની એક આકાશગંગામાં આવેલા હજારો તારા અને ગ્રહોમાંનો એક ગ્રહ પૃથ્વી અને તેમા આવેલા સાત ખંડોમાંના એક અમેરિકાના મધ્ય ભાગમાં આવેલા ગ્વાટેમાલા, બિલાઈઝ અને કોસ્ટારિકા નામના નાના નાના અને અડાબીડ વર્ષાવનો ધરાવતા દેશોમાં એક સાવ ઈયળ જેવો જીવ રહે છે, ઈયળ જેવો? અલ્યા ઈયળ જ કહોને… હા તેનું નામ છે હેમેરોપ્લેન ટ્રિપ્ટોલેમસ… સોરી સોરી… હોકસ મોથ અથવા વાઈપર કેટરપિલર. આપણે હમણાં જ એક રૂપાળા ફૂદાં એટલે કે લૂના મોથની વાત કરેલી, તો આ વાઈપર કેતારા પિલર હોક્સ મોથનું પ્રારંભિક સ્વરૂપ છે. હોક મોથનું પોતાનું જીવન આમ પણ માત્ર દસ થી ત્રીસ દિવસનું જ હોય છે. ઈયળ સ્વરૂપમાં રહેલા હોક મોથ પાસે કુદરતે પોતાના બચાવ માટે એક સાવ અનોખી બચાવ પ્રયુક્તિ આપી છે. આપનું આ નાનકડું વાઈપર કેટરપિલર પોતાના બચાવ માટે એક એવો પેંતરો અજમાવે છે કે જોવાવાળા હસી હસીને બેવડ વળી જાય. તેના પર હુમલો થાય ત્યારે તે અચાનક ઝેરીલા વાઈપર સાપ જેવું કદ ધારણ કરી લે છે અને ખોટું ખોટું ડંસ મારવાનું નાટક પણ કરે છે. પરંતુ આમ તો કેમ સાપ જેવુ દેખાવાય ? તો આ ઈયળના શરીર પર થોડા રંગો અને નિશાનો છુપાયેલા હોય છે. તે જ્યારે ડરમાં પોતાનું શરીર ફુલાવે છે ત્યારે તેના પગ તે છુપાવી દે છે અને શરીરની ચરબીની સળોમાં છુપાયેલા પીળા રંગ અને શરીર પર રહેલા નિશાન એવી રીતે ગોઠવાઈ જાય છે જેથી જોનારને લાગે કે અરે, આ તો ઝેરીલો વાઈપર છે… આને વતાવવા જેવો નથી હો ! અને મજાની વાત તો એ છે કે તેના મોઢા તરફના ભાગે એક એવી ડિઝાઈન છે જે તે ફુલીને ફાળકો થાય ત્યારે વાઈપરના મોં પર હોય એવી આંખો જેવી લાગે છે. આ નાનકડા ઇયળિયાને જોઈને આપણને પ્રાથમિક શાળામાં બાખડેલાં બાળકો યાદ આવી જાય. જરા યાદ કરો જ્યારે બાળકો ઝગડે ત્યારે બન્નેમાંનું જે બાળક ડરપોક હોય તે પોતાની છાતી ફૂલાવીને, બે હાથ પાછળ તરફ ખેંચીને પોતે મોટો, જોરદાર અને માથાભારે છે એવું દેખાડશે. બરોબર એ જ રીતે આપણા હોક મોથનું બાળ સ્વરૂપ પોતે ઝેરી છે એવો દેખાડો કરીને પોતાનું જીવન બચાવી લે છે. આપણે જાણતા નથી, અથવા આપણને જાણવાની પડીએ નથી, પરંતુ માનવ વર્તનના અનેક રહસ્યો પ્રાણી જગતના વ્યવહાર જગતમાં છુપાયેલા પડ્યા છે, પરંતુ એનું એક કારણ એ પણ છે કે હોમો સેપિયન્સમાંથી ઉત્ક્રાંતિ કરીને આપણે માનવજાત પોતાને પૃથ્વી પર વિચરતા સર્વે જીવસૃષ્ટિના કર્તા-હર્તા અને સમાહર્તા સમજવા માંડ્યા છીએ. અને તેથી કરીને જ આપણી આસપાસની સૃષ્ટિની આવી અજાયબીઓ જોઈને આપણી અંદરનું બાળક જાગતું નથી… ■

---

સ્પોર્ટ્સ મૅન

# વિરાટ કોહલી વિરુદ્ધ સ્ટીવ સ્મિથ, માઇન્ડ ગેમ અત્યારથી શરૂ

## ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝ હજી બે મહિના દૂર છે, પરંતુ એકમેકનું મનોબળ તોડવા અત્યારથી તીર છૂટી રહ્યાં છે

અજય મોતીવાલા

feedback@bombaysamachar.com



વિરાટ કોહલી જો કોઈ સિરીઝમાં રમવાનો હોય તો સૌની નજર તેના પર અચૂક રહે છે. માત્ર તેના બૅટિંગ પર્ફોર્મન્સ પર કે ટીમ માટે તે કેટલો અસરદાર રહે છે એ જ નહીં, પણ સિરીઝમાં તેની હરીફાઈ કોની સાથે થશે એની પણ મહિનાઓ પહેલાં ચર્ચા શરૂ થઈ જતી હોય છે. ઇંગ્લૅન્ડ સામે સિરીઝ રમાવાની હોય તો કોહલીને જો રૂટ સાથે સરખાવાય અને ન્યૂ ઝીલૅન્ડ સામે રમવાના હોય તો કેન વિલિયમસન સાથે તુલના કરાય છે. સ્વાભાવિક છે કે ઑસ્ટ્રેલિયા કે ઇંગ્લૅન્ડ સામે શ્રેણી રમાવાની હોય તો માઇન્ડ-ગેમની શરૂઆત હરીફ દેશમાંથી જ ઉદ્ભવતી હોય છે. જુઓને, ભારતીય ટેસ્ટ ખેલાડીઓએ હજી તો ઘરઆંગણે બાંગ્લાદેશ સામેની સિરીઝ માંડ શરૂ કરી છે અને ત્યાર બાદ આપણે ઘરઆંગણે જ ન્યૂ ઝીલૅન્ડ સામે પણ રમવાના છીએ અને કાંગારૂઓ સામેની ટેસ્ટ શ્રેણી છેક નવેમ્બરના ચોથા અઠવાડિયામાં શરૂ થવાની છે, પરંતુ ઑસ્ટ્રેલિયામાંથી તીર છૂટવાનાં શરૂ થઈ ગયાં છે.

ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર ગ્લેન મૅક્સવેલે કહ્યું છે કે આગામી બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં કોહલી અને સ્ટીવ સ્મિથ વચ્ચે જોરદાર હરીફાઈ થશે.

ઉલ્લેખનીય છે કે વર્તમાન ટેસ્ટ-ક્રિકેટમાં કોહલી અને સ્મિથ ચાર ટોચના બૅટરમાંના બે છે. બાકીના બે બૅટરમાં ઇંગ્લૅન્ડના જો રૂટ અને ન્યૂ ઝીલૅન્ડના કેન વિલિયમસનનો સમાવેશ છે.

મૅક્સવેલે કહ્યું છે કે ‘છેલ્લાં ૧૦ વર્ષથી ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની સિરીઝમાં કોહલીનું અથવા સ્ટીવ સ્મિથનું વર્ચસ્વ રહ્યું છે. આ વખતે પણ બેમાંથી એક સુપરસ્ટાર ઢગલો રન બનાવશે જ અને એટલે જ આ શ્રેણી પણ રોમાંચક બની રહેશે અને બધાને જોવાની મજા આવશે.’

જુઓ, બન્ને દિગ્ગજો એકમેકથી કેવી રીતે ચડિયાતા પુરવાર થયા હતાઃ ૨૦૧૩માં ભારતમાં રમાયેલી શ્રેણીમાં કોહલીએ છ ઇનિંગ્સમાં ૨૮૪ રન બનાવ્યા હતા તો સ્મિથના ચાર દાવમાં ૧૬૧ રન હતા. ૨૦૧૫માં કોહલીએ આઠ ઇનિંગ્સમાં કુલ ૬૯૨ રન બનાવ્યા હતા તો સ્મિથના આઠ ઇનિંગ્સમાં તેનાથી માત્ર ફક્ત ૭૭ રન વધુ એટલે કુલ ૭૬૯ રન હતા. યોગાનુયોગ, એ સિરીઝમાં કોહલી અને સ્મિથ બન્ને હરીફો કૅપ્ટન હતા અને ઑસ્ટ્રેલિયાએ ઘરઆંગણે રમાયેલી એ શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. ૨૦૧૭ની શ્રેણીમાં સ્મિથના આઠ દાવમાં કુલ ૪૯૯ રન સામે કોહલીના પાંચ દાવમાં માત્ર ૪૬ રન હતા અને ભારતમાં રમાયેલી એ શ્રેણી ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી.

૨૦૧૯ની ઑસ્ટ્રેલિયા ખાતેની શ્રેણીમાં સ્મિથ નહોતો રમ્યો, જ્યારે કોહલીએ સાત ઇનિંગ્સમાં કુલ ૨૮૨ રન બનાવીને ભારતને ૨-૧થી વિજય અપાવ્યો હતો. એ પછી ૨૦૨૦માં બન્ને બૅટર્સ એક જ ટેસ્ટમાં સામસામે આવ્યા જેમાં કોહલીના રન ૭૪ અને ૪ હતા, જ્યારે સ્મિથનો ફક્ત એક રન અને એક નૉટઆઉટનો સ્કોર હતો. ઍડિલેઇડની એ ઐતિહાસિક ડે/નાઇટ ટેસ્ટ-મૅચ ઑસ્ટ્રેલિયાએ આઠ વિકેટે જીતી લીધી હતી.

માર્ચ, ૨૦૨૩માં ભારતમાં રમાયેલી સિરીઝમાં કોહલીએ સ્મિથને ઝાંખો પાડી દીધો હતો. છ દાવમાં કોહલીએ ૨૯૭ રન બનાવ્યા જેની સામે સ્મિથના સાત દાવમાં ફક્ત ૧૪૫ રન હતા. જોકે જૂન, ૨૦૨૩માં ઇંગ્લૅન્ડમાં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં સ્મિથનો હાથ ઉપર હતો, કારણકે તેના ૧૨૧ રન અને ૩૪ રનને લીધે ઑસ્ટ્રેલિયા જીતી ગયું હતું અને કોહલીના ૧૪ તથા ૪૯ના સ્કોર સાથે નિષ્ફળ સાબિત થયો હતો.

કોહલી અને સ્મિથ, બન્ને સુપરસ્ટાર બૅટર અગાઉ પોતાના દેશની ટીમના કૅપ્ટન હતા. બન્ને જણ એકમેકના કટ્ટર હરીફ હોવા છતાં તેમને એકમેક પર ખૂબ માન પણ છે. એક સમય હતો જ્યારે ખુદ સ્ટીવ સ્મિથ શ્રેણીની શરૂઆત પહેલાં કોહલીની એકાગ્રતા તોડવા તેના વિશે કમેન્ટ કરતો હતો. જોકે સ્ટીવ સ્મિથ હવે તેના વખાણ કરવા લાગ્યો છે. તાજેતરમાં સ્મિથે કહ્યું, ‘મેદાન પરના અભિગમની વાત કરીએ તો કોહલીની માનસિકતા એક રીતે ઑસ્ટ્રેલિયન જેવી છે. તેના વિચારો (વલણ) અને ઍક્શન આ વાતની સાબિતી છે. તે જે રીતે લડત આપતો હોય છે, જે રીતે પડકાર ઝીલી લેતો હોય છે અને હરીફો પર હાવી થઈ જવાનો જે રીતે પ્રયત્ન કરતો હોય છે એવો ઍટિટ્યૂડ સામાન્ય રીતે ઑસ્ટ્રેલિયનોમાં હોય છે અને એ મને કોહલીમાં જોવા મળ્યો છે.’

સુનીલ ગાવસકરે તાજેતરમાં બહુ સરસ કહ્યું. તેમણે એક કૉલમમાં લખ્યું છે કે ‘બાંગ્લાદેશ અને ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતીયો કુલ પાંચ ટેસ્ટ રમશે અને આ પાંચ મૅચ ઑસ્ટ્રેલિયામાં રમાનારી સિરીઝ માટેની ભારતીયોની માનસિક તૈયારી માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. સ્ટીવ સ્મિથ વિશે બહુ કહેવાયું છે, પણ મને લાગે છે કે જો તે જસપ્રીત બુમરાહના આક્રમણમાં બચી જશે તો રવિચન્દ્રન અશ્વિનની જાળમાં ફસાવાનો જ છે. મને લાગે છે કે સ્મિથને વહેલો પૅવિલિયન ભેગો કરવા અશ્વિને કોઈ નવા પ્રકારનો બૉલ ફેંકવાની પ્રૅક્ટિસ કરી લીધી હશે.’ ■



**વિજય પાક્કો:** શુક્રવારે ગિલ અને પંત ભારતને સારી સ્થિતિમાં લાવીને પૅવિલિયનમાં પાછા આવ્યા હતા. (પીટીઆઇ)

# જાડેજાને ચેન્નઈના પ્રિય ગ્રાઉન્ડ ઉપર ૩૦૦મી વિકેટ લેવી જ છે

## ઑલરાઉન્ડર કહે છે, 'ભારત બીજા ૧૫૦ જેટલા રન બનાવી બાંગ્લાદેશને મોટો લક્ષ્યાંક આપીને વહેલું આઉટ કરી દેશે'

ચેન્નઈ: લેફ્ટ-આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાએ અહીં બાંગ્લાદેશ સામેની ટેસ્ટમાં રમવાનું શરૂ કર્યું ત્યારે તેના નામે ૨૯૪ ટેસ્ટ-વિકેટ હતી અને શુક્રવારે તેણે બે વિકેટ લીધી એટલે તેની વિકેટનો આંકડો ૨૯૬ થઈ જતાં હવે ૩૦૦ના જાદુઈ આંકડા માટે તેને ફક્ત ચાર શિકારની જરૂર છે અને એ સુવર્ણ તક તે આ ટેસ્ટમાં નથી ગુમાવવા માગતો.

જાડેજાએ શુક્રવારની રમત બાદ પત્રકારોને કહ્યું, 'મને અહીં ચેપૉકના એમ. એ. ચિદમ્બરમ ગ્રાઉન્ડ પર ૩૦૦મી વિકેટની સિદ્ધિ મેળવવાની તક મળી છે જે હું ગુમાવવા નથી માગતો.'

જાડેજા આઇપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ સાથે જોડાયેલો છે એટલે ચેન્નઈના ગ્રાઉન્ડ સાથે તેને ખાસ લગાવ છે.

શુક્રવારની રમતને અંતે ભારતનો બીજા દાવનો સ્કોર ત્રણ વિકેટે ૮૧ રન હતો. ૨૨૭ રનની લીડ ગણતાં ભારતના કુલ ૩૦૮ રન હતા.

જાડેજાએ જર્નલિસ્ટોને વધુમાં કહ્યું, 'પહેલાં તો અમારે ફરી સારી બૅટિંગ કરવી પડશે. શુક્રવારે રમત જ્યાં અટકી હતી ત્યાંથી અમારે ફરી રમવાનું શરૂ કરીને બીજા ૧૨૦થી ૧૫૦ રન બનાવવા જોઈએ કે જેથી અમે સારી સ્થિતિમાં આવી શકીએ. ત્યાર બાદ અમે બાંગ્લાદેશની ટીમને બને એટલા વહેલા ઑલઆઉટ કરી દઈશું.'

વન-ડેમાં જાડેજાની ૨૨૦ વિકેટ છે. ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં તેણે ૫૪ વિકેટ લીધી હતી. ■

## રસાકસી વચ્ચે ગરમાગરમી પણ!





ચેન્નઈમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રથમ ટેસ્ટ દરમ્યાન હરીફ ખેલાડીઓ વચ્ચે દલીલબાજી તો થઈ જ છે, હરીફને આઉટ કર્યા બાદ જોશપૂર્વક સેલિબ્રેશનની ઘટના પણ બની છે. શુક્રવારે આકાશ દીપે (એકદમ ઉપર) અને જાડેજાએ પોતપોતાની વિકેટ અલગ અંદાજમાં સેલિબ્રેટ કરી હતી. (પીટીઆઇ)

# મને હંમેશાં જાડેજાની ઈર્ષ્યા થાય: અશ્વિન

ચેન્નઈ: રવિચન્દ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજાએ બોલિંગના તરખાટ ઉપરાંત જોડીમાં ચમકવા કરતાં ખાસ કરીને અલગ રીતે બૅટિંગમાં ભારતને ઘણી મૅચો જિતાડી છે. અશ્વિનની ટેસ્ટમાં છ સદી છે અને જાડેજાની ચાર છે. બન્ને ઑલરાઉન્ડરે પોતપોતાની રીતે ઘણી સિદ્ધિઓ મેળવી છે અને બન્ને વચ્ચે બહુ સારા તાલમેલ ઉપરાંત બહુ સારી મિત્રતા પણ છે. અશ્વિને એનો વધુ એક પુરાવો શુક્રવારે બાંગ્લાદેશ સામેની ટેસ્ટના બીજા દિવસની રમત બાદ આપ્યો હતો.

અશ્વિન અને જાડેજા વચ્ચે પહેલા દાવમાં ૧૯૯ રનની ભાગીદારી થઈ હતી.

અશ્વિને પત્રકારો સાથેની વાતચીતમાં જાડેજાના ભરપેટ વખાણ કરવાની સાથે થોડી રમૂજ કરતા કહ્યું, 'મને હંમેશાં જાડેજાની ઈર્ષ્યા થતી હોય છે. તે ટીમ ઇન્ડિયાને મળેલી ઈશ્વરની દેન છે. તે એટલો બધો ટૅલન્ટેડ છે કે પોતાની ક્ષમતાને હંમેશાં વધારતો જાય છે. મને ક્યારેક થાય કે હું તેના જેવો હોત તો કેવું સારું થાત! જોકે મને મારાપણું પણ ખૂબ ગમે છે.'

# કોહલીએ ફ્લૉપ ઇનિંગ્સમાં પણ રેકૉર્ડ બનાવ્યો! સચિનની બરાબરીમાં થઈ ગયો

## ક્રિકેટના ભગવાનની જેમ વિરાટના પણ ઘરઆંગણે ૧૨,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન

ચેન્નઈ: વિરાટ કોહલીએ અહીં બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ફક્ત છ રન અને બીજા દાવમાં ૧૭ રન બનાવ્યા એમ છતાં શુક્રવારે તે અનોખી રેકૉર્ડ-બુકમાં તો આવી જ ગયો હતો. એટલું જ નહીં, ક્રિકેટિંગ-ગૉડ સચિન તેન્ડુલકરની હરોળમાં આવી ગયો હતો.

વાત એવી છે કે કોહલીએ ઘરઆંગણે ૧૨,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કર્યા છે. ભારતમાં કુલ ૧૨,૦૦૦ ઇન્ટરનૅશનલ રન પૂરા કરનારો સચિન પછીનો તે બીજો જ ખેલાડી છે. સચિને ભારતની પિચો પર ૧૪,૧૯૨ રન બનાવ્યા હતા, જ્યારે કોહલીના નામે ૧૨,૦૦૪ રન છે. કોહલીએ શુક્રવારે ૧૩મો રન બનાવ્યો એટલે ઘરઆંગણે તેના ૧૨,૦૦૦ રન પૂરા થયા હતા. રાહુલ દ્રવિડ (૯,૦૦૪) ત્રીજા, રોહિત શર્મા (૮,૬૯૦) ચોથા અને સેહવાગ (૭,૬૯૧) પાંચમા સ્થાને છે.

સચિન-કોહલી વચ્ચે હજી ૨,૧૮૮ રનનું અંતર છે. જોકે ઇનિંગ્સની વાત કરીએ તો સચિનથી કોહલી આગળ છે. કોહલીએ ૧૨,૦૦૪ રન ૨૪૩ ઇનિંગ્સમાં બનાવ્યા છે, જ્યારે સચિને ૧૪,૧૯૨ રન ૩૧૩ ઇનિંગ્સમાં બનાવ્યા હતા.

હોમ ગ્રાઉન્ડ્સ પર સચિનની ૫૦.૩૨ સામે કોહલીની ૫૮.૮૪ની બૅટિંગ-ઍવરેજ છે. ઘરઆંગણે સચિને ૪૨ સેન્ચુરી અને ૭૦ હાફ સેન્ચુરી ફટકારી હતી. એની સરખામણીમાં કોહલીની ઘરઆંગણે ૩૮ સેન્ચુરી (સચિનથી ફક્ત ચાર ઓછી) અને ૫૯ હાફ સેન્ચુરી છે.

કોહલી ૩૫ વર્ષનો છે અને ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી રમશે એવું માની શકાય. તેણે ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લઈ લીધી છે, પરંતુ ટેસ્ટ અને વન-ડેમાં તે આગામી લગભગ અઢી વર્ષ સુધી સારું પર્ફોર્મ કરીને સચિનના ઘરઆંગણાના કેટલાક વિક્રમોને પાર કરી શકશે. ■

# જડ્ડુભાઈ, આપ હી દિખ રહે હો ચારોં તરફ...રિષભ પંતની આ કમેન્ટ થઈ વાઇરલ

## ગુરુવારે પંતે બાંગ્લાદેશી વિકેટકીપરને પૂછ્યું, 'લેકિન મેરે કો ક્યૂં માર રહે હો?'

ચેન્નઈ: કૅપ્ટન રોહિત શર્મા રમતી વખતે સાથી ખેલાડી સાથે મજાકમાં કંઈક બોલતો હોય કે ઠપકો આપતો હોય કે પછી કોઈ હરીફ ખેલાડી સાથે તેની ચકમક થઈ હોય અને તેની (રોહિતની) ટિપ્પણી સ્ટમ્પ-માઇક મારફત કરોડો ક્રિકેટ-ચાહકો સુધી પહોંચી જતી હોય એ સામાન્ય થઈ ગયું છે, પરંતુ બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં શુક્રવારના બીજા દિવસે વિકેટકીપર-બૅટર રિષભ પંત બૅટિંગ દરમ્યાન જે બોલ્યો એ કમેન્ટ વાઇરલ થઈ છે.

જાડેજા પહેલા દાવની લડાયક ઇનિંગ્સમાં ૮૬ રન બનાવીને અને રવિચન્દ્રન અશ્વિન સાથે સાતમી વિકેટ માટે ૧૯૯ રનની ભાગીદારી કરીને કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલોદિમાગ પર છવાઈ ગયો હતો અને ત્યાર પછી તેણે માત્ર ૧૯ રનમાં બાંગ્લાદેશની બે વિકેટ પણ લીધી હતી. જાડેજાની ફીલ્ડિંગ કાબિલેદાદ છે એટલે અશ્વિનની સાથે તેની પણ બોલબાલા હોય એમાં કોઈ નવાઈ નથી.



શુક્રવારે જાડેજાની પહેલી ઓવરમાં માત્ર ત્રણ રન બન્યા હતા. સામાન્ય રીતે વિકેટકીપર અને બોલર વચ્ચે બહુ સારો તાલમેલ હોય છે અને એને કારણે હરીફ ટીમના બૅટર પર માનસિક દબાણ આવી જતું હોય છે. પંત અને જાડેજાની બાબતમાં પણ આવું જ બન્યું. બાંગ્લાદેશની ટીમ પહેલા દાવમાં ૧૪૯ રનમાં તંબુ ભેગી થઈ ગઈ એ પહેલાં એક તબક્કે એણે ૭૯ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. એક ઓવર દરમ્યાન જાડેજાનું પોરસ ચડાવવા પંત બોલ્યો, 'જડ્ડુભાઈ, ચારોં તરફ આપ હી દિખ રહે હો આજ.'

પંતની આ કમેન્ટ સ્ટમ્પ માઇકમાં રેકૉર્ડ થઈ ગઈ હતી અને જે શ્રોતાઓ કૉમેન્ટરી સાંભળી રહ્યા હતા તેમને એ સંભળાઈ હતી.

દરમ્યાન, ૬૩૪ દિવસે ટેસ્ટ ક્રિકેટમાં કમબૅક કરનાર રિષભ પંતની ગુરુવારના પ્રથમ દિવસે બાંગ્લાદેશના વિકેટકીપર લિટન દાસ સાથે થોડી ચકમક પણ થઈ ગઈ હતી.

પેસ બોલર હસન મહમૂદે ભારતના ટૉપ-ઑર્ડરના ત્રણ બૅટર (રોહિત, ગિલ, વિરાટ)ની વિકેટ લીધી ત્યાર બાદ ચોથી વિકેટ માટે યશસ્વી સાથે પંત વચ્ચે ૬૨ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. જોકે એ દરમ્યાન એક તબક્કે યશસ્વીએ જ્યારે સિંગલ રન દોડવાનો પ્રયાસ કર્યો ત્યારે પંતે એ રન ટાળવાનો નિર્ણય લીધો હતો. એમ છતાં લિટન દાસે બૉલ ફેંક્યો હતો જે પંતના પૅડને લાગીને દૂર ગયો હતો. પરિણામે, યશસ્વી અને પંત સિંગલ દોડી ગયા હતા. દાસને આ ન ગમ્યું, કારણકે સામાન્ય રીતે બૉલ ડિફ્લેક્ટ થઈ જાય ત્યાર બાદ રન નથી દોડવામાં આવતો. પંતની એ તબક્કે દાસ સાથે દલીલ થઈ હતી જેમાં પંતે તેને બૉલ પોતાના પર ફેંકવાને બદલે સાથી ફીલ્ડરને આપવાની સલાહ આપતા કહ્યું, 'ઉસ કો ફેંકોના ભાઈ, મુઝે ક્યૂં માર રહે હો.' ■

# ઈશ્વરનની સેન્ચુરી, સૂર્યાએ નિરાશ કર્યા

## દુલીપ ટ્રોફીમાં ઇન્ડિયા-ડીના સૅમસનની સદી પછી અર્શદીપનો ત્રણ વિકેટનો તરખાટ

અનંતપુર: દુલીપ ટ્રોફીમાં શુક્રવારે ચાર દિવસીય મૅચના બીજા દિવસે ઇન્ડિયા-ડીનો દાવ કૅપ્ટન સંજુ સૅમસન (૧૦૬)ની સદી બાદ ૩૪૯ રને સમાપ્ત થયો ત્યાર પછી ઇન્ડિયા-બી ટીમે રમતના અંત સુધીમાં છ વિકેટે ૨૧૦ રન બનાવ્યા હતા.

ઇન્ડિયા-ડીના અર્શદીપ સિંહની ત્રણ વિકેટ અને પેસ બોલર આદિત્ય ઠાકરેની બે વિકેટને કારણે ઇન્ડિયા-બીનો દાવ છ વિકેટે ૨૧૦ રન સુધી સીમિત રહ્યો હતો. જોકે ઇન્ડિયા-બીના કૅપ્ટન અભિમન્યુ ઈશ્વરન (૧૧૬)ની સેન્ચુરી આ દાવની મોટી ખાસિયત હતી. જોકે ઈજામાંથી મુક્ત થઈને ફરી રમી રહેલા સૂર્યકુમાર યાદવે ઇન્ડિયા-બી વતી ફક્ત પાંચ રન બનાવીને અસંખ્ય ચાહકોને નિરાશ કર્યા હતા. તેને અર્શદીપ સિંહે કૅચઆઉટ કરાવ્યો હતો.

બીજી મૅચમાં મયંક અગરવાલની કૅપ્ટન્સીવાળી ઇન્ડિયા-એ ટીમના ૨૯૭ રનના જવાબમાં ઋતુરાજ ગાયકવાડના સુકાનમાં ઇન્ડિયા-સીએ સાત વિકેટે ૨૧૬ રન બનાવ્યા હતા.

ગાયકવાડની ટીમ હજી પણ મયંકની ટીમથી ૮૧ રન પાછળ હતી. ■

# અભદ્ર ભાષા બદલ એફ-વન ડ્રાઈવરને 'સજા'

સિંગાપોર: ફૉર્મ્યુલા-વન કાર રેસના ચૅમ્પિયન મૅક્સ વર્સ્ટૅપ્પને ગુરુવારે પત્રકાર પરિષદમાં અભદ્ર ભાષા વાપરી એ બદલ તેને એફઆઇએ નામની કાર રેસ ડ્રાઇવર્સની ટોચની સંસ્થાએ તેને 'સજા' કરી હતી જેમાં તેણે જાહેર હિત માટેના કેટલાક કામ કરવા પડશે. સત્તાધીશોએ કહ્યું કે વર્સ્ટૅપ્પન યુવા વર્ગ માટે રોલ મૉડેલ કહેવાય, તેણે અપશબ્દોનો પ્રયોગ ન કરવો જોઈએ. ■

# ભારતના ચેસ ચૅમ્પિયન ગુકેશથી ચીન ડરી ગયું કે શું?

## ચેસ ઑલિમ્પિયાડમાં ભારતના પુરુષોની ટીમને ગોલ્ડ મેડલ જીતવાની તક

બુડાપેસ્ટ: ભારતના ડી. ગુકેશ અને ચીનના વર્લ્ડ ચૅમ્પિયન ડિન્ગ લિરેન વચ્ચે આગામી નવેમ્બરમાં વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં મુકાબલો થવાનો છે અને એમાં ડિન્ગને હરાવીને વર્લ્ડ ચૅમ્પિયન બનવાનો ગુકેશને સારો મોકો મળશે. જોકે એ મુકાબલા પહેલાં જ બુધવારે ગુકેશને ડિન્ગ સાથે બાથ ભીડવાનો મોકો મળ્યો હતો, પરંતુ ચીનના ચેસની રમતના સત્તાધીશોએ ડિન્ગને 'આરામ' આપ્યો હતો જેને કારણે તે ગુકેશની સામે નહોતો રમ્યો.

વાત એવી છે કે બુધવારે ચેસ ઑલિમ્પિયાડમાં ચીનની ટીમે ભારતનો સામનો કરવાનો હતો જેમાં ચીને ડિન્ગને આરામ આપીને પોતાના ઉતરતા ક્રમના વેઇ યીને ગુકેશ સામે રમવા મોકલ્યો હતો અને ગુકેશે તેને રોમાંચક મુકાબલામાં હરાવી દીધો હતો.


ડિન્ગને ચીને આરામ આપ્યો હતો, પણ તે ચેસ ઑલિમ્પિયાડના સ્થળે એક ટેબલ પર ચેસ બોર્ડ મૂકીને પ્રૅક્ટિસ કરી રહેલો જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ડિન્ગે બે દિવસ પહેલાં વિયેટનામના ક્વાન્ગ લિમ લી સામે પરાજય સહેવો પડ્યો હતો એટલે જો તે ગુકેશ સામે પણ હારી જાય તો ચીનની વધુ નામોશી થાય એટલે જ ચીને તેને ગુકેશ સામે મોકલવાનું ટાળ્યું હોવાની ચર્ચા હતી. ભારતે ચેસ ઑલિમ્પિયાડમાં ચીનને હરાવ્યા પછી શુક્રવારે ઇરાનને ૩.૫-૦.૫થી પરાસ્ત કર્યું હતું. ભારતના પુરુષો આઠ મૅચ રમ્યા છે અને આઠેય જીત્યા છે. ભારતના પુરુષોની ટીમના ૧૬ પૉઇન્ટ થયા હોવાથી ગોલ્ડ મેડલ જીતવા ફેવરિટ છે. ■



ભારતના ડી. ગુકેશ (જમણે) સામે ચીનનો વેઇ યી પરેશાન થયો હતો.

# અશ્વિન-જાડેજાના અનુગામી કોણ બની શકે? અક્ષર પટેલ, માનવ સુથાર કે પછી વૉશિંગ્ટન સુંદર?





શુક્રવારે અશ્વિન (ડાબે) ૧૧૩ રનની યાદગાર ઇનિંગ્સ રમીને આઉટ થતાં શાનથી પૅવિલિયનમાં પાછો આવ્યો હતો. અક્ષર પટેલ (જમણે) ટેસ્ટ માટેની ભારતીય સ્ક્વૉડમાં છે, પરંતુ તેને રમવાનો મોકો નથી મળ્યો.

ચેન્નઈ: ટીમ ઇન્ડિયાને બહુ ઓછા ઑલરાઉન્ડર મળ્યા છે અને એમાં પણ કોઈ સ્પિનર જો ઑલરાઉન્ડરની શાનદાર ભૂમિકા ભજવે તો સોનામાં સુગંધ ભળે. ચેન્નઈમાં રમાતી બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતને એકસાથે બે સ્પિન-ઑલરાઉન્ડરનો લાભ મળી રહ્યો છે. રવિચન્દ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજા ભારતીય ક્રિકેટના બે સ્પિન-સમ્રાટ તો છે જ, કાબેલ ઑલરાઉન્ડર પણ છે. બાંગ્લાદેશ સામે પહેલા દાવમાં બન્ને વચ્ચે સાતમી વિકેટ માટે ૧૯૯ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ જે મૅચ-વિનિંગ પણ બની શકે. અશ્વિન અને જાડેજા જે રીતે ટીમ ઇન્ડિયાને શરમજનક સ્થિતિમાંથી ઉગારીને સન્માનજનક સ્થિતિમાં લાવ્યા એ જોતાં ઘણાને વિચાર આવતો હશે કે આ જુગલ જોડીની નિવૃત્તિ પછી તેમનું સ્થાન કોણ લેશે?

૩૫ વર્ષનો જાડેજા ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે અને ૩૮ વર્ષીય અશ્વિનને એક વર્ષથી વન-ડે કે ટી-૨૦માં નથી રમવા મળ્યું. બન્નેની ટેસ્ટમાંથી નિવૃત્તિ નજીકમાં છે એવું તો ન કહી શકાય, પરંતુ વારાફરતી રિટાયરમેન્ટ લેશે તો તેમના સ્થાને ટીમમાં સ્પિન-ઑલરાઉન્ડર તરીકે ફિટ થઈ શકે એવી સંભાવનાઓમાં સૌથી પહેલું નામ અક્ષર પટેલનું લેવું જોઈએ. જાડેજાની જેમ આ ગુજરાતી બંદો પણ લેફ્ટ-આર્મ સ્પિનર છે અને બૅટિંગમાં પણ કાબેલિયત બતાવી ચૂક્યો છે.

ભૂતપૂર્વ વિકેટકીપર-બૅટર દિનેશ કાર્તિકના મતે 'અશ્વિન અને જાડેજા નિવૃત્તિ લેશે ત્યારે તેમની ગેરહાજરી ખૂબ વર્તાશે અને આશા રાખીએ કે એ સમય જલદી ન આવે.' જોકે પીટીઆઇના અહેવાલ મુજબ કોચમાંથી કૉમેન્ટેટર બનેલા એક ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરના મતે 'અશ્વિન અને જાડેજા બોલર તરીકે તો કાબિલેદાદ છે જ, બૅટિંગમાં પણ તેમણે ઘણી વાર કમાલ દેખાડી છે. જોકે ટીમ ઇન્ડિયાએ હવે તેમના જેવા કાબેલ ઑલરાઉન્ડર બની શકે એવા એક-બે ખેલાડી તૈયાર કરવાના છે. અક્ષર પટેલ અને વૉશિંગ્ટન સુંદરમાં એવી ક્ષમતા દેખાય છે, પરંતુ તેમણે ત્રણેય ફૉર્મેટમાં કાયમી સ્થાન મેળવવું હોય તો અશ્વિન-જાડેજાની જેમ અસરદાર બનવું પડશે. અશ્વિન જેવો વિકેટ-ટેકિંગ ઑફ-સ્પિનર હમણાં તો દેખાતો નથી. હા, અક્ષર પટેલ બોલર્સને વધુ અનુકૂળ પડે એવી પિચો પર વધુ અસરદાર સાબિત થઈ શકે. જોકે તેણે (અક્ષરે) જેમ જાડેજા હરીફ બૅટર્સ પર ધાક જમાવી દેતો હોય છે એવી છાપ પાડવી જ પડશે. માનવ સુથાર મૅચમાં રોમાંચ જગાડી શકે એવો સ્પિનર અને ઉપયોગી બૅટર છે અને તે ટીમ ઇન્ડિયાને સારો વિકલ્પ પૂરો પાડી શકે.'

આ ભૂતપૂર્વ ખેલાડીના મતે 'વૉશિંગ્ટન સુંદર પણ સારો સ્પિન-ઑલરાઉન્ડર બની શકે એમ છે, પરંતુ પહેલાં તો તેણે ત્રણેય ફૉર્મેટમાં મૅચ-વિનિંગ પર્ફોર્મ કરવાનું કૌશલ્ય તેણે કેળવવું પડશે.' રાજસ્થાન બે વાર (૨૦૧૧માં અને ૨૦૧૨માં) રણજી ચૅમ્પિયન બન્યું હતું અને એ ટીમના ખેલાડી વિનિત સક્સેનાના મતે 'માનવ સુથાર હજી બાવીસ વર્ષનો જ છે અને તે વધુ મૅચો રમશે એમ વધુ અનુભવ મળવાને લીધે વધુ મૅચ્યોર થતો જશે.' ■

### ૧૭. જગ્યા આપવી છે

**PEDDAR ROAD RENT**
**1 BHK, 2 Bathrooms, Furnished, 500 Carpet, Vegetarian only 70000 Owner 9820079583. (SDB-2173)**

**DOSTI FRIENDSHIP MONTH**
Xclusive offer and prices 0% Stamp Duty at Wadala Eastern Bay 2 Bed 2.65 Cr. 3 Bed 3.70 Cr. 4 Bed Jodi Flats 5.15 Cr. 7 Star amenities Free hold Land. +91 89761 02382. (B-14750)

**BABULNATH**
3 Bed & 4 Bed Duplex sea facing Flats Higher Floors with OC & Jain Temple. Modern amenities Call # 8097839330 / 8779694199. (B-14904)

### ૧૮. જગ્યા જોઈએ છે

**ઓબેરોય -સ્કાયસિટિ**
**સોનીભાઈ - 7030503050**
**બોરીવલી ઈસ્ટમાં 3/4 બેડરૂમના ફ્લેટો લેવા-વેચવા-ભાડેથી. (૧૪૯૭૧-એ)**

**હેવી ડિપોઝિટથી/Heavy Deposite**
જોઈએ છે-ફ્લેટ, ઓફિસ, દુકાન-કાંદિવલી, બોરીવલી, મલાડ, દહિંસર, ગોરેગાવમાં 9082825482, 9321693211. (૧૪૪૭૭/એ)

**વિલેપાર્લા (ઈસ્ટમાં): રૂમ જોઈએ**
કોલડુંગરીની પાસે: 100થી 300 ફૂટ વેચાણથી જોઈએ છે.. 'વેલજીભાઈ ગડા' 9867100120. (૧૫૦૦૦-બી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૧૪૭)

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**AVAILABLE ON RENT / Lease in Bhiwandi Owali village, Parasnath Complex 3 Galas 3125 each First floor Contact 09833694353. (JP-4942-F)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવલાઈસન્સથી કોમર્શિયલ બિલ્ડિંગમાં ફર્નિશ્ડ/અનફર્નિશ્ડ ઓફિસો સ્ટેશન રોડ, 1150' તથા એસ. વી. રોડ 1600' અને 663' આપવી છે. એજન્ટ: અશ્વીન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૨૧૫૭)**

**પાંજરાપોળ**
**કમર્શિયલ જગ્યા ૨૪૦' ૧લે માળે, ૩જી પાંજરાપોળ લેન, સી. પી. ટેન્ક વેચવાની છે. સંપર્ક ઓનર: 9819084680. (એસડીબી-૨૧૫૮)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાષ પ્લાઝા, શોરૂમ/દુકાન, રોડ ટચ 400' કારપેટ (250 દુકાન 150 બેઝમેન્ટ), 4 એન્ટ્રસ, ભાડેથી આપવાનો છે. ''ઓનર'' - 9821224684. (૧૪૯૯૪-એ)**

**પ્રિ-લિઝડ ઓફિસ**
**મલાડ વેસ્ટ ખાતે પ્રિ-લિઝડ ઓફિસ વેચાણથી ઉપલબ્ધ. ભાડાની સારી આવક. નિઓ કોર્પોરેટ પ્લાઝા. 1700 ફૂટ કાર્પેટ મેઝનાઈન સાથે. ફૂલ્લી ફર્નિશ, 32 વર્ક સ્ટેશન + 1 MD / 5 મેનેજરની કેબિન + પેન્ટ્રી + 2 અટેચ ટોઈલેટ + સીસીટીવી + 1 કાર પાર્ક. સંપર્ક: 9819814477. (બી-૧૪૮૯૫)**

**શોપ વેચાણ માટે**
2600 સ્કવે. ફીટ કાર્પેટ+ ઓટલા, ઓશિવારા મેટ્રો સ્ટેશન પાસે, રૂ. 55000 પ્રતિ સ્કવે. ફીટ નેગોશિએબલ. બેંક, રેસ્ટોરન્ટ, કોફી શોપ માટે યોગ્ય. ભોજાણી- 9821930610. (બી-૧૪૮૯૬)

**દુકાન વેચાણથી/ ભાડેથી**
કાંદીવલી વેસ્ટ એરીયા 483', 653'=1135' ટોટલ કાર્પેટ 14' હાઈટ, સેલ્ફ કન્ટેન, પ્રાઈમ લોકેશન, કાંદીવલી હાઉસિંગ એજન્સી 9869070096 / 7678013769. (જેપી/ ૪૯૪૩-ઈ)

**અંધેરી (ઈસ્ટમાં)**
લીવલાયસંસથી. રીજેન્સી હોટલ પાસે, ફર્નીશ્ડ ઓફીસ ૧૩૦૦' કારપેટ લેવા. રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૦૦૨-એ)

**PEDDAR ROAD**
Doctor House Full Floor 2000 sqft 14 Cr 4 Parking Owner 9892710071/9619048555. (B-14861)

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2171)

### ૨૦. ધંધાદારી જગ્યા

**ANDHERI EAST**
Commercial Space for Sale, 89000 sq. ft. + 16000 sq. ft. FSI Centrally AC. Near Airport, Main Road in New Building, with OC and Clear Title, Ideal for Hospital / Hotels / Corporate Offices. "Padma Property" 9106335606 / 9870356198. (JP/4943-D)

### ૨૩. મનોરંજન

**કરાઓકે**
દરેક પ્રસંગો સંગીત, સંધ્યા, ગરબા, ભજન માટે સંપર્ક: 9930911448 / 7021047900. (૧૪૯૯૫-સી)

**''બજેટ મુજબ''**
''નવરાત્રી દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''ડીજે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા''- 9820889938. (૧૫૦૦૬-એ)

### ૨૫. શૈક્ષણીક

**સંગીત શીખો**
હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779. ગદાધર. (બી-૧૪૮૮૮)

### ૨૭. ઔષધ ઉપચાર

**દુખાવો**
ઘુંટણ, કમર, હાથપગ, ગર્દન, ખભો ઘરમાંજ દવા વગર મટાડો. 9867226594. (૧૪૯૮૮-સી)

### ૩૧. નાણાંકીય

**INVESTORS**
દુબઈ, બેંગકોકમાં નવા બિઝનેશના સ્ટાર્ટઅપ માટે ઈન્વેસ્ટર જોઈએ -8758768118. (બી-૧૪૯૦૦)

### ૩૨. જમીન-મિલકત

**રાજકોટ/સુરતમાં જમીન**
રાજકોટ/સુરતમાં આજુબાજુ ગામમાં નાના/ મોટા પ્લોટ લેવા-વેચવા ''દીલીપ ઠક્કર'' - ૯૩૨૪૦૭૬૬૨૧. (૧૫૦૧૧-એ)

**FOR SALE**
**FACTORY LAND+BUILDING**
**AT ASANGAON,**
SHAHAPUR ON BOMBAY NASHIK HIGHWAY
POWER 80 KW
LAND - 9243 SQ. FT. + RCC BUILDING - BASEMENT + GROUND + LOFT - 3 FLR X 4800 BUILD UP SQ.FT. = TOTAL SQ . FT. = 14400 - RS . 1.85 CR
mrshah1952@gmail.com
T : 91 686 44471



(G-2500-A)

**WANTED TO PURCHASE Tenanted / non Tenanted Building South Mumbai. 9969000999. (SDB-2160)**

### ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૪૮૫૬)

**ડ્રાફ્ટિંગ એક્સપર્ટ**
- ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ
- કન્વેયન્સ ડિડ
- એગ્રીમેન્ટ ફોર સેલ
- સેલ ડીડ
- ગિફ્ટ / રિલીઝ ડીડ
- વિલ
- પાવર ઓફ અટોર્ની

હમે કરી આપીશું
ઉર્વી : 9309061443
(બી-૧૪૮૦૮)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઇઝ'' - 9820776583 / 9892298963. (૧૫૦૦૬-સી)

**ગીફ્ટ ડીડ**
**રીલીઝ ડીડ**
**સેલ ડીડ**
**વસીયત**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૪૮૮૭)

**MLM લીડર**
ક્રિપ્ટો તથા ફોરેક્સના MLM માર્કેટિંગ માટે અનુભવી લીડર જોઈએ -8758768118. (બી-૧૪૯૦૧)


# વડા પ્રધાન મોદી અને અમેરિકી પ્રમુખ વચ્ચે મંત્રણા યોજાશે

## ઓછામાં ઓછા બે કરાર પર હસ્તાક્ષર કરશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન ક્વાડ સમિટ દરમિયાન મહત્ત્વપૂર્ણ વાટાઘાટ કરશે. બંને પક્ષ વાતચીત બાદ ઓછામાં ઓછા બે કરાર પર હસ્તાક્ષર કરશે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગુરુવારે જણાવ્યું હતું કે એક કરાર ઇન્ડો-પેસિફિક ઇકોનોમિક ફ્રેમવર્ક(આઇપીઇએફ) સાથે સંબંધિત હશે અને બીજો કરાર(એમોયુ) ભારત-યુએસ ડ્રગ ફ્રેમવર્ક પર હશે. નોંધનીય છે કે મોદી વાર્ષિક ક્વાડ સમિટમાં ભાગ લેવા અને સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં 'સમિટ ઓફ ધ ફ્યુચર'ને સંબોધિત કરવા આજથી ત્રણ દિવસીય અમેરિકાની મુલાકાતે રહેવાના છે.

વડા પ્રધાન ૨૧ સપ્ટેમ્બરના રોજ એટલે કે આજે ડેલવેરના વિલમિંગ્ટનમાં ક્વાડ સમિટ દરમિયાન બાઇડન, ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થની અલ્બેનીઝ અને જાપાનના વડા પ્રધાન ફ્યુમિયો કિશિદા સાથે અલગ-અલગ દ્વિપક્ષીય મંત્રણા કરશે.

મોદી અને બાઇડન વચ્ચેની વાતચીત ભારત-યુએસ સંબંધોમાં કેટલીક અસ્વસ્થતા વચ્ચે થશે, કારણ કે વોશિંગ્ટને ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના નિષ્ફળ કાવતરામાં ભારતનો હાથ હોવાનો આરોપ મૂક્યો છે. અમેરિકાએ સતત ભારત પર આ ષડયંત્ર પર ભારતીય તપાસ અંગે અપડેટ્સ આપવા દબાણ કર્યું છે અને સ્પષ્ટ કર્યું છે કે તે આ મામલે ખુલાસો ઇચ્છે છે.

બેઠકમાં મોદી બાઇડનને રશિયા-યુક્રેન સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે મોસ્કોમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને કીવમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથેની તેમની તાજેતરની મંત્રણા વિશે પણ માહિતી આપે તેવી અપેક્ષા છે. મિસરીએ જણાવ્યું કે વડા પ્રધાન અને રાષ્ટ્રપતિ બાઇડન વચ્ચે આ નક્કર વાતચીતની તક હશે. જ્યાં તેઓને ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરવાની તક મળશે. જે આજે ૫૦થી વધુ બેઠકો અને દ્વિપક્ષીય સંવાદ માળખા દ્વારા માનવ પ્રયાસના લગભગ દરેક પાસાને આવરી લે છે. તેઓ મોદીના અમેરિકા પ્રવાસ અંગે મીડિયાને માહિતી આપી રહ્યા હતા.

વિદેશ સચિવે વધુમાં કહ્યું કે આ મુલાકાત બંને પક્ષો માટે કેટલાક કરારોની આપ-લે કરવાની તક બની રહેશે. જેમાં આઇપીઇએફ પરનો એક કરાર સામેલ છે. આઇપીઇએફ પર કરાર સ્વચ્છ અર્થવ્યવસ્થા અને ન્યાયી અર્થવ્યવસ્થાના સ્તંભો સાથે સંબંધિત છે. ■



**સૌંદર્ય સ્પર્ધાઃ** ન્યુ જર્સીમાં સૌંદર્ય સ્પર્ધા દરમિયાન મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ ૨૦૨૪ની વિજેતા અમેરિકાની ધ્રુવી પટેલ (મધ્યમાં), મિસિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ ૨૦૨૪ની વિજેતા ત્રિનિદાદની સૂએન મૉટ્ટેટ (જમણેથી બીજી) અને મિસ ટીન ઈન્ડિયા વર્લ્ડવાઈડની વિજેતા ગુઆડેલોપેની સિઆરા સૂરેટ (ડાબેથી બીજી). (એજન્સી)

# કેન્સર સામે જાગૃતિ લાવશે મોદી સહિત 'ક્વૉડ'ના નેતા

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત 'ક્વૉડ'ના નેતાઓ કેન્સર સામે જાગૃતિ લાવવા સીમાચિહ્નરૂપ પગલું લેશે.

અમેરિકાના વિલ્મિંગ્ટન ખાતે યોજાનારી વાર્ષિક બેઠકમાં કેન્સરને રોકવા, ડિટેક્ટ તેમ જ સારવાર કરવા અને દરદીઓ, તેમના પરિવારજનો પર કેન્સરની થતી અસરને રોકવા અંગે જાગૃતિ આણવાની ઝુંબેશનો આરંભ કરવામાં આવશે.

અમેરિકાના પ્રમુખ જો બાઈડન દ્વારા યોજવામાં આવનારી 'ક્વૉડ'ના નેતાઓની બેઠકમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન ઍન્થની આલ્બાનેસ અને જાપાનના વડા પ્રધાન ફૂમિઓ કિશિદા હાજરી આપશે.

રશિયા-યુક્રેન યુદ્ધ, પશ્ચિમ એશિયામાં વધી રહેલી તંગદિલી અને ઈન્ડો-પેસિફિક વિસ્તારની એકંદર પરિસ્થિતિ સહિત અન્ય વૈશ્વિક પડકારો અંગે આ બેઠકમાં ચર્ચાવિચારણા કરવામાં આવશે.

મોદીની ૨૧થી ૨૩ સપ્ટેમ્બર સુધીની અમેરિકાની મુલાકાત અંગે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું હતું કે 'ક્વૉડ' કેન્સરને રોકવા, તેની સારવાર કરવા, દરદી અને પરિવારજનો પર તેની અસરને રોકવા સહિતના સીમાચિહ્નરૂપ પગલાં લેશે.

ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં કેન્સરની બીમારીનું પ્રમાણ ઘટાડવાનું અમારું લક્ષ્ય છે. આ ઝુંબેશ શરૂ કર્યા બાદ તેના વ્યાપક માળખાની પણ જાહેરાત કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■




**વિશ્વકર્માઃ** પીએમ વિશ્વકર્મા સ્કીમની એક વર્ષની પૂર્તિ નિમિત્તે વર્ધામાં યોજાયેલી એક જાહેરસભા દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મહારાષ્ટ્રના ગવર્નર સી. પી. રાધાકૃષ્ણ, મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર તેમ જ એચએએમ (એસ)ના નેતા જિતનરામ માંઝી અને અન્યો. (એજન્સી)


### ૩૩. ધંધાદારી

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૪૮૯૬)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ ભાગ્યશ્રી જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ), લવ પ્રોબ્લેમ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, વ્યાપાર-ફેક્ટરીમાં લાભ, શત્રુ-સૌતન, પતિ-પત્ની ઝઘડા, વ્યસન મુક્તિ. 6355047120. (બી-૧૪૮૮૫)

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**
**લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/ 9833390898/02228898500. (૧૪૯૬૮-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ડીપી પેસ્ટકન્ટ્રોલ**
(1997) મિનિમમ ચાર્જિસ - કોક્રોચ 550/-, માકડ 650/-, ઉધઈ સ્પ્રે 750/-, ઉંદર 450/-, સોફા ક્લિનિંગ 250/- : 9322504177 / 8080575877. (જેપી-૪૯૪૦-બી)

**ડી પી પેસ્ટ કન્ટ્રોલ**
(1997) મિનિમમ ચાર્જિસ - કોક્રોચ 550/-, માકડ 650/-, ઉધઈ સ્પ્રે 750/-, ઉંદર 450/-, સોફા ક્લિનિંગ 250/- : 9322504177 / 8080575877. (જેપી-૪૯૪૪-એ)

**ચોમાસામાં**
**આજેજ બોલાવો**
**રાજશ્રી પેસ્ટ કન્ટ્રોલ**
(જુનું અને જાણીતું વિશ્વસનીય નામ)
અમારુ ઈન્જેક્સન પ્રોસેસથી સત્વરે ઉધઈનું નિયંત્રણ કરાવે છે.
વાંદા તેમજ માંકડ માટે સ્પ્રે ટ્રીટમેન્ટ.
ફોર્ટ 22626396 / 22622348 22853171 / 22822966
(બી-૧૪૮૯૮)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૯૨૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૯૬૩-ઈ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)


# એલએલબીના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ બારની પરીક્ષા આપી શકશે

નવી દિલ્હીઃ ફાઈનલ યરના વિદ્યાર્થીઓને મોટી રાહત આપતાં સુપ્રીમ કોર્ટે શુક્રવારે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ)ને એવો નિર્દેશ આપ્યો છે કે લૉ ગ્રેજ્યુએટ્સને વકીલ બનવા માટેની પાત્રતા પરીક્ષા ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશન (એઆઈબીઈ) આપવાની પરવાનગી આપવામાં આવે.

એલએલબીના ફાઈનલ યરના વિદ્યાર્થીઓને છોડી દઈ શકાય નહીં એવી નોંધ કરતાં તેમણે કહ્યું હતું કે જો તેમને આ વર્ષની બાર પરીક્ષા આપવા દેવામાં આવશે નહીં તો તેમનું એક વર્ષ બગડી જશે.

ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ જે. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડપીઠ એ વાતથી નારાજ હતી કે ૨૦૨૩માં આ મુદ્દે આપવામાં આવેલા પાંચ ન્યાયમૂર્તિના ચુકાદા છતાં બીસીઆઈ દ્વારા એઆઈબીઈ માટે નિયમો ઘડી કાઢવામાં આવ્યા નહોતા. અહીં ઉલ્લેખનીય છે કે સર્વોચ્ચ અદાલતે ૧૦ ફેબ્રુઆરીએ બાર કાઉન્સિલની પરીક્ષા લેવા માટેની બીસીઆઈની સત્તાને માન્ય રાખી હતી.

તેમણે એમિકસ ક્યુરી (અદાલતના મિત્ર) દ્વારા ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓને યોગ્ય દસ્તાવેજો રજૂ કર્યા બાદ પરીક્ષા આપવા માટે પરવાનગી આપી હતી. (પીટીઆઈ) ■

# નીટ પેપર લીકઃ હજારીબાગ સ્કૂલના પ્રિન્સિપાલ અને વાઇસ પ્રિન્સિપાલ વિરુદ્ધ સીબીઆઇ ચાર્જશીટ

નવી દિલ્હીઃ ઝારખંડના હજારીબાગમાં ઓએસિસ સ્કૂલના પ્રિન્સિપાલ અને વાઇસ પ્રિન્સિપાલે અન્યો સાથે મળીને નીટ-યુજી ૨૦૨૪ના પ્રશ્નપત્રો ચોરવાનું કાવતરું ઘડ્યું હોવાનો સીબીઆઇએ પેપર લીક કેસમાં તેની બીજી ચાર્જશીટમાં આરોપ મૂક્યો છે. જેમાં અન્ય ચારના નામ પણ સામેલ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર પ્રિન્સિપાલ અહસાનુલ હક, વાઇસ પ્રિન્સિપાલ મોહમ્મદ ઇમ્તિયાઝ આલમ અને અન્ય ચાર સામે પટનાની એક વિશેષ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. સીબીઆઇએ તેના રિપોર્ટમાં અમન કુમાર સિંહ, બલદેવ કુમાર, સન્ની કુમાર અને એક સ્થાનિક પત્રકાર જમાલુદ્દીનનું નામ પણ લીધું છે. તેમના પર કલમ ૧૨૦-બી(ગુનાહિત કાવતરું), કલમ ૧૦૯(ઉશ્કેરણી), કલમ ૪૦૯(વિશ્વાસનો ગુનાહિત ભંગ), કલમ ૪૨૦ છેતરપિંડી, કલમ ૩૮૦ (ચોરી), કલમ ૨૦૧(પુરાવાઓ ગાયબ કરવા) અને કલમ ૪૧૧(બેઇમાનીથી ચોરીની સંપતિ પ્રાપ્ત કરવી) અંતર્ગત આરોપ લગાવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કેન્દ્રીય તપાસ એજન્સીએ હક અને આલમ સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઇઓ પણ લાગુ કરી હતી. હકને હજારીબાગ માટે સિટી કોઓર્ડિનેટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને આલમને નીટ યુજી-૨૦૨૪ પરીક્ષાના સંચાલન માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા સેન્ટર સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સીબીઆઇએ આ કેસમાં ૪૮ લોકોની ધરપકડ કરી છે. સીબીઆઇએ આ પેપર લીકના લાભાર્થી ઉમેદવારોની પણ ઓળખ કરી છે અને જરૂરી કાર્યવાહી માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી સાથે તેની વિગતો પણ શેર કરી છે.

એજન્સીએ ૧ ઓગસ્ટના રોજ ૧૩ આરોપીઓ સામે તેની પ્રથમ ચાર્જશીટ દાખલ કરી હતી. ■

# મોદી અમેરિકામાં ટ્રમ્પને મળશે

વોશિંગ્ટન/ન્યૂયોર્ક : અમેરિકાનાં ભૂતપૂર્વ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની આગામી ત્રણ દિવસની અમેરિકાની મુલાકાત દરમિયાન તેમને મળશે.

પીએમ મોદી ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર સુધી અમેરિકાની મુલાકાત લેશે.

આ સમિટમાં ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ અને જાપાનના વડા પ્રધાન કિશિદા ફ્યુમિયો હાજરી આપશે.

મિશિગનના ફ્લિન્ટમાં ટાઉન હોલ મીટિંગમાં બોલતા ટ્રમ્પે મંગળવારે કહ્યું કે જ્યારે મોદી યુએસમાં હશે ત્યારે આવતા અઠવાડિયે તેમને મળશે.

રિપબ્લિકન પ્રમુખપદના ઉમેદવાર ટ્રમ્પે એક પ્રશ્નના જવાબમાં વેપાર અને ટેરિફ વિશે વાત કરતા માહિતી જાહેર કરી.

ટ્રમ્પે કહ્યું, 'તે (મોદી) આવતા અઠવાડિયે મને મળવા આવશે, અને મોદી, તે અદ્ભુત છે. મારો મતલબ, અદ્ભુત માણસ છે. આમાંના ઘણા નેતાઓ અદ્ભુત છે.' તે જ સમયે, એમણે પુનરોચ્ચાર કર્યો કે ભારત આયાત પર ભારે ટેરિફ લાદે છે.

ટ્રમ્પે આગળ કહ્યું, 'આ લોકો સૌથી તીક્ષ્ણ લોકો છે... તમે અભિવ્યક્તિ જાણો છો, તેઓ તેમની રમતમાં ટોચ પર છે, અને તેઓ તેનો ઉપયોગ આપણી વિરુદ્ધ કરે છે. પરંતુ ભારત ખૂબ જ અઘરું છે. બ્રાઝિલ ખૂબ જ અઘરું છે. ચીન એ બધામાં સૌથી અઘરું છે, પરંતુ અમે ટેરિફ સાથે ચીનનું ધ્યાન રાખતા હતા.

તેથી અમે પારસ્પરિક વેપાર કરવા જઈ રહ્યા છીએ. જો કોઈ આપણી પાસેથી ૧૦ સેન્ટ ચાર્જ કરશે, તો અમે તેમની પાસેથી સમાન ચાર્જ લઈશું. અને શું થવાનું છે? બધું અદશ્ય થઈ જશે, અને અમે ફરીથી મુક્ત વેપાર કરવાનું સમાપ્ત કરીશું. અને જો તે અદશ્ય ન થાય, તો આપણે ઘણા પૈસા કમાઈશું.' ■

# હથિયાર મૂકો અથવા કડક કાર્યવાહી માટે તૈયાર રહોઃ ગૃહ પ્રધાન શાહની નક્સલીઓને ચેતવણી

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે નક્સલવાદીઓને હિંસા છોડવા, હથિયાર મૂકવા અને આત્મસમર્પણ કરવાની અપીલ કરી હતી. જો તેમ ન કરવું હોય તો કડક કાર્યવાહી માટે તૈયાર રહેવાની ચેતવણી આપી હતી. તેમના વિરુદ્ધ વ્યાપક અભિયાન ચલાવવામાં આવશે એમ ગૃહ પ્રધાને કહ્યું હતું.

છત્તીસગઢમાં નક્સલી હિંસાનો ભોગ બનેલા ૫૫ પીડિતોને અહીં તેમના નિવાસસ્થાને સંબોધતા શાહે કહ્યું કે માઓવાદીઓ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી તેના અંતિમ શ્વાસ લેશે અને ત્યાં સુધીમાં તેમનો સફાયો થઇ જશે. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નિર્ણય કર્યો છે કે દેશમાંથી નક્સલવાદી હિંસા અને વિચારધારાને ખતમ કરવામાં આવશે. હું નક્સલવાદીઓને હિંસા છોડવા, હથિયાર મૂકવા અને આત્મસમર્પણ કરવાની અપીલ કરું છું, જેમ પૂર્વોત્તરના ઉગ્રવાદીઓએ કર્યું છે. જો તમે નહીં સાંભળો તો આ ખતરાને ખતમ કરવા માટે જલ્દી વ્યાપક અભિયાન ચલાવવામાં આવશે. નક્સલવાદ માનવતા અને દેશની આંતરિક સુરક્ષા બંને માટે ખતરો છે.

ગૃહ પ્રધાને કહ્યું કે સુરક્ષા દળોએ માઓવાદીઓ વિરુદ્ધના તેમના અભિયાનમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. કારણ કે આ સમસ્યા હવે છત્તીસગઢના કેટલાક જિલ્લાઓ સુધી મર્યાદિત છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને સંપૂર્ણપણે ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે. મોદી સરકારની નીતિઓને કારણે ડાબેરી ઉગ્રવાદ હવે છત્તીસગઢના કેટલાક જિલ્લાઓ સુધી મર્યાદિત રહ્યો છે. ■

# જબ્બર તેજીઃ શૅરબજાર નવી વિક્રમી ઊંચી સપાટીએ, માર્કેટ કેપિટલમાં ₹ ૬.૨૪ લાખ કરોડનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ફેડરલના અણધાર્યા અને અત્યંત અનુકૂળ સ્ટાન્સને કારણે અમેરિકા અને એશિયાના શેરબજારોમાં આવેલા જોરદર ઉછાળા સાથે તાલ મિલાવતા સ્થાનિક શેરબજારે પણ શુક્રવારે નવી ઓલટાઇમ સપાટી હાંસલ કરી છે. સત્ર દરમિયાન સેન્સેક્સ લગભગ ૧૩૦૦ પોઇન્ટ સુધી ઊછળ્યા બાદ ઊંચી સપાટી સામે લગભગ ૧૧૦૦ પોઇન્ટ તૂટ્યો હતો અને ફરી રિબાઉન્ડ થઇને ૧૩૦૦ પોઇન્ટ સુધી ઊછળ્યો હતો.

અમેરિકાની ફેડરલ રિઝર્વ બેન્કે ચાર વર્ષના ગાળા પછી વધારેલા વ્યાજદર સાથે વિશ્વભરના ઇક્વિટી માર્કેટમાં જોવા મલેલા ઉછાળા સાથે તાલ મિલાવતા સાર્વત્રિક લાવલાવ વચ્ચે સેન્સેક્સે ઇતિહાસમાં પહેલી જ વખત ૮૪,૫૦૦ની સપાટી વટાવી છે, તો નિફ્ટી ૨૫,૮૦૦ની નજીક પહોંચી ગયો છે. બીએસઇ પર લિસ્ટેડ શેરોનું કુલ માર્કેટ કેપિટલ રૂ. ૬.૨૪ લાખ કરોડના ઉછાળા સાથે રૂ. ૪૭૧.૭૧ લાખ કરોડના સ્તરે પહોંચ્યુ હતું.

બીએસઇ સેન્સેક્સ ૧,૩૫૯.૫૧ પોઇન્ટ અથવા ૧.૬૩ ટકા ઉછળીને ૮૪,૫૪૪.૩૧ પોઇન્ટની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૫૦૯.૬૬ પોઈન્ટ્સ અથવા ૧.૮૧ ટકા ઉછળીને ૮૪,૬૯૪.૪૬ પોઇન્ટની મહત્વપૂર્ણ ઇન્ટ્રા-ડે ટોચ પર પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૭૫.૧૫ પોઈન્ટ અથવા ૧.૪૮ ટકા વધીને ૨૫,૭૯૦.૯૫ના રેકોર્ડ સ્તરે બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૩૩.૪૫ પોઈન્ટ અથવા ૧.૭૦ ટકાના ઉછાળા સાથે ૨૫,૮૪૯.૨૫ પોઇન્ટની સર્વકાલીન ઈન્ટ્રા-ડે ટોચે પહોંચ્યો હતો.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જેએસડબલ્યુ સ્ટીલ, આઈસીઆઈસીઆઈ બૅન્ક, લાર્સન એન્ડ ટુબ્રો, ભારતી એરટેલ, નેસ્લે, અદાણી પોર્ટ્સ, હિન્દુસ્તાન યુનિલિવર, એચડીએફસી બેંક, ટેક મહિન્દ્રા, મારુતિ, કોટક મહિન્દ્રા બૅન્ક અને ટાટા સ્ટીલ ટોપ ગેઇનર્સ અને સ્ટેટ બેંક, ઈન્ડસઈન્ડ બૅન્ક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને બજાજ ફાઈનાન્સ ટોપ લુઝર બન્યા હતા.

કોર્પોરેટ હલચલમાં મેક્વાયરે મેટલ કંપનીઓના રેટિંગ અપગ્રેડ કર્યા છે. કેઆરએન હીટ એક્સ્ચેન્જરનું રૂ. ૩૪૨ કરોડનું જાહેર ભરણું ૨૫ સપ્ટેમ્બરે ખુલશે અને ૨૭મીએ બંધ થશે. શેરની ફાળવણી ૩૦મીએ ફાઇનલ થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૨૦૯થી રૂ. ૨૨૦ નક્કી થઇ છે. લઘુત્તમ લોટ સાઈઝ ૬૫ શેરની છે. ઇલેક્ટ્રીક ટુ વ્હીલર્સ રિટેલર કંપની બાઈકવો ગ્રીનટેક લિમિટેડ ૩૮,૮૬,૦૦૦ ઈક્વિટી શેરના જાહેર ભરણાં સાથે ૨૦ સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી છે. પ્રાઈસ બેન્ડ રૂ. ૫૯થી રૂ. ૬૨ પ્રતિ શેર નક્કી થઈ છે. ભરણું ૨૪મી એ બંધ થશે. કંપની નાણાં ભંડોળનો ઉપયોગ વિસ્તરણ સહિતના હેતુસર કરશે. ડેટ મેનેજમેન્ટ માટે નિપ્પોન સ્ટીલ ૨૧૧ મિલિયન ડોલરની એસેટ વેચશે.

ફિનિક્સ મિલે મોહાલીમાં રૂ. ૮૯૧ કરોડમાં બે પ્લોટ હસ્તગત કર્યા છે. કોમોડિટી ઇકોસિસ્ટમ તૈયાર કરવા અદાણી પોર્ટ અન આબુધાબી રિરોક્સે કરાર કર્યા છે. એગ્રી કોમોડિટી ક્ષેત્રે પ્રવૃત્ત ફિનિક્સ ઓવરસીઝ ૫૬,૩૦,૦૦૦ શેરના પ્રારંભિક જાહેર ભરણાં સાથે ૨૦મી સપ્ટેમ્બરે મૂડી બજારમાં પ્રવેશી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૬૧થી રૂ. ૬૪ પ્રતિ શેર છે. ફ્રેશ ઈશ્યુ ૪૫,૮૦,૦૦૦ શેર્સનો અને ઓએફએસ ૧૦,૫૦,૦૦૦ ઇક્વિટી શેરનો છે. રિઝર્વ બેન્કે ગોલ્ડ લોન બિઝનેસ પરનો પ્રતિબંધ ઉઠાવી લીદો હોવાથી આઇઆઇએફએલ ફાઇનાન્સના શેરમાં કરંટ જોવા મળ્યો હતો અને તે ૧૩.૩૯ ટકા સુધી ઊછળ્યો હતો.

અમેરિકા ખાતે પાછલા સત્રમાં ડાઉ જોન્સ અને એસએન્ડપી ૫૦૦માં નવી વિક્રમી ઊંચી સપાટી જોવા મળતાં ગ્લોબલ બુલ રનને સમર્થન મળ્યું હોવાનું બજારના સાધનો માને છે. એશિયાઇ બજારોમાં સિઓલ, શાંઘાઇ, હોંગકોંગ અને ટોકિયોના શેરબજારો પોઝિટિવ ઝોનમાં બંધ રહ્યાં હતાં. યુરોપના બજારો નીચા મથાળે ટ્રેડ થઇ રહ્યાં હતા જોકે તેની ભારતીય શેરબડારના માનસ પર વધુ અસર જોવા મળી નહોતી. સ્થાનિક બજારો વૈશ્વિક પ્રવાહને આધારે પ્રારંભિક સત્રમાં જ ઊંચી સપાટીએ પહોંચ્યા હતા અને બપોર પછીના સત્રમાં વોલેટીલિટી વચ્ચે ગબડ્યા પણ હતા, જોકે અંતે સવારના સત્ર જેટલો જ સુધારો ફરી હાંસલ કરવામાં સફળ રહ્યા હતાં. પ્રથમ અર્ધસત્રમાં સકારાત્મક ટોન જોવા મળ્યો હતો, જોકે ઉત્તરાર્ધમાં અફડાતફડીએ સટોડિયાઓના જીવ ઊંચા કરી નાંખ્યા હતા. બેન્ચમાર્ક ઇન્ડેક્સની હિલચાલને પ્રતિબિંબિત કરતા, તમામ મુખ્ય ક્ષેત્રોના ઇન્ટાઇસિસમાં ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં રિયલ્ટી, ઓટો અને મેટલ શેરો અગ્રેસર રહ્યાં હતા. વ્યાપક શેરઆંકો પણ તેમના તાજેતરના નીચા સ્તરેથી પાછાં ફર્યા હતા અને તેમાં ૦.૯ ટકાથી ૧.૬ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. સ્થાનિક બજાર ખાસ કરીને અમેરિકાની ફેડરલના વલણને કારણે વૈશ્વિક બજારોમાંથી મળી રહેલા સંકેતોને નજીકથી અનુસરવાનું ચાલુ રાખ્યું છે, જેની તાજેતરની મજબૂતાઈએ નિફ્ટીને ૨૫,૫૫૦ પ્રતિકાર સ્તરને તોડવામાં સક્ષમ બનાવ્યું છે. ધ્યાન હવે ૨૬,૦૦૦ના આગામી માઈલસ્ટોન પર કેન્દ્રિત છે. આગામી સમયમાં સેક્ટરના ધોરણે બેન્કિંગ, નાણાકીય, ઓટો અને રિયલ્ટી જેવા ક્ષેત્રોમાં વધુ આકર્ષણ રહી શકે છે. રોકાણકારોએ ઈન્ડેક્સ હેવીવેઈટ્સ અને લાર્જ મિડકેપ્સ પર ધ્યાન આપવું જોઇએ.

## ખપપૂરતા કામકાજે ખાંડમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની છૂટીછવાઈ ખપપૂરતી માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે મહારાષ્ટ્રના મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની લેવાલી પ્રમાણમાં મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. પાંચના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૫૭૫થી ૩૬૨૫માં થયાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની જળવાઈ રહેલી આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૬થી ૩૭૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૨થી ૩૯૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૫થી ૩૬૮૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૫થી ૩૭૮૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## એલઆઇસી એમએફ એસઆઇપીની લિમિટ ઘટાડશે?

મુંબઇઃ એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ એસઆઇપી માટેના લઘુતમ માસિક રોકાણની રકમ રૂ. ૨૦૦ સુધી નીચી લાવવાની વિચારણા કરી રહ્યું હોવાનું ફંડના અધિકારીએ ન્યુ ફંડ ઓફરની માહિતી આપતા જણાવ્યું હતું. આ ફંડે મેન્યુફેક્ચરીંગ થીમ પર આધારિત ઓપન એન્ડેડ ફંડ, એલઆઈસી એમફ મેન્યુફેક્ચરીંગ ફંડ લોન્ચ કર્યું છે. એનએફઓ ચોથી ઓક્ટોબર સુધી ખુલો રહેશે. યુનિટની ફાળવણી ૧૧ ઓક્ટોબરે થશે. રોકાણની લઘુત્તમ રકમ રૂ. ૫૦૦૦ છે. નિફ્ટી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ ઇન્ડેક્સ (ટોટલ રિટર્ન ઇન્ડેક્સ) તેનો બેન્ચમાર્ક રહેશે.

## રેઈટ્સ માટે ડીબીઆઈની સ્થાપના

મુંબઈઃ શેરબજારની નિયામક સેબીની ઉપસ્થિતિ વચ્ચે સીએમએસ, કેર એડ્જ અને કેફિનટેકે ઈન્ડિયન રેઇટ્સ એસોસિએશને ડેટા બેન્ચમાર્કિંગ ઈન્સ્ટિટ્યુશન્સ (ડીબીઆઇ)ની જાહેરાત કરી છે, જે ઈન્ડિયન રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ (રેઇટ્સ)ના રોકાણકારોને જાણકારી સાથે માહિતીપૂર્ણ નિર્ણય લેવા માટે પ્રમાણભૂત, તુલનાત્મક ડેટા સાથે સશક્ત બનાવવા માટે કેપિટલ માર્કેટ ઇન્સ્ટ્રુમેન્ટ્સના વર્ગની સવલત આપશે.

## ફેડરલના ઊંચા રેટ કટને પગલે વિશ્વ બજાર પાછળ શુદ્ધ સોનું ₹ ૬૦૮ વધીને ₹ ૭૪,૦૦૦ની પાર, ચાંદી ₹ ૪૯૯ ઉછળી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વે ૫૦ બેસિસ પૉઈન્ટના રેટ કટ સાથે નાણાનીતિ હળવી કરવાની શરૂઆત કરતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૧.૦૪ ટકાની તેજી સાથે વિક્રમ સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હતા અને ચાંદીના ભાવમાં પણ ૧.૬ ટકા જેટલી તેજી આગળ વધી હોવાના અહેવાલ હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦૫થી ૬૦૮ની તેજી આવી હતી, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૭૪,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા મજબૂત થયો હોવાથી સોનાની આયાત પડતરમાં ઘટાડો થતાં વિશ્વ બજારની તુલનામાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. તેમ જ આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૪૯૯ વધી આવ્યા હતા.

આજે સોનામાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલી છૂટીછવાઈ રહી હતી. તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. જેમાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦૫ વધીને રૂ. ૭૩,૭૯૬ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૦૮ વધીને રૂ. ૭૪,૦૯૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હોવાથી અને ઔદ્યોગિક વપરાશકારોની તથા જ્વેલરી ઉત્પાદકોની માગ છૂટીછવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૪૯૯ના સાધારણ સુધારા સાથે રૂ. ૮૮,૯૧૭ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૦૪ ટકા વધીને ગત બુધવારના ઔંસદીઠ ૨૫૯૯.૯૨ ડૉલરની વિક્રમ સપાટી પાર કરીને ૨૬૧૩.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૨૬૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ફેડરલના નીતિ ઘડવૈયાઓએ શેષ વર્ષ ૨૦૨૪માં વધુ ૫૦ બેસિસ પૉઈન્ટનો, વર્ષ ૨૦૨૫માં ૧૦૦ બેસિસ પૉઈન્ટનો અને વર્ષ ૨૦૨૬માં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવાનો અંદાજ મૂકી રહ્યા છે.

આમ મોટી માત્રામાં રેટ કટને કારણે આગામી સમયગાળામાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં સોનાની તેજીને ટેકો મળતો રહેશે, એમ એલિગીઅન્સ ગોલ્ડનાં ચીફ ઓપરેટિંગ ઑફિસર એલેક્સ એબકેરિને જણાવતા ઉમેર્યું હતું કે રાજકીય-ભૌગોલિક તણાવ અને ડૉલર ઈન્ડેક્સની નરમાઈને ટેકે સોનામાં ઝડપી તેજીની શક્યતા નકારી ન શકાય.

વધુમાં યુબીએસનાં વિશ્લેષકે જણાવ્યું હતું કે કેન્દ્રવર્તી બૅન્કો દ્વારા અપનાવાઈ રહેલી હળવી નાણાનીતિ, કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલી, આર્થિક અનિશ્ચિતતા તથા રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સોનામાં સલામતી માટેની માગને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૫ના મધ્ય સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૭૦૦ ડૉલર સુધી પહોંચે તેવો અમે લક્ષ્યાંક રાખ્યો છે.

## ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ ₹ ૩૯નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ તેમ જ ચીન પ્રોપર્ટી માર્કેટને મંદીની ગર્તામાંથી બહાર લાવવા માટે સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરે તેવા આશાવાદે આજે લંડન ખાતે કોપરમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપરની અમુક વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ અને નિકલના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો. તેમ જ આજે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૯નો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ચીન પ્રોપર્ટી માર્કેટની વૃદ્ધિ માટે સ્ટિમ્યુલસ પેકેજની વિચારણા કરી રહ્યું હોવાના બ્લૂમબર્ગનાં અહેવાલને દયાનમાં લેતા કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ટનદીઠ ૯૫૮૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૯ની તેજી સાથે રૂ. ૨૭૯૦ના મથાળે રહ્યા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ઈલેક્ટ્રિકલ કામ**

Sr. DEE/TRD/BL ઈ-ટેન્ડર નોટીસ નં.: EL-TRD-W- ૧૧૮-૨૩-૨૪-૧૪-R-૩ તારીખ ૧૭.૦૯.૨૦૨૪ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેકશનના નોન-પાવર બ્લોક ઓવરહેડ ઈક્યૂપમેન્ટ (OHE) જાળવણી એકટીવિટીઝ અને પાવર સપ્લાય ઈન્સ્ટોલેશન (PSI)નું આઉટ સોર્સિંગ. જાહેરાત મૂલ્યઃ રૂ. ૨,૮૧,૯૨,૦૩૧/-. બાના રકમઃ રૂ. ૨,૯૧,૦૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૮.૧૦.૨૦૨૪, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૧૮.૧૦.૨૦૨૪ના ૧૫.૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0552

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**ચેતવણીની ખબર**

જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે અમારા અસીલો (૧) **ઈબ્રાહીમ અહમદ મણીયાર**, ૧૧૪, મેરે રોડ, Leicester, LE5 4LA, U.K. ખાતે રહેનાર (૨) **ગુલામ હસન અહમદ મણિયાર**, ૨૯, પર્લવેલ હોલ રોડ, બેટલી, વેસ્ટ યોર્કશાયર, WF17 7NN; U.K. ખાતે રહેનાર (૩) **યુસુફ અહમદ મણિયાર**, ૩જો માળ, મણિયાર મંઝિલ, ૩૭, મસ્જીદ સ્ટ્રીટ, માંડવી પોસ્ટ ઓફિસ નજીક, ભીંડી બઝાર, મુંબઈ-૩ ખાતે રહેનાર અને (૪) **શૌકત અહમદ મણિયાર**, ખાંબીયા સ્ટ્રીટ, એલીપોર, જી. નવસારી, ગુજરાત ૩૯૬૪૦૯ ખાતે રહેનારા ("અમારા અસીલો")એ તેમના અલગ ડીકલેરેશનો દ્વારા મણિયાર મંઝિલ, ૩૫, મસ્જીદ સ્ટ્રીટ, ૩જો માળ, માંડવી પોસ્ટ ઓફિસ નજીક, મુંબઈ-૩ ખાતે રહેનાર, શ્રી મૂસા અહમદ મણિયારની તરફેણમાં તેઓની દ્વારા બજાવાયેલ કોઈપણ અન્ય પાવર ઑફ એટર્ની અને/કે ઓથોરીટી તેમજ ૨૦૦૬માં તેઓની દ્વારા બજાવાયેલ પાવર ઑફ એટર્ની, તા. ૭-૭-૨૦૧૧નો પાવર ઑફ એટર્ની રીવોક, રદબાદલ અને ટર્મીનેટ કરેલ છે. **શ્રી મૂસા અહમદ મણીયારની** તરફેણમાં મંજૂર કરાયેલ અમારા અસીલોના પાવર ઑફ એટર્નીનું રીવોકેશન યોગ્યપણે તા. ૧૨-૯-૨૦૨૪ના અમારા પત્ર દ્વારા તેમને સંદેશ વ્યવહાર કરાયેલ છે, જે પત્ર **શ્રી મૂસા અહમદ મણિયાર** દ્વારા સ્વીકારવા માટે નકારાયેલ છે, રીફ્યુઝ કરાયેલ છે. આથી સદર પત્ર ૨૦-૯-૨૦૨૪ના વૉટસએપ દ્વારા તેમની પર સર્વે કરવામાં આવેલ છે. આથી કાયદામાં તા. ૧૨-૯-૨૦૨૪ની સદર નોટીસ **શ્રી મૂસા અહમદ મણિયાર** પર યોગ્ય રીતે સર્વે કરાયેલ છે તેમ મનાશે અને તેઓ તેની કન્ટેન્ટસના જાણકાર હશે એમ મનાશે. અમારા અસીલોના વતી **શ્રી મૂસા અહમદ મણિયાર** સાથે કોઈપણ લેવડદેવડ કરશે તો તેમના પોતાના જોખમે, ખર્ચે અને પરિણામોને આધીન તેમ કરશે અને **શ્રી મૂસા અહમદ મણિયાર** કોઈપણ રીતે અને તે કોઈપણ પ્રકારની ક્ષમતામાં કોઈપણ મેટર્સમાં અમારા અસીલોને રીપ્રેઝન્ટ કરવા હક્કદાર નથી.

આજ તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪.

**મે. શાહ & સંઘવી માટે**

સહી/- પાર્ટનર

એડવોકેટસ & સોલીસીટર્સ & IPR લૉયર્સ

ઈબ્રાહીમ અહમદ મણિયાર & અધર્સ માટે

ઓફિસ નં. ૧૧૪/૧૧૫, ૧૧મો માળ, "એ"વીંગ, મિત્તલ કોર્ટ, નરીમન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.


## ડૉલર સામે રૂપિયામાં વધુ ૧૦ પૈસાની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજીનું વલણ, વિશ્વ બજારમાં ખાસ કરીને એશિયન ચલણો સામે ડૉલરમાં જોવા મળેલી નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પીછેહઠ જોવા મળતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત સાતમા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારો જળવાઈ રહ્યો હતો અને વધુ ૧૦ પૈસા મજબૂત થઈને ૮૩.૫૫ની સપાટીએ બંધ રહ્યો હતો. ગત બુધવારે અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હોવાથી રોકાણકારો ઉભરતી બજારનાં ચલણો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા હોવાથી રૂપિયામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૫૪૭.૫૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

દરમિયાન આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૬૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૬૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ખૂલતી જ ૮૩.૬૩ની સપાટીએને ઉપરમાં ૮૩.૪૮ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના સુધારા સાથે ૮૩.૫૫ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત પાંચમી ઑગસ્ટના રોજ ડૉલર સામે રૂપિયો ૮૪.૦૯ના મથાળે બંધ રહ્યો હતો અને ગત ૧૧મી સપ્ટેમ્બરે રૂપિયો ૮૩.૯૯ના મથાળે બંધ રહ્યા બાદ ૧૨ સપ્ટેમ્બરથી અત્યાર સુધીના સાત સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ૪૪ પૈસાનો સુધારો જોવા મળ્યો છે. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટનાં સુધારા અને સતત બીજા સત્રમાં ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં આજે રૂપિયો બે મહિનાની ઊંચી સપાટી આસપાસ બંધ રહ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં પણ રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ૮૩.૩૫થી ૮૩.૭૦ની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય.

## વિવાદ સે વિશ્વાસ ૨.૦નો આરંભ પહેલી ઑક્ટોબરથી

નવી દિલ્હીઃ સીધા વેરા અંગેના વિવાદોના ઉકેલ માટેની સ્કીમ વિવાદ સે વિશ્વાસ ૨.૦નો આરંભ આગામી પહેલી ઑક્ટોબરથી શરૂ થશે એવી આજે સરકારે જાહેરાત કરી છે.

આવકવેરા વિભાગ સાથેના અમુક વિવાદને કારણે અનિર્ણિત અપીલના ઉકેલ માટે વિવાદ સે વિશ્વાસ ૨.૦ની જાહેરાત ગત જુલાઈમાં રજૂ કરવામાં આવેલા વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નાં અદાજપત્રમાં કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારે આજે ડાયરેક્ટ ટેક્સ વિવાદ સે વિશ્વાસ સ્કીમ, ૨૦૨૪નો અમલ આગામી પહેલી ઑક્ટોબરથી શરૂ થશે, એવી નાણાં મંત્રાલયે આજે જાહેરાત કરી છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વિવિધ કાયદાકીય આંટીઘૂંટીમાં રૂ. ૩૫ લાખ કરોડનાં વેરાની વસૂલીની ૨.૭ કરોડ ડાયરેક્ટ ટેક્સિસની ડિમાન્ડ વિવાદ હેઠળ છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે તેનાં અંદાજપત્રના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સરકાર વેરાનું સરળીકરણ કરવાના, કરદાતાઓની સેવાઓમાં સુધારો કરવાનાં અને વિવાદો ઘટાડવાના સતત પ્રયાસ કરી રહી છે. ડીલોટી ઈન્ડિયાના ભાગીદાર કરિશ્મા આર ફટારફેકરે કહ્યું હતું કે વિવાદ સે વિશ્વાસ ૨.૦ (વીએસવી ૨.૦)નાં ફોર્મ અને નિયમો આગામી સપ્તાહમાં જાહેર થવાની શક્યતા છે. આ સ્કીમનો લાભ જે કરદાતાઓ અથવા તો આવકવેરા વિભાગના સત્તાવાળાઓ દ્વારા રિટ અને સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરવામાં આવેલી હોય અને ગત ૨૨ જુલાઈ સુધી તેનો સુપ્રીમ કોર્ટ, ઈન્કમ ટેક્સ અપેલેટ, ટ્રિબ્યૂનલ, જોઈન્ટ કમિશ્નર (અપીલ્સ) સમક્ષ ઉકેલ ન આવ્યો હોય તેઓ લઈ શકે છે. જોકે, તેમાં ડિસ્પ્યુટ રિઝોલ્યુશન પેનલ (ડીઆરપી) અને કમિશનર ઑફ ઈન્કમ ટેક્સ સમક્ષ રિવિઝન પિટિશન્સ બાકી હોય તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પહેલી વિવાદ સે વિશ્વાસ સ્કીમ સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં જાહેર કરવામાં આવી હતી અને અંદાજે એક લાખ કરદાતાઓએ તેનો લાભ લીધો હતો તથા સરકારને રૂ. ૭૫,૦૦૦ કરોડની આવક થઈ હતી.

## સરકાર લેપટોપ, ટેબ્લેટની આયાત માટેની વહીવટી યંત્રણા વધુ ત્રણ મહિના લંબાવે તેવી શક્યતા

નવી દિલ્હીઃ સરકાર લેપટોપ અને ટેબ્લેટ સહિતનાં અમુક આઈટી હાર્ડવેર ઉત્પાદનોની આયાત માટેની વહીવટી યંત્રણાની મુદત જે આગામી ૩૦મી સપ્ટેમ્બરે પૂરી થઈ રહી છે તે વધુ ત્રણ મહિના માટે લંબાવે તેવી શક્યતા એક અધિકારીએ વ્યક્ત કરી છે. અધિકારીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩-૨૪માં આ ચીજોની આયાત ૯.૫ અબજ ડૉલરના ઑથોરાઈઝેશન સામે ૮.૪ અબજ ડૉલરની થઈ હતી. આ આયાત મુખ્યત્વે ચીનથી થઈ હતી.

ગત સાલ ઑક્ટોબર મહિનામાં સરકારે લેપટોપ, પર્સનલ કૉમ્પ્યુટર અને અમુક આઈટી હાર્ડવેરની આયાત માટેની મેનેજમેન્ટ/ ઑથોરાઈઝેશન યંત્રણા અમલી બનાવી હતી. જેનો મુખ્ય આશય સ્થાનિક બજારને ક્ષતિ પહોંચાડ્યા વિના આ ચીજોના ઈનબાઉન્ડ શિપમેન્ટ (આયાત) પર નજર રાખવાનો હતો.

આ યંત્રણા હેઠળ આયાતકારોએ મલ્ટિપલ ઑથોરાઈઝેશન માટે અરજી કરવાની હોય છે અને આ ઑથોરાઈઝેશન ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી માન્ય ઠરે તેમ હતા. આ ઑથોરાઈઝેશન કોઈપણ આયાત કન્સાઈન્મેન્ટ માટે સપ્ટેમ્બર સુધી આયાત માટે જારી કરવામાં આવ્યા હતા. આ યંત્રણાના અમલના પહેલા દિને ગત પહેલી નવેમ્બર, ૨૦૨૩ના રોજ સરકારે ૧૦૦ અરજી ક્લિયર કરી હતી, જેમાં એપલ, ડેલ, લિનોવોનો સમાવેશ થાય છે. જેએએ આઈટી હાર્ડવેરના ૧૦ અબજ ડૉલરના ઉત્પાદનોની આયાત માટે અનુમતી માગી હતી. જોકે, આ યંત્રણાને વર્તમાન વર્ષ સુધી જારી રાખવા માટે આ યંત્રણાને વધુ ત્રણ મહિના સુધી લંબાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે અને મને નથી લાગતું તેને અટકાવવામાં આવે, એમ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

## ભારત-આસિયન વેપાર કરારની ગોયલ વાટાઘાટો કરશે

નવી દિલ્હીઃ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન આજથી લાઓસનાં વિએન્ટિયાની બે દિવસીય મુલાકાતે ગયા છે અને આ મુલાકાત દરમિયાન ભારત અને આસિયન દેશો સાથેના મુક્ત વેપાર કરારની વાટાઘાટોમાં પ્રગતિ થાય તેવી શક્યતા છે.

નોંધનીય બાબત એ છે કે તેઓ લાઓસના વિએન્ટિયા ખાતે ૨૧મી આસિયન -ઈન્ડિયા ઈકોનોમિક મિનિસ્ટર્સ (એઈએમ-ઈન્ડિયા) ખાતેની બેઠકમાં અને ૧૨મી ઈસ્ટ એશિયા સમિટ ઈકોનોમિક મિનિસ્ટર્સ (ઈએએસ ઈએમએમ)ની બેઠકમાં ભાગ લેનાર છે. આ આસિયન (એસોસિયેશન ઑફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ)ની વાટાઘાટો માટેની વાર્ષિક બેઠકનું આયોજન લાઓસની અધ્યક્ષતા હેઠળ થઈ રહ્યું છે.

એઈએમ-ઈન્ડિયાની બેઠકમાં પ્રધાનો દ્વારા આસિયન-ઈન્ડિયા ટ્રેડ ઈન ગૂડ્સ એગ્રીમેન્ટ (એઆઈટીઆઈજીએ) અંગે થઈ રહેલી વાટાઘાટોની પ્રગતિ અંગે ચર્ચા અર્થાત સમીક્ષા કરવામાં આવશે. આ સમીક્ષામાં વપરાશકર્તા સાથે મૈત્રીપૂર્ણ, સરળ અને વ્યવસાયો માટે સુવિધાજનક વેપારને પ્રાથમિકતા આપવામાં આવશે, એમ એક યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે આ બે સંસ્થાકીય બેઠકો દરમિયાન ગોયલ સહભાગી દેશો સાથે શ્રેણીબદ્ધ બેઠક યોજશે. જેમાં મુખ્યત્વે કોરિયા, મલયેશિયા, સ્વિત્ઝર્લેન્ડ અને મ્યાનમારના પ્રધાનો સાથે બેઠક થશે.

## મથકો પાછળ સિંગતેલમાં ₹ ૯૫નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સૌરાષ્ટ્રના મથકો પર આજે ખાસ કરીને સિંગતેલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં લૂઝના અથવા તો ૧૦ કિલોદીઠ ભાવમાં રૂ. ૧૨૫નો અને તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૦નો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૯૫નો કડાકો બોલાઈ ગયો હતો, જ્યારે સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો. વધુમાં ગઈકાલે શિકાગો ખાતેલના સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૬૨ અને ૫૬ સેન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના ઑક્ટોબર વાયદામાં ૮૩ રિંગિટ અને નવેમ્બર તથા ડિસેમ્બર વાયદામાં ૭૨ રિંગિટ વધી આવ્યાના નિર્દેશો સાથે આયાતી તેલમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૩૫ અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૫૦ વધી આવ્યા હતા.

જોકે, આજની તેજીના માહોલમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવ રૂ. ૧૨૪૭ અને રૂચીના આગામી તા.૧થી ૧૫ ઑક્ટોબર સુધી ડિલિવરી શરતે રૂ. ૧૨૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ ઊંચા મથાળેથી વેપારનો સદંતર અભાવ રહ્યો હતો. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૨૪૦, સિંગતેલના રૂ. ૧૪૭૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સરસવના રૂ. ૧૪૪૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં થયાના અહેવાલ હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વૃક્ષ પ્રાધિકરણ**

**-પબ્લિક નોટીસ-**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જૂન ૨૦૨૧ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(સી) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન-IVમાં ૦૪ પ્રસ્તાવ 'K/પશ્ચિમ' માંથી, ૦૨ પ્રસ્તાવ 'P/સાઉથ' માંથી અને ૦૬ પ્રસ્તાવ 'P/નોર્થ' વોર્ડમાંથી એટલે કે કુલ ૧૨ પ્રસ્તાવ વૃક્ષોને હટાવવા માટે સદર એક્ટના સેક્શન ૮(૬) અને ૮(૩) હેઠળ મ્યુનિસિપલ કમિશનર / ચેરમેન, ટ્રી ઓથોરિટી / એડમિનિસ્ટ્રેટર, BMC દ્વારા મંજૂરી પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી MCGM વેબસાઈટ - www.mcgm.gov.in - About BMC - ward / Department - Department manuals - Gardens & Tree Authority - Documents- **WS ૩૬૬ P નોર્થ** CTS ૯૮ તરુણ મોટ જે મોદી MDG ૭૧૬૮, **WS ૩૬૭ K પશ્ચિમ** CTS ૧A pt સહયોગ પુનર્વસન સહયોગ MDG ૬૩૦૪, **WS ૩૬૮ P નોર્થ** CTS ૨૫ pt પ્લોટ ૨ MFSCDC ફિલ્મ સીટિ MDG ૬૩૦૧, **WS ૩૬૯ K પશ્ચિમ** VBSL નાના નાની પી વર્સોવા પાસે Conn MSRDC MDG ૬૫૦૨, **WS ૩૭૦ P નોર્થ** CTS ૫૯૫ A ટ્રસ્ટવોર્થ MDG ૬૪૯૫, **WS ૩૭૧ પી સાઉથ** CTS ૧ MFSCDC ફિલ્મ સિટી MDG ૬૩૦૨, **WS ૩૭૨ K પશ્ચિમ** CTS ૮૨૫ પ્લોટ ૩૩ ખોકર MDG ૬૫૦૫, **WS ૩૭૩ P નોર્થ** ગોવિંદ, મ્યુનિ. સ્કૂલ BMC SIC MDG ૭૧૧૯, **WS ૩૭૪ P/નોર્થ** CTS ૧૦૪ D ડીંડોશી દામોદર ટેન્ક MDG ૬૫૦૪, **WS ૩૭૫ K પશ્ચિમ** CTS ૬૮૬ ટેરા ફર્મા MDG ૬૮૬૧, **WS ૩૭૬ P સાઉથ** CTS ૫૦A pt A અને A MDG ૭૧૭૧, **WS ૩૭૭ P નોર્થ** મલાડ પૂર્વ ASG PN રોડ ઈમ્પ્રુમેન્ટ MDG5879 પર ઉપલબ્ધ છે.

સહી/-

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરિટી

પેન્ગવીન બિલ્ડીંગ, ૨જો માળ,

વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન

ડૉ. આંબેડકર રોડ, ભાયખલા (પૂર્વ),

મુંબઈ-૪૦૦૦૨૭.

ટેલિ. નં.- ૨૩૭૪૨૧૬૨, ઈ-મેલ- sg.gardens@mcgm.gov.in

PRO/1347/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

# પાર્કિંગના ટંટામાં છેડતીની ખોટી ફરિયાદની ધમકી પછી મુલુંડના કચ્છી સિનિયર સિટિઝને જીવન ટૂંકાવ્યું

## ૬૭ વર્ષના ખુશાલ દંડને એવો આઘાત લાગ્યો કે ટ્રેનના ટ્રેક પર બેસી ગયા ને મોટરમૅને વારંવાર હૉર્ન વગાડવા છતાં ન હટ્યાઃ મહિલાની ધરપકડ, જામીન પર છુટકારો




ખુશાલ દંડ મુલુંડમાં જે ઈમારતમાં રહેતા હતા એ મનીષા પ્રાઇડ બિલ્ડિંગ.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સોસાયટીમાં વાહન પાર્કિંગની જગ્યાને મુદ્દે મહિલાના કથિત અતિશય ત્રાસથી હતાશ મુલુંડના કચ્છી જૈન સિનિયર સિટિઝને જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ પ્રકરણે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાના આરોપસર ધરપકડ કરાયેલી મહિલાનો જામીન પર છુટકારો થયો હતો. મહિલા દ્વારા કરાયેલા હુમલા અને ધમકીથી ડરી ગયેલા વૃદ્ધે પોલીસ ફરિયાદ કરવાનું પણ ટાળ્યું હતું.

મુલુંડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર ઘટના ૭ ઑગસ્ટે બની હતી. મુલુંડ પશ્ચિમમાં જે. એન. રોડ પરની મનીષા પ્રાઈડ ઈમારતના ૧૯મા માળે આવેલા ફ્લૅટમાં રહેતા ખુશાલ કાનજી દંડ (૬૭) સવારે પાંચ વાગ્યાની આસપાસ દૂધ લેવા માટે ઘરેથી નીકળ્યા પછી પાછા ફર્યા નહોતા. લગભગ અડધા કલાક પછી તેમણે મુલુંડ રેલવે સ્ટેશન નજીક ટ્રેન સાથે પડતું મૂકી કથિત આત્મહત્યા કરી હતી.

મોટરમૅન બેન્ની કેનેડીએ કુર્લા રેલવે પોલીસને આપેલી માહિતી અનુસાર અપ સ્લો લાઈન પરથી ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે સિનિયર સિટિઝન પાટા પર બેઠા હતા. વારંવાર હૉર્ન માર્યા છતાં તે પાટા પરથી ઊઠ્યા નહોતા. કેનેડીએ ઈમર્જન્સી બ્રૅક લગાવી છતાં ટ્રેને સિનિયર સિટિઝનને અડફેટે લીધા હતા, એવું એફઆઈઆરમાં જણાવાયું હતું.

કુર્લા રેલવે પોલીસે ઘટનાની નોંધ કરી ખુશાલનાં પત્ની અનસૂયાબહેનને ઘટનાની જાણ કરી હતી. ઘટનાથી આઘાતમાં સરી પડેલાં અનસૂયાબહેને સોસાયટીમાં રહેતી મહિલા કુમકુમ મિશ્રા પર આક્ષેપ કર્યા હતા. કુમકમે આપેલા ત્રાસની જાણ પોલીસને કરતાં મુલુંડ પોલીસે ૨૪ ઑગસ્ટે મહિલા વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધ્યો હતો.

મુલુંડ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અજય જોશીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ બાદ મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં ૩૧ ઑગસ્ટે કોર્ટે તેના જામીન મંજૂર કર્યા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર દંડ દંપતી (જુઓ પાનું ૪)

## સરકારને હાઈ કોર્ટનો ઝટકો

# ફેક ન્યૂઝની ચકાસણી માટેની કાનૂની જોગવાઈને જ રદ કરી

મુંબઈઃ સુધારિત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (આઈટી) નિયમોને ગેરબંધારણીય ઠેરવી બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે આ નિયમો રદ કર્યા હતા. સુધારિત નિયમોમાં સરકાર વિરુદ્ધ સોશિયલ મીડિયા પર રજૂ થતી નકલી અને સત્યથી વેગળી સામગ્રીની ઓળખ કરવાની માંગ કરવામાં આવી હતી.

જાન્યુઆરીમાં ખંડપીઠે સુધારેલા આઇટી નિયમોને પડકારતી અરજીઓ પર તરફેણ અને વિરુદ્ધમાં ચુકાદો આપ્યા બાદ આ મામલો ન્યાયમૂર્તિ એ એસ ચાંદુરકરને 'ટાઇબ્રેકર જજ' તરીકે સોંપવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ ચાંદુરકરે શુક્રવારે જણાવ્યું હતું કે 'આ નિયમો બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. આ બાબતે મેં વિસ્તૃત વિચારણા કરી છે. આ નિયમો ભારતના બંધારણની કલમ ૧૪ (સમાનતાનો અધિકાર), ૧૯ (વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા) અને ૧૯ (૧) (જી) (સ્વતંત્રતા અને વ્યવસાયનો અધિકાર)નું ઉલ્લંઘન કરે છે.'

તેમણે ઉમેર્યું હતું કે, નિયમોમાં ''બનાવટી, ખોટું અને ગેરમાર્ગે દોરનારું'' શબ્દપ્રયોગ કોઈ પણ વ્યાખ્યાની ગેરહાજરીમાં 'અસ્પષ્ટ અને તેથી ખોટો' હતો. આ ચૂકાદા સાથે હાઇકોર્ટે સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરા અને અન્યો દ્વારા નવા નિયમોને પડકારતી અરજીઓને મંજૂરી આપી હતી, જેમાં સરકાર વિશે બનાવટી કે સત્યથી વેગળી સામગ્રીની ઓળખ કરવા માટે ફેક્ટ ચેકિંગ યુનિટ (એફસીયુ) સ્થાપવાની જોગવાઇનો સમાવેશ થાય છે.

ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠે જાન્યુઆરીમાં વિભાજીત (તરફેણ અને વિરુદ્ધ) ચુકાદો આપ્યા બાદ આઇટી નિયમો સામેની અરજીઓ જસ્ટિસ ચાંદુરકરને મોકલવામાં આવી હતી. ન્યાયમૂર્તિ પટેલે આ નિયમોને ફગાવી દીધા હતા તો ન્યાયમૂર્તિ ગોખલેએ તેને માન્ય રાખ્યા હતા. ન્યાયમૂર્તિ પટેલે કહ્યું હતું કે આ નિયમો સેન્સરશિપ (જુઓ પાનું ૪)

# એસઆરએ બિલ્ડિંગ એટલે વર્ટિકલ ઝૂંપડપટ્ટીઃ હાઈ કોર્ટ

## એસઆરએ બિલ્ડિંગના નબળા બાંધકામ સંબંધે અદાલતને ચિંતા

મુંબઈઃ મુંબઈ શહેરમાં ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ (સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી-એસઆરએ) તરીકે જે ઈમારતોનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે એ બાંધકામ નબળું હોવા અંગે બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે ચિંતા વ્યક્ત કરી આ બાંધકામ 'વર્ટિકલ સ્લમ' - ઊભી ઝૂંપડપટ્ટી છે એવો કટાક્ષ કર્યો હતો. ન્યાયમૂર્તિ જી એસ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ સોમશેખર સુંદરેસનની ખંડપીઠે જણાવ્યું હતું કે આ ઈમારતો વચ્ચેની જગ્યા ખૂબ જ સાંકડી હોવાથી હવા ઉજાસ ઘરમાં નથી પહોંચી શકતાં.

અદાલતે જણાવ્યું હતું કે 'આ ઊભી ઝૂંપડપટ્ટીઓ અમને યોગ્ય નથી લાગતી. બાંધવામાં આવેલી ઇમારતો વચ્ચે બહુ જગ્યા નથી હોતી. હવાઉજાસના આવનજાવન માટે કોઈ જગ્યા જ નથી. બે ઈમારત વચ્ચે પણ સાંકડમોકડ જોવા મળે છે. આવા બાંધકામને કારણે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ ઊભી થશે. આના કરતાં તો અતિક્રમણ કરીને એ લોકો (ઝૂંપડપટ્ટીવાસીઓ) રહે એ એમના હિતમાં છે.' ખંડપીઠે (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



**નૌકાદળની આન, બાન, શાન :** નૌકાદળની વેસ્ટર્ન ફ્લીટમાં સ્વદેશી વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંત જોડાયું છે. ભારતીય નૌકાદળના સ્વોર્ડ આર્મની દરિયાઈ શક્તિ નોંધપાત્ર રીતે વધશે. આ સાથે જ દેશના પશ્ચિમ કિનારાની બે વિમાનવાહક જહાજો આઈએનએસ વિક્રમાદિત્ય અને આઈએનએસ વિક્રાંત રક્ષા કરી રહ્યા છે. (એજન્સી)

## કોસ્ટલ રોડ પર પહેલો જીવલેણ અકસ્માત

# હીરાના વેપારીની બીએમડબ્લ્યુ કારે કામદારને ઉડાવી દીધો



અકસ્માતગ્રસ્ત બીએમડબ્લ્યુ.

મુંબઈઃ મધ્ય મુંબઈના વરલીમાં કોસ્ટલ રોડ પર સોમવારે જીવલેણ અકસ્માતની પહેલી ઘટના બની હતી, જેમાં હીરાવેપારીએ બીએમડબ્લ્યુ કાર હંકારીને કામગારને અડફેટમાં લેતાં તેનું મૃત્યુ થયું હતું. વરલી પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને હીરાવેપારીની ધરપકડ કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે અકસ્માતમાં મૃત્યુ પામેલા કામગારની ઓળખ કાશ્મીર મિસા સિંહ તરીકે થઇ હતી, જે ઘટનાસ્થળે વાયરમેન તરીકે કામ કરતો હતો. તેના સાથી પિંટુકુમાર ઠાકુરની ફરિયાદને આધારે પોલીસે હીરાવેપારી રાહિલ હિમાંશુ મહેતા (૪૫)ની ધરપકડ કરી હતી. મલબાર હિલસ્થિત નારાયણ દાભોળકર માર્ગ પર આવેલી ઇમારતમાં રહેનારા રાહિલ મહેતાના મંગળવારે જામીન મંજૂર કરાયા (જુઓ પાનું ૪)




# અનામત તો કોઇ 'માઈનો લાલ' બંધ નહીં કરી શકેઃ એકનાથ શિંદે

મુંબઈઃ છેલ્લા અનેક દિવસથી મહારાષ્ટ્ર સહિત દેશમાં કોંગ્રેસ સાંસદ અને લોકસભાના વિરોધી પક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકામાં આરક્ષણ બાબતે કરેલા વિધાનને કારણે રાજકીય વાતાવરણ ગરમાયું છે. તેના પર ફરી એક વાર મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વર્ધામાં બોલતાં રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર નિશાન તાક્યું છે. રિઝર્વેશન તો કોઇ માઈનો લાલ અનામત બંધ કરી શકે એમ નથી, એવો સણસણતો જવાબ તેમણે કોંગ્રેસને વાળ્યો હતો. એકનાથ શિંદેએ વર્ધામાં એક કાર્યક્રમ દરમિયાન હાજર મેદની સાથે સંવાદ સાધીને કોંગ્રેસ અને રાહુલ ગાંધીની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે એક બાજુ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આખા દેશનું સન્માન વધારી રહ્યા છે, જ્યારે આપણા જ દેશના અમુક લોકો વિદેશમાં જઇને આપણા દેશને બદનામ કરવાનો કારસો કરી રહ્યા છે. આરક્ષણને રદ કરવાની ભાષા વાપરે છે. જે આરક્ષણ અને બંધારણ ડો. બાબાસાહેબ આંબેડકરે આપ્યાં છે તેને રોકવા કે પછી ખતમ કરવી નાખવાનો અધિકાર કોઇનો નથી. જ્યાં સુધી નરેન્દ્ર મોદી છે ત્યાં સુધી કોઈ માયનો લાલ નથી કે આરક્ષણ ગરીબો પાસેથી છીનવી શકે. અમુક લોકો એવું પણ કહે છે કે ૩૭૦ની કલમ ફરી લાવવામાં આવશે, એવું કહીને તેમણે જણાવ્યું હતું કે શું તમારે આતંકવાદ ફરીથી લાવવો છે? ૩૭૦ની કલમ હટાવ્યા બાદ કાશ્મીરનો વિકાસ થઇ રહ્યો છે. પાકિસ્તાનની ભાષા બોલનારા આ લોકોએ કાશ્મીરનો વિકાસ રોકવો છે કે શું? એવો સવાલ તેમણે આ સમયે કર્યો હતો. ■

# અમિત શાહની હાજરીમાં મંગળવારે મહાયુતિની બેઠક વહેંચણીનો ફેંસલો

મુંબઈઃ રાજ્યમાં સત્તાધારી મહાયુતિમાં વિધાનસભાની બેઠકની વહેંચણીની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે એવું કહેવાય છે કે ૨૪મી સપ્ટેમ્બરે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની મહારાષ્ટ્રની મુલાકાત ઘણી બધી ચર્ચા પર પૂર્ણવિરામ મૂકી શકે એમ છે. ૨૪મીએ છત્રપતિ સંભાજીનગરમાં અમિત શાહે મહત્ત્વની બેઠક બોલાવી છે અને સૂત્રોનું માનીએ તો એ દિવસે બેઠક વહેંચણીની અંતિમ ફોર્મ્યુલા નક્કી થશે.

અમિત શાહ ૨૪મી અને ૨૫મી સપ્ટેમ્બરે નાગપુર, છત્રપતિ સંભાજીનગર, નાશિક અને કોલ્હાપુર શહેરમાં ભાજપના નેતાઓ સાથે ચૂંટણીની તૈયારી અંગેની સમીક્ષા કરવાના છે. મરાઠવાડામાં ભાજપના નેતાઓ સાથે ૨૪મી સપ્ટેમ્બરે સાંજે ૬ વાગ્યે છત્રપતિ સંભાજીનગર ખાતે ચર્ચા બેઠકની ફોર્મ્યુલા નક્કી કરવામાં આવશે.

તેઓ એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર તેમ જ તેઓના પક્ષના અગ્રણી નેતાઓ સાથે પણ એ જ દિવસે રાતે ચર્ચા (જુઓ પાનું ૪)

**પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે**
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
આરંભઃ ઈ.સ. ૧૮૧૪ ▪ વર્ષઃ ૨૧૧
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર
▪ વિક્રમ સંવત ૨૦૮૧-૮૨
▪ શાલિવાહન શક સંવત ૧૯૪૬-૪૭
▪ ઈ.સ. તા. ૦૨-૧૧-૨૦૨૪ થી તા. ૧૯-૦૩-૨૦૨૬
કિંમતઃ ₹ ૧૦૦/-

સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર ૩૫૨ પૃષ્ઠનો દળદાર અંક
માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
મુંબઈ સમાચાર
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

# માતાએ મોબાઈલ ન આપ્યો તો દીકરીએ ગળાફાંસો ખાધો

મુંબઈઃ માતાએ મોબાઇલ વાપરવા ન આપતાં ૧૯ વર્ષની પુત્રીએ ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હોવાની ઘટના ડોંબિવલીના દેસલેપાડામાં ગુરુવારે રાતના બની હતી. માનપાડા પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરી તપાસ આદરી હતી.

મૃતકની ઓળખ સંજના ઝોરે તરીકે થઇ હોઇ તે દેસલેપાડા વિસ્તારમાંની સોસાયટીમાં રહેતી હતી. સંજનાની માતા હેમાંગી ઝોરે નોકરી કરે છે. હેમાંગી તેની પુત્રીને મોબાઇલમાં સમય વેડફવાને બદલે અભ્યાસ કરવાનું વારંવાર કહેતી હતી.

ગુરુવારે રાતે માતા-પુત્રી ઘરે હતી ત્યારે સંજનાએ માતા પાસે મોબાઇલ માગ્યો હતો. માતાએ તેને મોબાઇલ આપ્યો નહોતો અને અભ્યાસ કરવાનું કહ્યું હતું. આથી સંજનાને ગુસ્સો આવ્યો હતો અને તેણે રૂમમાં જઇને અંદરથી (જુઓ પાનું ૪)




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**